| ૯ | માતાનો વ્યવસાય : | હાઉસ વાઈફ |
| ૧૦ | વતનનું સરનામું : | પારધ ખુર્દ,તા.ભોકરદન,જિ.જાલના |
| ૧૧ | સુરતમાં કેટલા સમયથી રહે છે : | ૨૩ વર્ષથી |
| ૧૨ | છેલ્લી સ્કુલનું નામ : | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક : ૨૨૩<br>માધવરાવ સદાશીવરાવ ગોલવકર,સાંઈબાબા નગર,પાંડેસરા,સુરત |
| ૧૩ | કુટુંબની વિગત : | ૧– છોકરો, ૨– છોકરી |
| ૧૪ | વર્ણન : | કુટુંબની આર્થિક સ્થિતી નબળી હોવાં જતાં તેમના માતા–પિતા વિદ્યાર્થીના ભણતર પર ધ્યાન આપતાં તેમજ શાળાના સતત સંપર્કમાં રહી વિદ્યાર્થીને વધુ શિક્ષણ માટે પ્રોત્સાહન પુરુ પાડતાં હતા. |
| ૧૫ | બોર્ડમાં મેળવેલ કુલ ગુણ : | 569 |
| ૧૬ | બોર્ડમાં મેળવેલ ગ્રેડ : | A1 |
| ૧૭ | બોર્ડમાં મેળવેલ ટકા : | 94.83 |
| ૧૮ | શાળામાં વિદ્યાર્થીનો ક્રમ : | 1 |

# પ્રેસનોટ

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરી તેની પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૩૧/૦૫/૨૦૧૯ ને શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા સુરત મુકામે આયોજન કરવામાં આવેલ છે જેમાં શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદાર / પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## **ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૧(નાણાવટ), નોંધ નં.૧૬૫૧/૧ અને ૧૬૫૧/૨ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૨/૦૫/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત ૧૬૫૧/૧ વાળી મિલ્કતમાં પાંચમા માળનું શટરીંગ આશરે ૫૦૦ ચો.ફુટ તથા ૧૬૫૧/૨ વાળી મિલ્કતમાં છઠ્ઠો માળ (પાર્ટ)નું શટરીંગ આશરે ૪૫૦ ચો.ફુટ એમ મળી કુલ ૯૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં બાંધકામ દુર કરવામાં આવેલ છે. વોર્ડ નં.૧૧,નોંધ નં.૧૬૫૧/૨ વાળી મિલ્કતમાં ડીમોલીશન પેટે રૂા.૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

**<u>બિસ્માર/જર્જરીત મિલકત ઉતારી પાડયાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી(ઉ.) ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં **મોજે.ઉધના,ઉધના ઉધોગનગર સહકારી સંઘ લી.**, **પ્લોટ નં. એ/૬/૧, ગણેશ ભવન, રોડ નં. ૦૫, સેન્ટ્રલ રોડ, ઉધના ઉધોગનગર સહકારી સંઘ લી., ઉધના, સુરતવાળી** મિલકતના મિલકતદાર ધ્વારા એસ.વી.એન.આઈ.ટી. સુરત ધ્વારા સદરહું મિલકત બાબત આપવામાં આવેલ વિઝયુઅલ ઈન્સ્પેકશન એન્ડ કંડીશન એસેસમેન્ટ રીપોર્ટ અત્રે રજૂ કરતા સદરહું મિલકતના મિલકતદારો/કબ્જેદારોને અત્રેથી ધી.બી.પી.એમ.સી.એકટની કલમ–૨૬૪ મુજબની મકાન પડવા સરખાની નોટીસ તથા ધી.બી.પી.એમ.સી.એકટની કલમ–૨૬૮ મુજબ વસવાટ ખાલી કરવા હુકમ કરવામાં આવેલ છે. જેનો અમલ મિલકતદારો/કબ્જેદારો ધ્વારા કરવામાં ન આવતા જાહેર હિતમાં અત્રેથી આજરોજ તા.૨૧/૦૫/૨૦૧૯ થી પોલીસ બંદોબસ્તની માંગણી પોલીસ સ્ટાફની મદદથી વસવાટ ખાલી કરાવી સદરહું ભોંયતળીયા તથા બે માળની બિસ્માર/જર્જરીત મિલકત અત્રેથી ઉતારી પાડવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૩(સલાબતપુરા), નોંધ નં.૮૯૭ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૨/૦૫/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠો માળ મળી કુલ્લે ૮૦૦ ચો.ફુટ ગર્ડર ચેનલ વાળો સ્લેબનું બાંધકામ દુર કરવામાં આવેલ છે મિલ્કતમાં ડીમોલીશન પેટે રૂા.૧,૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

**પ્રેસ નોટ**

તા.૨૪/૦૫/૨૦૧૯ થી તા.૦૨/૦૬/૨૦૧૯ ના સાયન્સ સેન્ટર સુરત આર્ટ ગેલેરીનાં પ્રથમ માળ પર એસ્ટ્રોફોટોગ્રાફી પ્રદર્શન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં એસ્ટ્રોનોમી વિષય અંતરગત આકાશગંગા, સૂર્યમંડળના સભ્યો (સૂર્ય,ચંદ્ર,ગ્રહો), તારાસહ રાત્રિઆકાશ, સ્ટારટ્રેલ વિગેરેના ફોટોગ્રાફ પ્રદર્શિત કરવામાં આવશે.સદર પ્રદર્શનમાં ગુજરાત રાજયનાં ૩૮ ફોટોગ્રાફર દ્વારા એસ્ટ્રોનોમી વિષય ઉપર આધારિત ફોટોગ્રાફસ પ્રદશિત કરવામાં આવેલ છે. સદર પ્રદર્શન શહેરીજનો નીચે દર્શાવેલ તારીખ અને સમય મુજબ વિના મૂલ્યે નિહાળી શકશે.

પ્રદર્શનની તારીખ અને સમય

તા. ૨૪ તથા ૨૮ થી ૩૧મે ૨૦૧૯ ના રોજ સવારે ૯:૩૦ થી ૪:૩૦

તા. ૨૫,૨૬ મે તથા ૧ ,૨ જુન ૨૦૧૯ ના રોજ સવારે ૧૧:૩૦ થી સાંજે ૦૬:૩૦ સુધી

તા. ૨૭ મે ૨૦૧૯ ના રોજ સાયન્સ સેન્ટર બંધ રહેશે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

તક્ષશિલા એપાર્ટમેન્ટ,સરથાણા જકાતનાકા, વરાછા ખાતે આજરોજ બનેલ આગના અકસ્માત સંદર્ભે સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગને મળેલ માહિતી મુજબ તાકીદે ૧૭ ફાયર બ્રિગ્રેડની ટીમ બચાવના પુરતા સાધન–સામગ્રી સહિત ઘટના સ્થળે પહોંચી ગયેલ છે અને ઘટના સ્થળે બચાવની કામગીરી ચાલી રહેલ છે ઘટના સ્થળે ચીફ ફાયર ઓફિસર શ્રી બસંતકુમાર પરીખ તથા ડે.કમિશનર શ્રી એન.વી.ઉપાધ્યાય બચાવ અંગેની કામગીરી માટે માગદર્શન આપી રહયા છે

વધુમાં માન.મેયર ડાં.જગદીશ પટેલ તથા અન્ય પદાધિકારીઓ પણ ઘટના સ્થળે જવા રવાના થઈ ગયેલ છે.

## —:: પ્રેસનોટ ::—

તા. ૨૪/૦૫/૨૦૧૯નાં રોજ બપોરે ૦૪—૦૩ કલાકે જાહેર જનતા માંથી સરથાણા નેચરપાર્કની બાજુમાં તક્ષશીલા આર્કેડમાં બીજા માળે શોર્ટ સર્કીટથી આગ લાગ્યાનો કોલ ફાયર કંટ્રોલરૂમને કરવામાં આવેલ.

જેથી તાકીદે ફાયર કંટ્રોલરૂમ ધ્વારા બપોરે ૦૪—૦૩ કલાકે ઘટનાં સ્થળ નજીકનાં કાપોદ્રા ફા. સ્ટે. અને મોટાવરાછા ફાયર સ્ટેશનને ઘટના સ્થળે રવાના કરવામાં આવેલ.

કાપોદ્રા ફા. સ્ટે. અને મોટાવરાછા ફાયર સ્ટેશન ખાતેથી અધિકારી, ફાયર ક્રુ અને ફાયરનાં વાહનો જેવા કે ફાયર એન્જીન, વોટર ટેંકર અને માન વોટર બાઉઝર તેમજ ઈમરજન્સી રેસ્કયુ વ્હીકલ વિગેરે લઈ ઘટનાં સ્થળે પહોચીને આગ ઓલવવાની અને બચાવની કામગીરી ચાલુ કરેલ વધુમાં આગની પરિસ્થિતિ ગંભીર હોય જે અંગે ઉચ્ચ અધિકારીશ્રીઓનાં જાણમાં મુકેલ.

ફાયર કંટ્રોલરૂમ ધ્વારા પણ સદર ફાયર કોલની ગંભીરતા પારખીને તરતજ ફાયરખાતાનાં અધિકારી તેમજ મહાનગરપાલિકાનાં પદાધિકારીશ્રીઓને આ બાબતની જાણ કરવામાં આવેલ અને તાકીદે સમય સુચકતા વાપરી ફાયર વિભાગનો બ્રિગેડ કોલ જાહેર કરી, કતારગામ, ઘાંચીશેરી, નવસારી બજાર, માનદરવાજા, ડુંભાલ અડાજણ અને પાલનપોર ફાયર સ્ટેશન ખાતેથી જરૂરી ફાયર એન્જીન, વોટર ટેંકર, બાઉઝર, હાઈડ્રોલિક પ્લેટફોર્મ, ઈમરજન્સી રેસ્કયુ વ્હીકલ વિગેરે લઈ ઘટના સ્થળે પહોચવા આદેશ કરતા તાકીદે તમામ વાહનો ઘટના સ્થળે પહોચીને ફાયર ફાઈટીંગ અને બચાવની કામગીરી કરેલ.

સદર તક્ષશીલા એપાર્ટમેન્ટનાં ગ્રાઉન્ડ ફલોર ખાતે આવેલ પ્લાયવૂડની દુકાનમાં આગ દરમ્યાન ફસાયેલ ૦૪ વ્યકિતઓને આગ માંથી સહી સલામત બહાર કાઢેલ.

સદર તક્ષશીલા બીલ્ડીગમાં શોર્ટ સર્કીટથી લાગેલ આગનાં કારણે આગ ઉપરનાં માળે પ્રસરેલ હોય. જેથી ટયુશન કલાસનાં બાળકો ત્રીજામાળની ઉપર આવેલ ચોથા માળે બનાવવામાં આવેલ ડોમમાં બાળકો હતા જે ડોમમાં આગ તેમજ ધુમાડો પ્રવેશી ગયેલ અને પુરતું વેન્ટીલેશન ન હોય , ધુમાડાને બહાર નીકળવાનો માર્ગ નહી મળતા સદર ડોમમાં ફસાયેલ બાળકો ગુગળાયેલ અને દાઝી ગયેલ. જે બાળકોને ઉપરોકત ડોમ માંથી શોધખોળ કરીને ફાયર વિભાગની ટીમોએ બહાર કાઢીને તાકીદે એમ્બ્યુલન્સ મારફત નજીકની હોસ્પિટલો ખાતે રવાના કરેલ.

આમ સતત અને એકધારી આગ ઓલવવાની અને બચાવની કામગીરી પુર્ણ કરી ફાયર વિભાગની ટીમો પરત થયેલ.

ઉપરોકત માહીતી જાહેર જનતાને મળે અને તેઓ પોતાની અને બાળકોની સલામતી માટે જેતે શૈક્ષણિક સંસ્થાનો જેવા જાહેર / ખાનગી સ્થળો ખાતેની પુરતી ફાયર સેફટીની સુવિધાઓની ચકાસણી કરી પોતાનાં બાળકોની સલામતી અર્થે જેતે સંસ્થાઓ ધ્વારા સમાયાંતરે ફાયર સેફટીને લાગત લેવામાં આવતા પગલા થી માહીતગાર થાય તે અર્થે આ પ્રેસનોટ આપવામાં આવેલ છે

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.......................
તા.૨૫ / ૦૫ / ૨૦૧૯

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

તક્ષશિલા એપાર્ટમેન્ટ,સરથાણા જકાતનાકા, વરાછા ખાતે બનેલ આગના અકસ્માત સંદર્ભે સુરત મહાનગરપાલિકા કમિશનરશ્રીએ તાત્કાલિક ધોરણે ડે.ચીફ ફાયર ઓફિસર શ્રી એસ.કે.આચાર્ય અને ફાયર ઓફિસર શ્રી કીર્તિ મોઢને ફરજ મોકુફી હેઠળ મુકવાનો આદેશ કરેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૮૪,
તા.૨૫/૦૫/૨૦૧૯

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

આજરોજ માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસનની સુચના મુજબ સુરત શહેરમાં ફાયર સેફટી વિના ચાલતા ટયુશન કલાસ/કોચીંગ કલાસનો સર્વે કરી તાકીદે નોટીસ આપવા જણાવેલ જે અનુસાર કતારગામ ઝોનમાં–૬૩ ,અઠવા ઝોનમાં–૯૩ ,રાંદેર ઝોનમાં–૯૫ ,સેન્ટ્રલ ઝોનમાં–૧૧૨,લિંબાયત ઝોનમાં–૧૫૧ ,વરાછા ઝોન–એમાં–૧૦૫ , વરાછા ઝોન–બીમાં –૧૨૪ તથા ઉધના ઝોનમાં–૧૨૩ કલાસીસને નોટીસ આપી તાકીદે ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરાવવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરતમાં વરાછા વિસ્તારમાં આવેલ તક્ષશિલા એપાર્ટમેન્ટમાં તા.૨૪/૦૫/૨૦૧૯ ના રોજ બનેલ આગની દુર્ઘટનામાં સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગની ગાડીઓ તથા સ્ટાફ વિલંબથી ઘટના સ્થળે પહોંચ્યો હોવાના અહેવાલ મીડીયામાં પ્રસારીત કરવામાં આવેલ છે. જે અંગે હકીકત એ છે કે કાપોદ્રા ફાયર સ્ટેશનને સાંજે ૦૪:૦૩ કલાકે ઉપરોકત ઘટનાનો કોલ મળેલ હતો પરંતુ તે પહેલા જ બિલ્ડીંગમાંથી ધુમાડો નીકળ્યો હોવાનું જાણ થતા ફાયર ફાઈટર ઘટના સ્થળે જવા રવાના થઈ ગયેલ હતા તાત્કાલિક બચાવ અને રાહતની કામગીરી શ હતા રૂ કરવામાં આવેલ હતી,ત્યારબાદ તુરત જે ફાયર વિભાગના વડા ડે.મ્યુ.કમિશનર શ્રી એન.વી.ઉપાધ્યાય,એડીશનલ ચીફ ફાયર ઓફિસર શ્રી બસંત પરીખ તથા વરાછાઝોનના ઝોનલ ચીફ અને કાર્યપાલક ઈજનેરશ્રી પણ ઘટના સ્થળે હાજર થઈ ગયા હતા.ફાયર બ્રિગ્રેડની કુલ–૧૭ ટીમ ધ્વારા પૂરતી સાધન–સામગ્રી સહીત કામગીરી કરવામાં આવેલ હતી.ઉપરોકત બાબત કાપોદ્રા ફાયર સ્ટેશનના દફતરે પણ નોંધાયેલ છે અને ફાયર ફાઈટર ઘટના સ્થળે રવાના થઈ હોવાના સી.સી.ટીવી ફુટેજ પણ મળેલ છે. આમ સુ.મ.પા.ના ફાયર વિભાગ ધ્વારા કોઈ પણ પ્રકારનો વિલંબ કરવામાં આવેલ નથી.

## –:: પ્રેસનોટ ::–

માન. કમિશ્નરશ્રીના આદેશાનુસાર તથા માન. ડેપ્યુટી કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારના જે તે ઝોનમાં આવેલ જે તે મિલ્કતોના ટેરેસ લેવલે થયેલ ડોમ પ્રકારના બિનઅધિકૃત બાંધકામ તા.૨૬/૦૫/૨૦૧૯ના રોજ દુર કરવામાં આવેલ છે. જે અંગેની ઝોન વાઈઝ વિગતો નીચે મુજબ છે.

| અનુ. નં. | ઝોન | બિલ્ડીંગની સંખ્યા | ડોમ પ્રકારના બાંધકામનું અંદાજીત ક્ષેત્રફળ (ચો. ફુટ) |
|---|---|---|---|
| ૧ | સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન | ૧ | ૬૫૦૦ |
| ૨ | વેસ્ટ (રાંદેર) ઝોન | ૩ | ૬૪૦૦ |
| ૩ | નોર્થ (કતારગામ) ઝોન | ૩ | ૯૯૦૦ |
| ૪ | ઈસ્ટ (વરાછા) ઝોન–એ | ૩ | ૨૯૬૦ |
| ૫ | ઈસ્ટ (વરાછા) ઝોન–બી | ૧ | ૩૦૮૦ |
| ૬ | સાઉથ–ઈસ્ટ (લિંબાયત) ઝોન | ૪ | ૧૩૪૫૦ |
| ૭ | સાઉથ (ઉધના) ઝોન | – | – |
| ૮ | સેન્ટ્રલ ઝોન | ૧ | ૫૦૦ |
| | કુલ :– | ૧૬ | ૪૨૭૯૦ |

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં હાલમાં ગેરકાયદેસર ડોમ / સ્ટ્રકચર તોડવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. આ કામગીરી વધુ અસરકારક અને સઘનરીતે થઈ શકે તે હેતુસર આજરોજ મા.મ્યુનિ.કમિશનરશ્રીએ નીચે મુજબ બદલીના હુકમ કરવામાં આવેલ છે.

| Sr. No. | Name of Employee / Emp. No. / Designation | Present Zone | Transferred Deptt. / Zone |
|---|---|---|---|
| 1. | Shri A. B. Bhagat - 37096 - Asstt.Engineer (Civil) | East Zone (Varachha) | North Zone in place of Shri A. H. Shah |
| 2. | Shri A. H. Shah - 37079 -Asstt.Engineer(Civil) | North Zone | East Zone (Varachha) in place of Shri A. B. Bhagat |
| 3. | Shri J. D. Topiwala - 10567 - Jr.Engineer (Civil) | East Zone (Varachha) | South Zone in place of Shri S. S. Patel |
| 4. | Shri S. S. Patel - 40690 - Jr. Engineer (Civil) | South Zone | East Zone (Varachha) in place of Shri J. D. Topiwala |
| 5. | Shri N. R. Patel - 35267 - Jr.Engineer (Civil) | East Zone (Varachha) | Town Planning Deptt. in place of Shri G. D. Goswami |
| 6. | Shri G. D. Goswami - 10800 - Jr.Engineer (Civil) | Town Planning Deptt. | East Zone (Varachha) in place of Shri N. R. Patel |
| 7. | Shri U. M. Patel - 10871 - Jr.Engineer (Civil) | New East Zone (Sarthana) | Hydraulic Deptt. in place of Shri V. G. Patel |
| 8. | Shri V. G. Patel - 11843 - Jr.Engineer (Civil) | Hydraulic Deptt. | New East Zone (Sarthana) in place of Shri U. M. Patel |
| 9. | Shri R. H. Thakur - 11135 - Jr.Engineer (Civil) | New East Zone (Sarthana) | South East Zone in place of Shri M. H. Patel |
| 10. | Shri M. H. Patel - 19823 - Jr.Engineer (Civil) | South East Zone | New East Zone (Sarthana) in place of Shri R. H. Thakur |
| 11. | Shri B. M. Shah - 12069 - Jr.Engineer (Civil) | New East Zone (Sarthana) | Central Zone in place of Shri R. J. Jhaveri |
| 12. | Shri R. J. Jhaveri - 34060 - Jr.Engineer (Civil) | Central Zone | New East Zone (Sarthana) in place of Shri B. M. Shah |

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં સાઉથ ઝોન ખાતે ડે.ઈજનેર(સીવીલ) તરીકે ફરજ બજાવતા શ્રી વિનુભાઈ કે. પરમારને તેઓની અગાઉની ઈસ્ટ ઝોન ખાતેની ફરજ દરમ્યાન ડ્રાફ્ટ ટી.પી. નં.૨૨ (સરથાણા–વાલક) એફ.પી. નં.૧ માં આવેલ તક્ષશિલા આર્કેડ, સરથાણા વરાછા રોડ, સુરતવાળી મિલ્કતની સી.ઓ.આર. અને ઈમ્પેકટ ફીની મંજુરીમાં વિસંગતતા માલુમ પડેલ હોય, તાત્કાલિક અસરથી સુરત મહાનગરપાલિકાની સેવામાંથી ફરજ મૌકુફી હેઠળ મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

# પેસનોટ

## સુરત મહાનગરપાલિકા

તાજતરના સવ અનુસાર સુરત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતુ શહર છે. આગ સલામતી અને સાવચેતી એ શહરમાં પૂરા પાડવાની એક મહત્વપૂણ સેવા છે. આ શહરની આગ સલામતીની આવશ્યકતાઓ અને આવશ્યકતાઓનો અભ્યાસ કરવા સમિતિની રચના કરવામાં આવેલ છે, જ સુરત શહરની આગ સલામતીની જરૂરયાતો અને જરૂરયાતનો અભ્યાસ કરવા માટ રચાય છે. આ સમિતિમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે.

1. શ્રી ઓમ પ્રકાશ ભગત ભૂતપૂવ ફાયર સલાહકાર, સરકાર. ભારત, ગૃહ મંત્રાલય,
2. શ્રી નરન્દ્ર જ પાલ પાલ. સહાયક ઉપપ્રમુખ (ફાયર સવિસીઝ) ારલાયન્સ ઈન્ડસ્ટ્રાઝ ાલ.
3. શ્રી આખલેશ સાધંકર ડા. નિયામક (સલાહકાર),

નેશનલ ફાયર સવિસ કૉલેજ, નાગપુર

4. શ્રી બી.ક.પરાક એડાએલ. ચીફ ફાયર ઓફસર (સભ્ય સાચવ)

એસએમસી સુરત ફાયર અને કટોકટા સેવાઓ

5. એમએસ હન્સા પટલ એક્ઝક્યુટવ એડ્વાઇઝર

ઑલ ઇાન્ડયા ઇાન્સ્ટટ્યુટ ઑફ લોકલ સેલ્ફ ગવમન્ટ

આ સભ્યો નીચે મુજબના મુદ્રાઓ અન્વયે કામગીરી કરશે.

• માનવશાક્તની ઉપલબ્ધતા અને શહરની જરૂરયાતને ધ્યાનમાં રાખીને તેની કટોકટા, તેની જાટલતાઓ અને અપોક્ષત જોખમો,

• સુરત શહર અને તેના આસપાસના અદાજત જોખમને ધ્યાનમાં રાખીને જીવન સલામતીની માંગને પહાચી વળવા માટ ઉપલબ્ધ સાધનો અને ઉપકરણો.

• આધુનિક શહરની અનેક પડકારો ધરાવતી ફાયર સવિસ માંગને પહાચી વળવા ફાયર ફાયર ઇન્ફ્રાસ્ટ્રક્ચર.

• સુરત શહરમાં જીવન સલામતીનું સંચાલન કરવા માટ ફાયર સવિસીઝ પર પ્રચાલત પ્રયાસો.

• આધુનિક ફાયર સવિસ માટ અપોક્ષત અન્ય કોઈ તફાવત.

• રાષ્ટ્રાય અને આતરરાષ્ટ્રાય સ્તર ફાયર અને કટોકટા સેવાઓના શ્રેષ્ઠ પ્રયાસો.

સમિતિ એક માહનાની અદર હસ્તાક્ષર કયા મુજબ અહવાલ રજૂ કરશે.

# પ્રેસ નોટ

## તક્ષશિલા આર્કેડમાં લાગેલ આગના બનાવ બાદ સુરત મહાનગરપાલિકાનાં ધ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગત

- ૨૬/૦૫/૨૦૧૯નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ તેમજ વિવિધ ઝોન, વોચ એન્ડ વોર્ડ વિભાગની તમામ કુલ–૧૩ ટીમ જેમાં ફાયરખાતાનાં ૧૮ અધિકારી ૬૭ કર્મચારી, વોચ એન્ડ વોર્ડનાં ૧૫ કર્મચારી તેમજ વિવિધ ઝોનનાં ૫૧ કર્મચારી મળી કુલ ૧૫૧ અધિકારી/ કર્મચારી ધ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

- વધુમાં ૨૬/૦૫/૨૦૧૯નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ તેમજ વિવિધ ઝોન, વોચ એન્ડ વોર્ડ વિભાગની તમામ કુલ–૧૩ ટીમ ધ્વારા ફાયર સેફ્ટી નહી ધરાવતી ૫૦ પૈકી ૨૭ મિલ્કતોમાં સીલ મારવામાં આવેલ છે.
- પનવેલ પોઈન્ટ વરાછા ખાતે ૫૫ દુકાનો તેમજ ૭ ક્લાસીસ ને સીલ કરવામાં આવેલ છે.
- સ્કાયઝોન બીઝનેસ હબ, વરાછા રોડ, ખાતે ૧૫૦ દુકાનોને સીલ કરવામાં આવેલ છે.
- ન્યુ ઓપેરા હાઉસ બમરોલી પાંડેસરા, ખાતે ૭૮ દુકાનો ને સીલ કરવામાં આવેલ છે.
- રોયલ સ્કવેર ઉનમાં ૨ દુકાન, ૨ હોસ્પિટલ સીલ કરેલ છે.
- સ્વામીનારાયણ કોમ્પ્લેક્ષ, મજુરા ખાતે ૭૦ દુકાનો તેમજ ૨ રેસ્ટોરન્ટ સીલ કરવામાં આવેલ છે.

- સીલ્વર પોઈન્ટ કોમ્પ્લેક્ષ, ભટાર ખાતે ૧૭૩ દુકાન, ૧૭ કલાસીસ, ૪ હોસ્પિટલ, ૩ કલીનીક સીલ કરેલ છે.
- અરિહંત મોલ વેસુ,ખાતે ૧ દુકાન સીલ કરવામાં આવેલ છે.
- જોલી કોમ્પ્લેક્ષ વેસુ ખાતે ૬૩ દુકાનો સીલ કરવામાં આવેલ છે.
- વિરભદ્ર, ડુમસ રોડ ખાતે ૨ દુકાન, ૩ હોસ્પિટલ, ૧ કલાસીસ સીલ કરેલ છે.
- વિનાયક આર્કેડ, વરાછા ખાતે ૮૫ દુકાન, ૪ કલાસીસ સીલ કરેલ છે.
- એપલ સ્કવેર વરાછા ખાતે, ૧૬૦ દુકાન સીલ કરેલ છે.
- તુલસી આર્કેડ, વરાછા ખાતે ૨૬૨ દુકાન, ૪ કલાસીસ ને સીલ કરેલ છે.
- પ્લેટેનીયલ પ્લાઝા, વરાછા ખાતે ૩૨ દુકાન, ૪ કલાસીસ સીલ કરેલ છે.
- આ કામગીરી ફાયરખાતાનાં ૧૮ અધિકારી ૬૭ કર્મચારી, વોચ એન્ડ વોર્ડનાં ૧૫ કર્મચારી તેમજ વિવિધ ઝોનનાં ૫૧ કર્મચારી મળી કુલ ૧૫૧ અધિકારી/ કર્મચારી ધ્વારા કરવામાં આવેલ છે.
- આજ રોજ રાત્રી દરમ્યાન ફાયર સેફટી નહી ધરાવતી બાકી બચેલ મિલ્કતોને સીલ મારવાની કામગીરી ચાલુ રાખવામાં આવનાર છે.
- આ સિવાય બેઝમેન્ટમાં ચાલતી ૦૬ કોચીગ કલાસીસને સીલ મારવામાં આવેલ છે.
- સુરત શહેરની ૪૯૯ ટયુશન કલાસમાં સર્વે કરવામાં આવેલ અને કુલ ૧૫૯ કલાસને નોટીશ આપવામાં આવેલ છે.
- આજ સવારથી મનપા ધ્વારા ટેરેસ ઉપર બનાવવામાં આવેલ ડોમ/શેડ દુર કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે અને અત્યાર સુધી કુલ ૧૩૨ મિલ્કતોમાં ડોમ/શેડ દુર કરવા નોટીશ આપેલ છે. તેમજ ૧૮ મિલકતો ખાતે શેડ /ડોમ દુર કરવા ડીમોલેશનની કામગીરી ચાલુ છે.

જનસંપર્ક વિભાગ

## –:: પ્રેસનોટ ::–

સુરત મહાનગરપાલિકા ના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા રેસ્કયુ અને ફાયર ફાઈટીંગ માટે ૫૫.૦૦ મીટર ઉંચાઈનું Turn Table ladder (TTL) ખરીદવા માટે જર્મનીની કંપની માગીરસ ને નવેમ્બર –૨૦૧૭માં ઓર્ડર આપવામાં આવેલ હતો.જે ઈકવીપમેન્ટ ને માર્ચ–૨૦૧૯ માં જર્મની ખાતે ઈન્સ્પેકશન કરવામાં આવેલ.આ ઈકવીપમેન્ટની કિંમત  અંદાજે રૂા.૮/– કરોડની છે.

સદર મશીન પોર્ટ પર આવેલ ત્યાર બાદ અત્રેના વિભાગ ધ્વારા સઘન સંકલન કરી તા.૨૬–૦૫–૨૦૧૯નાં રોજ સુરત ખાતે ડીલીવરી મળેલ છે. તા.૨૭–૦૫–૨૦૧૯ થી  તા.૩૧–૦૫–૨૦૧૯ સુધી અત્રેના અધિકારી/કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે.

આ પ્રકારનું રેસ્કયુ ઈકવીપમેન્ટ સુરત મહાનગર પાલિકા ખાતે પ્રથમ વાર વસાવવામાં આવેલ છે. જેની વિશેષતા નીચે મુજબ છે –

૧) ફાયર ફાઈટીંગ સાથે આ ઈકવીપમેન્ટમાં રેસ્કયુ લીફ્ટ હોવાથી બચાવની કામગીરી પણ સાથે સાથે થઈ શકે છે

૨) આ લેડર ૩૬૦ ડીગ્રી જરૂરીયાત મુજબ રોટેશન કરી શકાય છે.

૩) આ લેડર ૫૫.૦૦ મીટર ની ઉંચાઈ સુધી ની ઈમારતોમાં રેસ્કયુ તેમજ બચાવ કામગીરી કરી શકે છે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં ડીમોલીશન તેમજ ગેરકાયદેસર સ્ટ્રકચર ઉતારવાની કામગીરી ચાલી રહી છે જેમાં આજરોજ નીચે જણાવેલ વિવિધ ઝોનની કુલ ૨૬ ટીમો ધ્વારા ૨૪ સ્થળો પર કામગીરી કરવામાં આવી રહી છે.

વિવિધ ઝોની માહિતી નીચે મુજબ છે.

| ઝોન | ટીમની સંખ્યા | સ્થળની સંખ્યા |
|---|---|---|
| અઠવાઝોન | ૫ ટીમ | ૩ સ્થળ |
| ઉધના ઝોન | ૨ ટીમ | ૨ સ્થળ |
| કતારગામ ઝોન | ૩ ટીમ | ૩ સ્થળ |
| રાંદેર ઝોન | ૩ ટીમ | ૩ સ્થળ ૧ સ્થળે સીલ |
| વરાછા ઝોન(એ) | ૩ ટીમ | ૩ સ્થળ |
| વરાછા ઝોન(બી) | ૩ ટીમ | ૩ સ્થળ |
| સેન્ટ્રલ ઝોન | ૨ ટીમ | ૨ સ્થળ |
| લિંબાયત ઝોન | ૫ ટીમ | ૫ સ્થળ |
| કુલ | ૨૬ | ૨૪ |

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ(સુધારો)

તા.૨૪/૦૫/૨૦૧૯ ના રોજ પ્રેસનોટ નં.૮૨,મુજબ તક્ષશિલા એપાર્ટમેન્ટ,સરથાણા જકાતનાકા, વરાછા ખાતે બનેલ આગના અકસ્માત સંદર્ભે ઘટના સ્થળે રવાના થનાર પદાધિકારીઓમાં માન.ડે.મેયર શ્રી નિરવ.એસ.શાહ સુરત શહેર બહાર હોવા છતાં એમનું નામકોપી પેષ્ટની ભૂલના કારણે એમનું નામ શરત ચૂકથી લેવાયેલ છે.

# પ્રેસનોટ

સેન્ટ્રલ ઝોન

સુરત મહાનગરપાલિકા

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :-

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ ૦૨ ડેપ્યુટી ઈજનેર, શહેર વિકાસ વિભાગ ૦૫ આસી./જુની. ઈજનેરો તેમજ ૦૪ સુપરવાઈઝરો તથા ટી.એ., દબાણ વિભાગના સ્ટાફ તેમજ વોચ એન્ડ વોર્ડ વિભાગના સ્ટાફ ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ નીચે મુજબની મિલ્કતમાં ગેરકાયદેસર પતરાના શેડ/ફેબ્રીકેશન ડોમ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે :–

(૧) વોર્ડ નં.૦૭, નોંધ નં.૪૦૦૪(ડાયમંડ સીટી), બમનજીની શેરી, રૂઘનાથપુરા મેઈન રોડ વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર + ૦૪ માળની ઉપર કરેલ પતરાના શેડની કેબીન આશરે ૧૨૦૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૧૫,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

(૨) વોર્ડ નં.૬, નોંધ નં.૨૬૭૯–૮૦–૮૧, રૂઘનાથપુરા મેઈન રોડ વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર + ૦૪ માળની ઉપર કરેલ પતરાના શેડની કેબીન તથા ચણતર આશરે ૧૦૫૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૨૯,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

(૩) વોર્ડ નં.૭, નોંધ નં.૨૭૮/અ/૪ પૈકી, અ/૭ પૈકી (હોટલ સરિતા), દિલ્હીગેટ વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર + ૦૪ માળની ઉપર કરેલ પતરાના શેડ આશરે ૮૫૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ છે તથા ડીમોલીશનની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે.

(૪) વોર્ડ નં.૭, નોંધ નં.૨૭૮/અ/૧/૪ પૈકી (હોટલ યાદગાર), દિલ્હીગેટ વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર + ૦૪ માળની ઉપર કરેલ પતરાના શેડ આશરે ૮૫૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ છે તથા ડીમોલીશનની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે.

(૫) વોર્ડ નં.૭, નોંધ નં. ૨૭૮ પૈકી/૧/૪/૫ (હોટલ સિટીઝન), દિલ્હીગેટ વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર + ૦૪ માળની ઉપર બનાવેલ બેન્કવેટ હોલના પતરાના શેડ આશરે ૧૬૦૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ છે તથા ડીમોલીશનની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે.

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન (રાંદેર) ના વિવિધ વિસ્તારોમાં આજે તા.૨૭/૦૫/૨૦૧૯ ના રોજ ઝુંબેશ રૂપે કરવામાં આવેલ ડિમોલીશન તથા સીલીંગની કામગીરીની કાર્યવાહીની વિગતો આ સાથે સામેલ છે.

**સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના ડેપ્યુટી ઈજનેરશ્રી અને શહેરી વિકાસના અધિકારી/કર્મચારીઓ સાથે કુલ–૪ ટીમ બનાવી, કુલ–૪ ડેપ્યુટી ઈજનેર, ૧–આસી. ટાઉન પ્લાનર, ૪–આસી.ઈજનેર/જુની ઈજનેર, ૪–સુપરવાઈઝર, ૨–ટેક.આસી. તથા સિકયોરીટી સ્ટાફ અને દબાણ ખાતાના બેલદાર સહિત સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.**

# —:: <u>પ્રેસનોટ</u> ::—

"વિશ્વ તમાકુ નિષેધ દિન" નાં અનુલક્ષમાં તા.૨૭–૦૫–૨૦૧૯ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ ધ્વારા 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષિણિક સંસ્થાની સંખ્યા | શૈક્ષિણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં આવેલ કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષિણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષિણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૩૧ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૦૦૦ |
| વરાછા (એ) | ૬૨ | ૪૧ | ૪૧ | ૪૧ | ૮૨૦૦ |
| વરાછા (બી) | ૩૨ | ૨૯ | ૧૫ | ૧૫ | ૩૦૦૦ |
| રાંદેર | ૬૨ | ૪૯ | ૨૭ | ૧૬ | ૩૨૦૦ |
| કતારગામ | ૧૧૦ | ૬૬ | ૨૫ | ૧૬ | ૩૨૦૦ |
| ઉધના | ૬૦ | ૪૧ | ૯ | ૯ | ૧૮૦૦ |
| લિબાયત | ૩૭ | ૫૪ | ૧૫ | ૧૫ | ૩૦૦૦ |
| અઠવા | ૯૨ | ૪૧ | ૧૯ | ૧૯ | ૩૮૦૦ |
| કુલ | ૪૮૬ | ૩૩૧ | ૧૬૧ | ૧૪૧ | ૨૮૨૦૦ |

-:: પ્રેસનોટ ::-

માન.કમિશનરશ્રીનાં આદેશાનુસાર તથા માન.ડેપ્યુટી કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારનાં જે તે ઝોનમાં આવેલ જે તે મિલ્કતોના ટેરેસ લેવલે થયેલ ડોમ પ્રકારના બિનઅધિકૃત બાંધકામ તા.૨૭/૦૫/૨૦૧૯નાં રોજ દુર કરવામાં આવેલ છે. જે અંગેની ઝોન વાઈઝ વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | ઝોન | બિલ્ડીંગ/શેડની સંખ્યા | ડોમ પ્રકારના બાંધકામનું અંદાજીત ક્ષેત્રફળ (ચો.ફુટ) |
|---|---|---|---|
| ૧ | સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન | ૨૪ | ૨૪,૯૮૦ |
| ૨ | વેસ્ટ (રાંદેર) ઝોન | ૦૬ | ૧૨,૨૦૦ |
| ૩ | નોર્થ (કતારગામ) ઝોન | ૧૨ | ૭૧,૩૩૭ |
| ૪ | ઇસ્ટ (વરાછા) ઝોન-એ | ૧૩ | ૪૪,૪૪૦ |
| ૫ | ઇસ્ટ (વરાછા) ઝોન-બી | ૦૮ | ૧૪,૮૮૭ |
| ૬ | સાઉથ-ઇસ્ટ (લિંબાયત) ઝોન | ૦૯ | ૧૨,૧૯૦ |
| ૭ | સાઉથ (ઉધના) ઝોન | ૨૦ | ૨૩,૧૫૦ |
| ૮ | સેન્ટ્રલ ઝોન | ૦૫ | ૫,૩૫૦ |
| | કુલ:- | ૯૭ | ૨,૦૮,૫૩૪ |

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાની તમામ કચેરીઓ તથા શાળા બોર્ડની કચેરીમા **તા.૦૫/૦૬/૨૦૧૯, બુધવારના** રોજ જાહેર રજા જાહેર કરવામાં આવે છે. તેના બદલામાં **તા.૦૬/૦૬/૨૦૧૯, ગુરૂવારના** રોજ આ તમામ કચેરીઓ ચાલુ રાખવામાં આવી છે.

આ રજાના સમય દરમ્યાન ખાસ આવશ્યક સેવાઓ જેવી કે, પાણી વિભાગ, ડ્રેનેજ વિભાગ, સેનીટેશન વિભાગ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ તથા વોચ એન્ડ વોર્ડ વિભાગ જેવા વિભાગોની કામગીરી ચાલુ રહેશે.જયારે અન્ય ખાતા/વિભાગોનુ કામકાજ સંપૂર્ણ બંધ રહેશે.

વધુમા **તા.૦૬/૦૬/૨૦૧૯, ગુરૂવારના** રોજ સુરત મહાનગરપાલિકાની તથા શાળા બોર્ડની કચેરી રાબેતા મુજબ ચાલુ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

# સુરત મહાનગરપાલિકા
## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૭/૦૫/૧૯ ના રોજ મે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે ટેરેસ પર પતરાના શેડ દૂર કરવા ઝુંબેશ હાથ ધરી નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨(વેસુ–ભરથાણા–વેસુ), ફા.પ્લોટ નં.૨૧માં આવેલ પ્લેટીનમ રેસીડેન્સીવાળી હાઈરાઈઝ બિલ્ડીંગમાં અત્રેથી સ્થળ તપાસ દરમ્યાન ટેરેસ પર પેન્ટ હાઉસ બનાવવામાં આવેલ, જે આશરે ૧૩૦૦ ચો.ફુટમાં આવેલ ચણતર તથા લોખંડની એંગલ શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

(૨) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨(વેસુ–ભરથાણા–વેસુ), ફા.પ્લોટ નં.૮૩ માં આવેલ ગોપી વાટીકાવાળી લો–રાઈઝ બિલ્ડીંગની અત્રેથી સ્થળ તપાસ કરતા ટેરેસ પર પતરાના શેડનું કવર કરેલ બાંધકામ કરી, કોમર્શીયલ તરીકે વપરાશ કરતા હોવાનું ધ્યાને આવતા, સદરહુ ૨૦૦૦ ચો.ફુટનું પતરાના શેડનું બાંધકામ દૂર કરી, ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૩૦૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૩) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨(વેસુ–ભરથાણા–વેસુ), ફા.પ્લોટ નં.૨૭ માં આવેલ રીચી મોન્ડ કોમ્પલેક્ષવાળી શિવ વાટીકા લો–રાઈઝ મિલ્કતની અત્રેથી સ્થળ તપાસ કરતા ટેરેસ પર પતરાના શેડનું કવર કરેલ બાંધકામ કરી હોટલ તરીકે વપરાશ કરતા હોવાનું ધ્યાને આવતા, સદરહુ ૩૭૦૦ ચો.ફુટનું પતરાના શેડનું બાંધકામ દૂર કરી, ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૪૦૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૪) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨(વેસુ–ભરથાણા–વેસુ), ફા.પ્લોટ નં.૮૬ માં આવેલ રાજગ્રીન સેલીબ્રેશન(લગ્ન પ્રસંગ)વાળી મિલ્કતની અત્રેથી સ્થળ તપાસ કરતા ટેરેસ પર પતરાના શેડનું કવર કરેલ બાંધકામ કરી હોટલ તરીકે વપરાશ કરતા હોવાનું ધ્યાને આવતા, સદરહુ ૪૧૦૦ ચો.ફુટનું પતરાના શેડનું બાંધકામ દૂર કરી, ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧,૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૫) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૪૨(ભીમરાડ), ફા.પ્લોટ નં.૨૮,૨૯ માં આવેલ ટેમ્પરરી સ્ટ્રકચરના આશરે ૨૦(વીસ) નંગ શેડનું બાંધકામ દૂર ૧૫૦૦૦.૦૦ ચો.ફુટ એરીયા ખુલ્લો કરી, આશરે ૨૬ જેટલી લારીઓ જપ્ત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા ટેકનીકલ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

**તક્ષશિલા આર્કેડમાં લાગેલ આગના બનાવ બાદ સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગત**

તા.૨૭/૦૫/૨૦૧૯નાં રોજ વહેલી સવારે સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસની તમામ કુલ–૧૫ ટીમ કે જેમાં ફાયર ખાતાનાં ૧૫ અધિકારી, ૬૦ કર્મચારીઓ ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં આવેલ નીચે મુજબની શોપીંગ મોલ, ટ્યુશન કલાસીસ, હોસ્પીટલ વિગેરેને સીલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

- વરાછા ઝોન–એ ખાતે ૨૮૦ દુકાનો ૦૮ ટ્યુશન કલાસીસ તેમજ ૧૧ હોસ્પિટલ સીલ કરવામાં આવેલ.
- વરાછા ઝોન–બી ખાતે ૬૬ દુકાનો સીલ કરવામાં આવેલ.
- અઠવા ઝોન ખાતે ૦૮ કોર્મશીયલ કોમ્પ્લેક્ષ અને અન્ય ૨૭ દુકાનો સીલ કરવામાં આવેલ.
- ઉધના ઝોન ખાતે ૦૧ કોર્મશીયલ કોમ્પ્લેક્ષ સીલ કરવામાં આવેલ.

આમ આજ રોજ ફાયર સેફટી બાબતે શહેરમાં કુલ ૩૭૩ દુકાનો, ૦૮ કલાસીસ, ૧૧ હોસ્પિટલ અને ૦૯ કોર્મશીયલ કોમ્પ્લેક્ષ સીલ કરવામાં આવેલ.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં ન્યુ ઈસ્ટ ઝોન (સરથાણા) ખાતે જુની.ઈજનેર (સીવીલ) તરીકે ફરજ બજાવતા શ્રી હરેરામ દુર્યોધન સિંઘને તક્ષશિલા આર્કેડ, સરથાણા વરાછાની દુકાનોમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે તથા તે કારણસર સ્થાનિક લોકોને ટ્રાફિક સમસ્યા થતી હોવા બાબતની કમ્પલેઈનના અનુસંધાનમાં અરજદારને યોગ્ય પ્રતિભાવ નહી આપવા બદલ તથા શહેર વિકાસ ખાતાને કમ્પલેઈન ટ્રાન્સફર ન કરવા બદલ તાત્કાલિક અસરથી સુરત મહાનગરપાલિકાની સેવામાંથી ફરજ મૌકુફી હેઠળ મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત શહેરના સરથાણા વાલક વિસ્તારમાં તક્ષશિલા એપાર્ટમેન્ટના ત્રીજા માળે સમગ્ર મિલ્કતમાં ઈમ્પેકટની મંજુરીમાં નિમાયેલા આર્કીટેકટ શ્રી એચ.એમ.માંગુકીયા (લાયસન્સ નં: ટીડીઓ/ઈ.આર./૩૮૪ બાંધકામની વિકાસ પરવાનગી અન્વયે સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો ૨૦૦૪નાં નિયમ નં.:૯.૩.૨ માં અને સંકલિત સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો ૨૦૧૭ ના નિયમ નં.૪.૪.૧ જોગવાઈ અનુંસાર ગુડા–૨૦૧૧ અન્વયે મંજુરી માં રજુ કરેલ નકશાઓ અને સ્થળ સ્થિતિ મુજબ થયેલ બાંધકામમાં સુસંગતતા ન હોવાથી ઉપર જણાવેલ નિયત ફરજો અદા કરવામાં નિષ્ફળ જવાથી આર્કીટેકટ શ્રી એચ.એમ.માંગુકીયાનું લાયસન્સ છ માસ માટે સ્થગિત કરવામાં આવે છે તથા લાયસન્સ કાયમી ધોરણે રદ કરવા માટે મજકુર આર્કીટેકટનો સુરત મહાનગરપાલિકાની પૂર્વ ઝોન કચેરી ધ્વારા લાયસન્સ મોકુફ કરી ખુલાસો માગવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

સુરત શહેરના સરથાણા વાલક વિસ્તારમાં તક્ષશિલા એપાર્ટમેન્ટના ત્રીજા માળે સમગ્ર મિલ્કતમાં ઈમ્પેકટની મંજુરીમાં નિમાયેલા આર્કીટેકટ શ્રી શાંતા પી. પાનસુરીયા (લાયસન્સ નંઃ ટીડીઓ/ઈ.આર./૧૧૭૮ બાંધકામની વિકાસ પરવાનગી અન્વયે સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો ૨૦૦૪નાં નિયમ નં.:૯.૩.૨ માં અને સંકલિત સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો ૨૦૧૭ ના નિયમ નં.૪.૪.૧ જોગવાઈ અનુંસાર ગુડા–૨૦૧૧ અન્વયે મંજુરી માં રજુ કરેલ નકશાઓ અને સ્થળ સ્થિતિ મુજબ થયેલ બાંધકામમાં સુસંગતતા ન હોવાથી ઉપર જણાવેલ નિયત ફરજો અદા કરવામાં નિષ્ફળ જવાથી આર્કીટેકટ શ્રી શાંતા પી. પાનસુરીયાનું લાયસન્સ છ માસ માટે સ્થગિત કરવામાં આવે છે તથા લાયસન્સ કાયમી ધોરણે રદ કરવા માટે મજકુર આર્કીટેકટનો સુરત મહાનગરપાલિકાની પૂર્વ ઝોન કચેરી ધ્વારા લાયસન્સ મોકુફ કરી ખુલાસો માગવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં ઈસ્ટ ઝોન ખાતે સરથાણા–વાલક વિસ્તારમાં તક્ષશિલા આર્કેડનાં ત્રીજા માળે સમગ્ર મિલ્કતમાં ઈમ્પેકટ ફીની મંજુરી આપનાર કાર્યપાલક ઈજનેર શ્રી પી.ડી. મુનશી અને C.O.R. ઈસ્યુ કરનાર કાર્યપાલક ઈજનેરશ્રી જયેશ સોલંકીને ચાર્જશીટ ઈસ્યુ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં ડીમોલીશન તેમજ ગેરકાયદેસર સ્ટ્રકચર ઉતારવાની કામગીરી ચાલી રહી છે જેમાં આજરોજ નીચે જણાવેલ વિવિધ ઝોનની કુલ ૩૧ ટીમો ધ્વારા ૬૯ સ્થળો પર કામગીરી કરવામાં આવી રહી છે.

વિવિધ ઝોની માહિતી નીચે મુજબ છે.

| ઝોન | ટીમની સંખ્યા | સ્થળની સંખ્યા |
|---|---|---|
| અઠવાઝોન | ૫ ટીમ | ૫ સ્થળ |
| ઉધના ઝોન | ૭ ટીમ | ૧૦ સ્થળ |
| કતારગામ ઝોન | ૩ ટીમ | ૧૦ સ્થળ |
| રાંદેર ઝોન | ૪ ટીમ | ૫ સ્થળ |
| વરાછા ઝોન(એ) | ૩ ટીમ | ૧૫ સ્થળ |
| વરાછા ઝોન(બી) | ૪ ટીમ | ૯ સ્થળ |
| સેન્ટ્રલ ઝોન | ૨ ટીમ | ૫ સ્થળ |
| લિંબાયત ઝોન | ૩ ટીમ | ૧૦ સ્થળ |
| કુલ | ૩૧ | ૬૯ |

# પ્રેસનોટ

તા.૨૭/૦૫/૨૦૧૯

**સાઉથ ઝોન(ઉધના)ની વિગત :–**

સાઉથ ઝોન(ઉધના)ના ડેપ્યુટી કમિશ્નરશ્રી(ડે.) તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં....

- તા.૨૫/૦૫/૨૦૧૯ ના રોજ ૧૧૩–કોચીંગ કલાસ, ૮– શૈક્ષણીક સંસ્થા/સ્કૂલો, ૧– હોસ્પિટલ, ૧– ઈન્ડસ્ટ્રીઝ મળી **કુલ– ૧૨૩ નોટીસ** ફાયરવિભાગના સંકલનમાં રહી હિતધરાવનારાઓને આપવામાં આવેલ છે.
- તા.૨૬/૦૫/૨૦૧૯ ના રોજ ૧–કોચીંગ કલાસ, ૯૯– શૈક્ષણીક સંસ્થા/સ્કૂલો, ૨– હોસ્પિટલ, ૧– કોમ્પલેક્ષ મળી **કુલ– ૧૦૩ નોટીસ** ફાયરવિભાગના સંકલનમાં રહી હિતધરાવનારાઓને આપવામાં આવેલ છે. તથા ૨–કોમ્પલેક્ષમાં **કુલ– ૮૨ દુકાનોને** ફાયર વિભાગના સંકલનમાં રહી સીલ કરવામાં આવેલ છે.
- તા.૨૭/૦૫/૨૦૧૯ ના રોજ બેંકોને **કુલ–૪૬ નોટીસ** ફાયરવિભાગના સંકલનમાં રહી હિતધરાવનારાઓને આપવામાં આવેલ છે તથા તા.૨૭/૦૫/૨૦૧૯ ના રોજ **૬– ઈન્ડસ્ટ્રીઝ(૧૫– પ્લોટો) માં તથા ૫– સ્કૂલો** મળી **કુલ–૧૧** મિલકતોમાં ટેમ્પરરી સ્ટ્રકચર/ડોમ દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ છે જેની વિગત :–

૧). મોજે. ઉધના, સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સુરત–નવસારી મેઈન રોડ, પ્લોટ નં. એન–૨૨ વાળી મિલકતમાં ત્રીજા માળે આશરે ૧૧૫૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૨). મોજે. ઉધના, સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સુરત–નવસારી મેઈન રોડ, પ્લોટ નં. એન–૧૭, ૧૮ વાળી મિલકતમાં ત્રીજા માળે આશરે ૨૩૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૩). મોજે. ઉધના, સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સુરત–નવસારી મેઈન રોડ, પ્લોટ નં. સી– ૪૬, ૪૭ વાળી મિલકતમાં ચોથા માળે આશરે ૨૩૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૪). મોજે. ઉધના, સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સુરત–નવસારી મેઈન રોડ, પ્લોટ નં. ડી– ૫૦,૫૧,૫૨,૫૩ વાળી મિલકતમાં ચોથા માળે આશરે ૪૬૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૫). મોજે. ઉધના, સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સુરત–નવસારી મેઈન રોડ, પ્લોટ નં. એચ– ૨૫, ૨૬, ૨૭, ૨૮ વાળી મિલકતમાં બીજા માળે આશરે ૧૦૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૬). મોજે. ઉધના, સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સુરત-નવસારી મેઈન રોડ, પ્લોટ નં. સી- ૮, ૯ વાળી મિલકતમાં ત્રીજા માળે આશરે ૨૩૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૭). લીટલ સ્ટાર હાઈસ્કુલ, પ્લોટનં.૧૭ થી ૨૧ કાશીનગર, ઉધનાવાળી મિલકતમાં ત્રીજા માળે આશરે ૬૦૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૮). રોયલ ઈંગલીશ સ્કુલ, પ્લોટનં.૧૧,૧૨,૧૩,રામનગર, હાઉસીગ-૧,આર્શીવાદ ટાઉનશીપની પાછળ, ઉધના, સુરતવાળી મિલકતમાં ત્રીજા માળે આશરે ૩૫૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૯). ઓક્સફોર્ડ ઈંગલીશ હાઈસ્કૂલ, વિજયાનગર શાક માર્કેટ પાસે, ઉધના, સુરતવાળી મિલકતમાં ચોથા માળે આશરે ૧૦૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૧૦). શ્રી છત્રપતી શીવાજી મરાઠી પ્રાથમીક શાળા, જલારામ નગર, ઉધના, સુરતવાળી મિલકતમાં ચોથા માળે આશરે ૬૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૧૧). લીઓ ઈન્સ્ટીટયુટ ઓફ એજયુકેશન ટ્રસ્ટ, પ્લોટનં.૬ થી ૯, લકી ટીમ્બર પાસે, ઉધના, સુરતવાળી મિલકતમાં ચોથા માળે આશરે ૨૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી અન્વયે કુલ આશરે ૨૪,૯૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી દૂર કરવામાં આવેલ છે તથા વહીવટી/ડીમોલીશન ખર્ચ પેટે રૂા. ૩,૬૦,૦૦૦/- વસૂલ કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>
# <u>નોથ ઝોન(કતારગામ)</u>
# <u>સુરત મહાનગરપાલિકા</u>

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૦૫/૨૦૧૯ તથા તા.૨૮/૦૫/૨૦૧૯ ના રોજ મે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે ટેરેસ પરથી પતરાના શેડ દૂર કરવા ઝુંબેશ હાથ ધરી નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૭(ઉત્રાણ–કોસાડ) માં આવેલ મૌની ઇન્ટરનેશનલ સ્કૂલ તથા આશાદીપ વિધાલય સ્કૂલ વાળી બલ્ડીંગમાં અત્રેથી સ્થળ તપાસ દરમ્યાન ટેરેસ પર બનાવવામાં આવેલ આશરે ૧૦૨૦.૦૦ ચો.મી + ૯૬૧.૦૦ ચો.મી. = **૧૯૮૧.૦૦ ચો.મી.** લોખંડની એંગલ વાળુ પતરાનાં શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે. તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ = ૪,૦૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડ નાં સબ પ્લોટ નં. ૧૦૪ માં આવેલ રત્નસાગર વિધાલય, સબ પ્લોટ નં. ૬૫૮, ૬૬૧ માં આવેલ જ્ઞાનજયોત વિધાલય, સબ પ્લોટ નં. ૧૩૯, ૧૨૪ માં આવેલ રઘુકુળ વિધાલય તથા સબ પ્લોટ નં. ૫૪૬ થી ૫૪૯ માં આવેલ સ્વામી વિવેકાનંદ વિધાલય વાળી મિલ્કતમાં અત્રેથી સ્થળ તપાસ કરતા ટેરેસ પર પતરાના શેડનું કવર કરેલ બાંધકામ હોવાનું ધ્યાને આવતા, સદરહુ મિલ્કતકમાં આશરે ૧૫૫.૫૨ ચો.મી. + ૨૧૮.૨૫ ચો.મી. + ૭૪.૨૪ ચો.મી. +૩૭૧.૭૪ ચો.મી. = **૮૧૯.૭૫ ચો.મી.** નું પતરાના શેડનું બાંધકામ દૂર કરી, વહીવટી ચાર્જ પેટે રૂા. ૨,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ = ૮,૦૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૩) નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૯(કતારગામ), ફા.પ્લોટ નં. ૧૨૪, સબ પ્લોટ નં. ૬૦, ૬૧, ૬૨, ૬૩ માં આવેલ એકલવ્ય કલાસીસ તથા સબ પ્લોટ નં. ૫૭, ૫૮, ૫૯ માં આવેલ સેમસંગ શો રૂમ, ફા.પ્લોટ નં. ૧૦૮ માં આવેલ ગજેરા વિધાલય તથા યોગી પ્રવૃતિ વિધાલય વાળી મિલ્કતની અત્રેથી સ્થળ તપાસ કરતા ટેરેસ પર પતરાના શેડનું કવર કરેલ બાંધકામ હોવાનું ધ્યાને આવતા, સદરહુ મિલ્કતમાં આશરે ૨૪૧. ૬૩ ચો.મી.+ ૧૫૭.૯૯ ચો.મી. + ૧૮૫૮.૭૩ ચો.મી. +૬૫૦.૫૫ ચો.મી. = **૨૯૦૮.૯** ચો.મી. નું પતરાના શેડનું બાંધકામ દૂર કરી, વહીવટી ચાર્જ પેટે રૂા. ૧,૦૦,૦૦૦ + ૧,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ = ૪,૦૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૪) નોર્થઝોન(કતારગામ),ટી.પી.સ્કીમ નં.૭૦(છાપરાભાઠા–અમરોલી–કોસાડ–ઉત્રાણ) માં આવેલ સુટેક્ષ બેંક કોલેજ તથા એસ.પી.બી.હાઇસ્કૂલ વાળી મિલ્કતની અત્રેથી સ્થળ તપાસ કરતા ટેરેસ પર પતરાના શેડનું કવર કરેલ બાંધકામ હોવાનું ધ્યાને આવતા, સદરહુ મિલ્કતમાં આશરે ૪૬૦.૦૦ ચો.મી. + ૪૬૦.૦૦ ચો.મી. = **૯૨૦.૦૦ ચો.મી.** નું પતરાના શેડનું બાંધકામ દૂર કરી, વહીવટી ચાર્જ પેટે રૂા. ૨,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ = ૪,૦૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આમ, તા. ૨૭/૦૫/૨૦૧૯ નાં રોજ કરેલ કામગીરી દરમ્યાન આશરે ૬૬૨૯.૮૫ ચો.મી.(૭૧૩૩૭.૧૮ ચો.ફુટ) બાંધકામ દુર કરી, વહીવટી ચાર્જ પેટે રૂા. ૨૦,૦૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

તા.૨૮/૦૫/૨૦૧૯ નાં રોજ કરેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) નોર્થઝોન(કતારગામ),ટી.પી.સ્કીમ નં.૭૦(છાપરાભાઠા–અમરોલી–કોસાડ–ઉત્રાણ) માં આવેલ સાર્વજનિક કેળવણી મંડળ, અમરોલી માં બીજા માળ ઉપર તથા જીવન જયોત વિધાલય વાળી મિલ્કતમાં અત્રેથી સ્થળ તપાસ દરમ્યાન ટેરેસ પર પતરાનાં શેડનું કવર કરેલ બાંધકામ ધ્યાને આવતા સદરહું મિલ્કતમાં આશરે ૧૪૩૮.૫૮ ચો.મી. + ૭૫૦.૪ ચો.મી. = ૨૧૮૮.૯૮ ચો.મી. નું પતરાના શેડનું બાંધકામ દૂર કરી, વહીવટી ચાર્જ પેટે રૂા. ૨,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ = ૪,૦૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) નોર્થઝોન(કતારગામ), ગુજરાત હાઉસીંગ બોર્ડ , મનમંદિર વિધાલય વાળી મિલ્કતમાં અત્રેથી સ્થળ તપાસ કરતા ટેરેસ પર પતરાના શેડનું કવર કરેલ બાંધકામ હોવાનું ધ્યાને આવતા, સદરહુ મિલ્કતકમાં આશરે ૨૧૨.૫ ચો.મી. નું પતરાના શેડનું બાંધકામ દૂર કરી, વહીવટી ચાર્જ પેટે રૂા. ૧,૦૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૩) નોર્થઝોન(કતારગામ),ટી.પી.સ્કીમ નં.૪૯(કતારગામ), ફા.પ્લોટ નં. ૮૫ માં આવેલ માતૃભૂમિ વિધાલય તથા ઇન્જીનીયસ એકેડેમી વાળી મિલ્કતમાં અત્રેથી સ્થળ તપાસ દરમ્યાન ટેરેસ પર પતરાનાં શેડનું કવર કરેલ બાંધકામ ધ્યાને આવતા સદરહું મિલ્કતમાં આશરે ૯૨.૯૩ ચો.મી. + ૧૮૫.૮૭ ચો.મી. = ૨૭૮.૮ ચો.મી. નું પતરાના શેડનું બાંધકામ દૂર કરી, વહીવટી ચાર્જ પેટે રૂા. ૫૦,૦૦૦ + ૫૦,૦૦૦ = ૧,૦૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૪) નોર્થઝોન(કતારગામ), ટી.પી.સ્કીમ નં.૩૫(કતારગામ), ફા.પ્લોટ નં. ૮૬/પૈકી માં આવેલ સર્મપણ કલાસીસ(સ્કવેર પોઇન્ટ કોમ્પલેક્ષ) તથા ફા.પ્લોટ નં.૮૫ માં આવેલ બાળ યુવા સંસ્કાર પ્રવુતિ કાર્યાલય (રાજદીપ કોમ્પલેક્ષ) વાળી મિલ્કતમાં અત્રેથી સ્થળ તપાસ દરમ્યાન ટેરેસ પર પતરાનાં શેડનું કવર કરેલ બાંધકામ ધ્યાને આવતા સદરહું મિલ્કતમાં આશરે ૧૩૯.૪૦ ચો.મી. + ૧૩૯.૪૦ ચો.મી. = ૨૭૮.૮ ચો.મી. નું પતરાના શેડનું બાંધકામ દૂર કરી, વહીવટી ચાર્જ પેટે રૂા. ૫૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૫) નોર્થઝોન(કતારગામ), ટી.પી.સ્કીમ નં.૧૮(કતારગામ) માં આવેલ પી.એન.વાય. કેર તથા ઝાંઝર દોઢીયા કલાસીસ વાળી મિલ્કતમાં અત્રેથી સ્થળ તપાસ દરમ્યાન ટેરેસ પર પતરાનાં શેડનું કવર કરેલ બાંધકામ ધ્યાને આવતા સદરહું મિલ્કતમાં આશરે ૨૩૨.૩૪ ચો.મી. + ૧૮૫.૮૭ ચો.મી. = ૪૧૮.૨૧ ચો.મી. નું પતરાના શેડનું બાંધકામ દૂર કરી, વહીવટી ચાર્જ પેટે રૂા. ૫૦,૦૦૦ /– + ૩૦, ૦૦૦/– = ૮૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૬) નોર્થઝોન(કતારગામ), ટી.પી.સ્કીમ નં.૨૬(સિંગણપોર) માં આવેલ શારદા વિધાલય વાળી મિલ્કતમાં અત્રેથી સ્થળ તપાસ દરમ્યાન ટેરેસ પર પતરાનાં શેડનું કવર કરેલ બાંધકામ ધ્યાને આવતા સદરહું મિલ્કતમાં આશરે ૪૬૪.૬૮ ચો.મી. નું પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

(૭) નોર્થઝોન(કતારગામ), ટી.પી.સ્કીમ નં.૨૪(ડુંકી), રે.સ.નં. ૨૨/૨/પૈકી, ફા.પ્લોટ નં. ૩૬ માં આવેલ જ્ઞાનગંગા વિધાલય તથા સ્ટેલોન જીમની ઉપર આવેલ રાજુ પેન્ટર વાળી મિલ્કતમાં અત્રેથી સ્થળ તપાસ દરમ્યાન ટેરેસ પર પતરાનાં શેડનું કવર કરેલ બાંધકામ ધ્યાને આવતા સદરહું મિલ્કતમાં આશરે ૨૭૮.૮૧ ચો.મી. + ૯૨.૯૩ ચો.મી. = ૩૭૧.૭૪ ચો.મી. નું પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

આમ, તા. ૨૮/૦૫/૨૦૧૯ નાં રોજ કરેલ કામગીરી દરમ્યાન આશરે ૪૨૧૩.૭૧ ચો.મી.(૪૫૩૩૯.૫૧ ચો.ફુટ) બાંધકામ દુર કરી, વહીવટી ચાર્જ પેટે રૂા. ૭,૩૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના નોર્થઝોન(કતારગામ) શહેર વિકાસ સ્ટાફ તથા ટેકનીકલ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

સેન્ટ્રલ ઝોન

સુરત મહાનગરપાલિકા

**<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :-**

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ ૦૩ ડેપ્યુટી ઈજનેર, શહેર વિકાસ વિભાગ ૦૬ આસી./જુની. ઈજનેરો તેમજ ૦૫ સુપરવાઈઝરો તથા ટી.એ., દબાણ વિભાગના સ્ટાફ તેમજ વોચ એન્ડ વોર્ડ વિભાગના સ્ટાફ ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ નીચે મુજબની મિલ્કતમાં ગેરકાયદેસર પતરાના શેડ/ફેબ્રીકેશન ડોમ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) વોર્ડ નં.૦૨(સગરામપુરા), નોંધ નં.૧૩૮૭/અ,૧૩૮૭/બ/૧,૧૩૮૭/બ/૨,૧૩૯૪/અ+બ, ૧૩૯૬ વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર + ૦૪ માળની ઉપર કરેલ પતરાના શેડ/ફેબ્રીકેશન ડોમ આશરે ૨૦૦૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૧,૦૦,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

(૨) વોર્ડ નં.૦૧(નાનપુરા), નોંધ નં. ૧૮૯૦–૯૧ વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર + ૦૪ માળની ઉપર કરેલ પતરાના શેડ આશરે ૧૫૦૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૨૧,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

(૩) વોર્ડ નં.૦૭, નોંધ નં. ૧૧૨,૧૧૩,૧૨૦ વાળી મિલ્કતમાં પાંચમા માળે બનાવેલ પતરાના શેડની બનાવેલ કેબીન તથા ચણતર આશરે ૭૫૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૩૦,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

(૪) વોર્ડ નં.૬, નોંધ નં. ૨૬૭૮, મહિધરપુરા વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સ્વૈચ્છિક પાંચમાં માળનો પતરાનો શેડ આશરે ૬૦૦ ચો.ફુટ દુર કરેલ છે.

(૫) વોર્ડ નં.૪, નોંધ નં.૧૬૪૪, ફાલસાવાડી વાળી મિલ્કતમાં આઠમાં માળનો પેસેજ વાળા ભાગનો પતરાનો શેડ આશરે ૨૦૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ છે.

(૬) વોર્ડ નં.૧, નોંધ નં.૧૨૧૯,નાનપુરામાં રચના એકેડમીમાં ફાયર સેફટીના પ્રોવિઝન ન હોય, ફાયર વિભગના સ્ટાફ સાથે સદર મિલ્કતને સીલ કરવામાં આવે છે.

(૭) વોર્ડ નં.૫, નોંધ નં.૧૯૬૬–૬૭,હરિપુરામાં ગ્રાઉન્ડ ફલોર + ૦૩ માળની ઉપર કરેલ પતરાના શેડ આશરે ૬૫૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૨૫૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

# –:: પ્રેસનોટ ::–

"વિશ્વ તમાકુ નિષેધ દિન" નાં અનુલક્ષમાં તા.૨૮–૦૫–૨૦૧૯ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ દ્વારા "તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩" મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં આવેલ કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૪૫ | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૪૦૦ |
| વરાછા (એ) | ૪૮ | ૩૪ | ૩૧ | ૩૧ | ૬૨૦૦ |
| વરાછા (બી) | ૩૫ | ૨૮ | ૧૨ | ૧૨ | ૨૪૦૦ |
| રાંદેર | ૫૦ | ૪૦ | ૧૯ | ૧૧ | ૨૨૦૦ |
| કતારગામ | ૧૨૨ | ૮૭ | ૭૫ | ૧૮ | ૩૬૦૦ |
| ઉધના | ૧૪૮ | ૩૦ | ૧૦ | ૧૦ | ૨૦૦૦ |
| લિબાયત | ૩૭ | ૫૪ | ૧૪ | ૧૪ | ૨૮૦૦ |
| અઠવા | ૯૨ | ૪૧ | ૧૪ | ૧૪ | ૨૮૦૦ |
| કુલ | ૫૭૭ | ૩૨૬ | ૧૮૭ | ૧૨૨ | ૨૪૪૦૦ |

# સુરત મહાનગરપાલિકા

## તા.૨૮/૦૫/૨૦૧૯ ના રોજની કામગીરી વિગત

(૧) સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં માન.મ્યુ.કમિશનરશ્રીની સુચના અનુસાર બેનરો દુર કરવાની કામગીરી.

'ઝોન વાઈઝ માહિતી નીચે મુજબ છે"

| ઝોન | ટીમની સંખ્યા | બેનરની સંખ્યા |
|---|---|---|
| સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન | ૦૫ | ૧૭૨ |
| વેસ્ટ (રાંદેર) ઝોન | ૦૩ | ૧૪૬ |
| નોર્થ(કતારગામ) ઝોન | ૦૮ | ૩૨૭ |
| ઈસ્ટ(વરાછા ) ઝોન-એ | ૦૫ | ૨૭૯ |
| ઈસ્ટ(વરાછા ) ઝોન-બી | ૦૪ | ૧૨૦ |
| સાઉથ ઈસ્ટ(લિંબાયત)ઝોન | ૦૮ | ૩૦૫ |
| સાઉથ (ઉધના)ઝોન | ૧૨ | ૩૬૩ |
| સેન્ટ્રલ ઝોન | ૧૦ | ૬૮૨ |
| કુલ :- | ૫૫ | ૨૩૯૪ |

(૨) જે તે ઝોનમાં આવેલ જે તે મિલ્કતોનાં ટેરેસ લેવલે થયલ ડોમ પ્રકારનાં બીનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે. જે અંગેની ઝોન વાઈઝ વિગત નીચે મુજબ છે.

| અનું નં. | ઝોન | બિલ્ડીંગ/શેડની સંખ્યા | ડોમ પ્રકારનાં બાંધકામનું અદાંજીત ક્ષેત્રફળ (ચો.ફુટ) |
|---|---|---|---|
| ૧ | સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન | ૧૦ | ૨૩,૬૦૦ |
| ૨ | વેસ્ટ (રાંદેર) ઝોન | ૭ | ૨૮,૧૦૦ |
| ૩ | નોર્થ(કતારગામ) ઝોન | ૧૨ | ૪૫,૩૩૯ |
| ૪ | ઈસ્ટ(વરાછા ) ઝોન-એ | ૧૩ | ૪૪,૮૫૦ |
| ૫ | ઈસ્ટ(વરાછા ) ઝોન-બી | ૧૦ | ૧૭,૨૬૦ |
| ૬ | સાઉથ ઈસ્ટ(લિંબાયત)ઝોન | ૧૯ | ૫૦,૩૫૦ |
| ૭ | સાઉથ (ઉધના)ઝોન | ૯ | ૨૦,૧૭૦ |
| ૮ | સેન્ટ્રલ ઝોન | ૬ | ૫,૭૦૦ |
| | કુલ | ૮૬ | ૨,૩૫,૩૦૯ |

(૩) આ ઉપરાંત ફાયર વિભાગ તરફથી ૧૨૫-દુકાનો, ૦૧-શોપીંગ સેન્ટર તથા ૦૧-કોચીંગ કલાસ (૪ માળ) ને સીલ મારવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા આ સાથે સામેલ કરેલ યાદી મુજબની કુલ-૪૦ હોસ્પિટલોને ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરાવવા અગાઉ નોટીસ આપવામાં આવેલ હતી તેમ છતાં આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરેલ ન હોય તેઓને દિન-૭ માં ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરાવી એન.ઓ.સી મેળવી લેવા જણાવવામાં આવે છે અન્યથા તેઓનું બી.યુ.સી રદ કરી ડ્રેનેજ અને પાણી નાં કનેક્શન દુર કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## તક્ષશિલા આર્કેડમાં લાગેલ આગના બનાવ બાદ સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી વિભાગ ધ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગત

- ૨૭/૦૫/૨૦૧૯નાં રોજ વહેલી સવારે સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસની તમામ કુલ–૧૫ ટીમ કે જેમાં ફાયરખાતાનાં ૧૫ અધિકારી ૬૦ કર્મચારીઓ ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં આવેલ નીચે મુજબની શોપીગ મોલ, ટયુશન કલાસીસ હોસ્પિટલ વિગેરેને સીલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.
- સુરત મ.ન.પા.નાં સેન્ટ્રલ ઝોનનાં ૦૨ અધિકારી અને ફાયર વિભાગનાં ૦૧ અધિકારી તેમજ ૦૩ કર્મચારીઓ મળી નાનપુરા ખાતે આવેલ રચના કલાસીસ ને સીલ કરવામાં આવેલ છે. જ્યારે,
- સુરત મ.ન.પા.નાં અઠવા ઝોનનાં ૦૩ અધિકારી અને ૦૯ કર્મચારી તેમજ ફાયર વિભાગનાં ૦૧ અધિકારી તેમજ ૦૬ કર્મચારીઓ મળી પારલે પોઈન્ટ ખાતે આવેલ કલાસીક કોમ્પલેક્ષ ખાતે આવેલ ૦૮ ટયુશન કલાસીસ, ૦૩ દવાનાં કલીનીક તેમજ અન્ય –૧૨૨ દુકાન મળી કુલ –૧૩૩ જગ્યાઓ સીલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

તા.૨૮/૦૫/૨૦૧૯

**સાઉથ ઝોન(ઉધના)ની વિગત :–**

સાઉથ ઝોન(ઉધના)ના ડેપ્યુટી કમિશ્નરશ્રી(ડે.) તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં **તા.૨૮/૦૫/૨૦૧૯ ના** રોજ ૬– સ્કૂલો, ૧૧– હોસ્પિટલ, ૨૯– બેંકોને મળી **કુલ– ૪૬ નોટીસ** ફાયરવિભાગના સંકલનમાં રહી હિતધરાવનારાઓને આપવામાં આવેલ છે તથા તા.૨૮/૦૫/૨૦૧૯ ના રોજ **કુલ ૭– સ્કૂલો**માં ટેમ્પરરી સ્ટ્રકચર/ડોમ દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ છે જેની વિગત :–

૧). વેદાસ ઈન્ટરનેશનલ સ્કૂલ, વિષ્ણુનગર નિ–૧ ગેટ પાસે, બમરોલી રોડ, પીયુષ પોઈનટ પાસે, ઉધનાવાળી મિલકતમાં ત્રીજા માળે આશરે ૧૪૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૨). રાજસ્થાન વિધ્યાલય, પ્લોટનં. ૧૭,૧૮,૧૯, આશાનગર, ઉધના, સુરતવાળી મિલકતમાં ચોથા માળે આશરે ૪૬૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૩). જીવનવિકાસ સ્કૂલ, રામનગર–૧, સોનલ ઈન્ડ. રોડ, ઉધના, સુરતવાળી મિલકતમાં બીજા માળે આશરે ૨૬૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૪). શૈશવ ઈંગલીશ મીડીયમ સ્કુલ પ્લોટ નં. ૧૪૧ અંબર કોલોની, ઉધના, સુરતવાળી મિલકતમાં ત્રીજા માળે આશરે ૧૪૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૫). આલ્ફા સ્કૂલ, ટી.પી. ૪૮, આશારામ નગર, ભેસ્તાન, સુરતવાળી મિલકતમાં ત્રીજા માળે આશરે ૧૩૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

૬). ડી.એ.પી હિન્દી વિધ્યાલય વોર્ડ ઓફીસ પાસે,બી.આર.બી ,ઉધના, સુરતવાળી મિલકતમાં ત્રીજા માળે આશરે ૯૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ ફેબ્રિકેશન પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

# પ્રેસનોટ

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરી તેની પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૩૧/૦૫/૨૦૧૯ ને શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા સુરત મુકામે આયોજન કરવામાં આવેલ હતી **પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે સદર મીટીંગ મોકુફ / મુલતવી રાખવામાં આવેલ છે તથા સદર મીટીંગ હવે પછી તા.૧૧/૦૬/૨૦૧૯ ને મંગળવારના રોજ સવારે ૧૧:૩૦ કલાક દરમ્યાન ગાંધી સ્મૃતિભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે રાખવામાં આવેલ છે.** જેમાં શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદાર / પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

# સુરત મહાનગરપાલિકા

## -:: પ્રેસનોટ ::-

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં ડીમોલીશન તેમજ ગેરકાયદેસર સ્ટ્રક્ચર ઉતારવાની કામગીરી ચાલી રહી છે જેમાં તા.૨૯/૦૫/૨૦૧૯ ના રોજ નીચે જણાવેલ વિવિધ ઝોનની કુલ ૩૭ ટીમો દ્વારા ૭૬ સ્થળો પર કામગીરી કરવામાં આવી રહી છે.

| ઝોન | ટીમની સંખ્યા | સ્થળની સંખ્યા |
|---|---|---|
| અઠવા ઝોન | ૪ | ૮ |
| ઉધના ઝોન | ૭ | ૧૦ |
| કતારગામ ઝોન | ૩ | ૧૦ |
| રાંદેર ઝોન | ૬ | ૧૦ |
| વરાછા ઝોન-એ | ૭ | ૧૬ |
| વરાછા ઝોન-બી | ૬ | ૭ |
| સેન્ટ્રલ ઝોન | ૧ | ૫ |
| લિંબાયત ઝોન | ૩ | ૧૦ |
| કુલ | ૩૭ | ૭૬ |

# પ્રેસનોટ

સેન્ટ્રલ ઝોન

સુરત મહાનગરપાલિકા

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ ૦૧ ડેપ્યુટી ઈજનેર, શહેર વિકાસ વિભાગ ૦૩ આસી./જુની. ઈજનેરો તેમજ ૦૨ સુપરવાઈઝરો તથા ટી.એ. તેમજ વોચ એન્ડ વોર્ડ વિભાગના સ્ટાફ ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ નીચે મુજબની મિલ્કતમાં ગેરકાયદેસર પતરાના શેડ/ફેબ્રીકેશન ડોમ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) વોર્ડ નં.૦૭,નોધ નં.૧૯૬૯–૭૦, એમ.એન.મીર સ્કુલ, રાજાવાડી,સૈયદપુરા વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર + ૦૪ માળની ઉપર કરેલ પતરાના શેડ બનાવેલ રૂમો આશરે ૬૫૦ ચો.ફુટ દુર  કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૨૦,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

(૨) વોર્ડ નં.૦૭, નોંધ નં.૫૧, હોટલ જનતા ઈન, રેલ્વે સ્ટેશન વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર + ૦૪ માળની ઉપર કરેલ પતરાના શેડ આશરે ૩૩૦૦ ચો.ફુટ દુર  કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૪૦,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

(૩) વોર્ડ નં.૦૫, નોંધ નં.૫૮, કિડસ સ્કુલ, ધોબી શેરીમાં ફાયર સેફટીના પ્રોવિઝન ન હોય, ફાયર વિભાગના સ્ટાફ સાથે સદર મિલ્કતને સીલ કરવામાં આવે છે.

(૪) વોર્ડ નં.૦૫, નોંધ નં.૮૩૩, હિટ કમ્પ્યુટર ટયુશન કલાસીસ, ધોબી શેરીમાં ફાયર સેફટીના પ્રોવિઝન ન હોય, ફાયર વિભાગના સ્ટાફ સાથે સદર મિલ્કતને સીલ કરવામાં આવે છે.

(૫) વોર્ડ નં.૦૭, નોંધ નં.૩૬૧૫/૧, ડેવલોપ કલાસીસ, રામપુરામાં ફાયર સેફટીના પ્રોવિઝન ન હોય, ફાયર વિભાગના સ્ટાફ સાથે સદર મિલ્કતને સીલ કરવામાં આવે છે.

AIC SURATi iLAB સેન્ટરમાં તા.૦૪/૦૬/૨૦૧૯ ના રોજ AIC SURATi iLAB સાથે જોડાયેલ પાર્ટનર Spinta Global Accelerator દ્વારા **"Aarambh - The Change"** ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ. આ ઈવેન્ટમાં ઘણી એકટીવીટી સેશન કરવામાં આવેલ, જેવા કે "What's your Dream , Successful Start ups in India , Value Proposition at AIC SURATi iLAB" વિગેરે એકટીવીટી કરવામાં આવેલ. સદર ઈવેન્ટમાં સ્ટાર્ટઅપ ગ્રુપ, સ્ટુડન્ટ વિગેરેએ પાર્ટીસીપેન્ટ કરેલ હતું.

"Aarambh - The Change" ઈવેન્ટનો મુખ્ય હેતુ નવા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવાનો હતો. આ ઈવેન્ટમાં કુલ ૫૦ જેટલાં પાર્ટીસીપેન્ટએ ભાગ લીધેલ અને જેમાં ૧૫ જેટલા સ્ટાર્ટઅપ ગ્રુપ જોડાયેલ હતાં. આ ૧૫ સ્ટાર્ટઅપ ગ્રૂપ દ્વારા Environment, Transportation, Water, IoT and Information Technology, પર પ્રેઝેન્ટેશન કરવામાં આવ્યા હતા. સદર ઈવેન્ટમાં પાર્ટીસીપેન્ટને સ્ટાર્ટઅપ આગળ લઈ જવા માટે વિવિધ તજજ્ઞો દ્વારા જરૂરી માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

AIC SURATi iLAB સેન્ટરમાં આગામી સમયમાં તા.૦૬/૦૬/૨૦૧૯ ના રોજ " Pehla Kadam Kamyabi Ki Aur", તા.૧૧/૦૬/૨૦૧૯ ના રોજ " Walk the Talk" તા.૧૩/૦૬/૨૦૧૯ ના રોજ "Alibaba and his Treasure" જેવી સ્ટાર્ટઅપને લગતી ઈવેન્ટ અને વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે. ઈવેન્ટને લગતી તમામ માહિતી અમારી વેબસાઈટ **"www.suratiilab.org"** પર મુકવામાં આવેલ છે. સ્ટાર્ટઅપને લગતી ઈવેન્ટ અને વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છતાં તમામને આમંત્રણ આપવામાં આવે છે અને તેઓ ઉપરોકત વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે.







# પ્રેસનોટ
## ગાર્ડન ખાતુ
## સુરત મહાનગરપાલિકા

### પ મી જૂન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી.

પ જુન "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી અંતર્ગત સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારમાં ટી.પી.નં.૪૨ (ભીમરાડ), એફ.પી.૭૩/૩, ભીમરાડ ખાતે આવેલ સુચિત ગાર્ડન પ્લોટમાં વૃક્ષારોપણ અને વિના મૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમ અને ખાનગી સ્થળોએ વૃક્ષારોપાણ નોંધણી માટે વેબ સાઈટ તથા મોબાઈલ એપલીક લોન્ચીંગ કાર્યક્રમ મા.મેયર શ્રી જગદીશભાઈ પટેલના પ્રમુખ સ્થાને અને, મા. ડે. મેયર નિરવ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલ દિપચંદ ગોપલાણી, મા.ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ અને શ્રી હર્ષભાઈ સંઘવી, માન.નેતા, શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, ગૃહનિમાર્ણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી સુચિત્રાબેન પટેલ, તથા વિસ્તારના મ્યુ.સભ્યશ્રીઓ સાથે શહેરના મહાનુભવો, નગરસેવકો, અને નગરજનો હાજર રહી કાર્યક્રમમાં ભાગ લઈ સુચિત બાગમાં ૩૯૨ નંગ વૃક્ષોના રોપાનું વૃક્ષારોપણ અને વિનામૂલ્યે તુલસીના ૪૫૦ નંગ રોપા કુંડા સહિત તેમજ વિવિધ પ્રકારના ૧૬૦૦ નંગ છાયા વૃક્ષોના રોપા જેવા કે, ટેકોમા, એરીકાપામ, આસોપાલવ, અશોક, જાસુદ, ટગરી, અરડુસી, લીમડા વિગેરે રોપા વિતરણ કરવામાં આવેલ હતું.

વધુમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે જનલોક ભાગીદારીથી વૃક્ષરોપાણ માટે સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૭૯૬ રોપાઓનું વિતરણ દિવ્યધામ નિર્માણ સંસ્થા, લવ તાપી કેર તાપી ગ્રુપ, નારી સંરક્ષણગૃહ, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ, બ્રહ્માકુમારી સંસ્થા વિગેરે સંસ્થાઓ તેમજ નગરજનો અને રાહદારીઓ મારફત કરવામાં આવેલ. સુરત મહાનગરપાલિકાના ગાર્ડન ખાતા દ્વારા જે તે ઝોનમાં પ મી જૂન સુધી જુદા જુદા જે તે બાગોમાં ૫,૪૯૭, રોડ સાઈડ ૫૧૦ અને રોડ ડીવાઈડરોમાં ૨,૨૦૦,ખાડી/કિનારા/બાયોડાયર્વસીટી પાર્કમાં ૬૨,૪૦૧, આરોગ્ય કેન્દ્ર ૧૮૦ , વોટર વર્કસ/એસ.ટી.પી.મુલ્ય વર્ધિત ૩૦૦ ,ખુલ્લા પ્લોટો અને અન્ય સ્થળોએ ૨૮૦ , બી.આર.ટી.એસ.રૂટ ૫૦૦ **મળી કુલ ૭૧,૯૩૮ વૃક્ષોના રોપાઓનું પ્લાન્ટેશન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે કરવામાં આવેલ હતું.**

આ ઉપરાંત સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી ખાતે પર્યાવરણ જાગૃતિ હેતુસર વિવિધ પ્રકારના પર્યાવરણલક્ષી સંદેશો આપતા બેનરો અને તેમજ આર્યુવેદાય અમૃતાનામઃ ઔષધિય વનસ્પતિનું પ્રદર્શન જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેર ને વધુ હરીયાળું બનાવવા **ખાનગી વિસ્તારોમાં વૃક્ષારોપણ** માટે પ મી જુનથી ૧૫ મી સપ્ટેમ્બર સુધી યોજના શરૂ કરેલ છે. વૃક્ષારોપણ માટે વેબસાઈટ **https://www.suratmunicipal.gov.in** અથવા મોબાઈલ એપ લીંક **https://tinyurl.com/SMCTreePlantation** પર નોંધણી કરાવનારને, સુરત મહાનગરપાલિકા તેમના સુચવેલ સ્થળે વૃક્ષારોપણ કરી આપશે અને સ્વૈચ્છિક વૃક્ષારોપણ માટે વિનામૂલ્યેવૃક્ષોના રોપા ઉપલબ્ધ કરી આપવામાં આવશે. જેની સર્વે નગરજનોએ / સંસ્થાઓએ નોંધ લેવા વિનંતી.

# સુરત મહાનગરપાલિકા

-:: પ્રેસનોટ ::-

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં ડીમોલીશન તેમજ ગેરકાયદેસર સ્ટ્રક્ચર ઉતારવાની કામગીરી ચાલી રહી છે જેમાં તા.૦૬/૦૬/૨૦૧૯ ના રોજ નીચે જણાવેલ વિવિધ ઝોનની કુલ ૧૮ ટીમો દ્વારા ૫૪ સ્થળો પર કામગીરી કરવામાં આવી રહી છે.

| ઝોન | ટીમની સંખ્યા | સ્થળની સંખ્યા |
|---|---|---|
| અઠવા ઝોન | ૪ | ૬ |
| ઉધના ઝોન | ૩ | ૯ |
| કતારગામ ઝોન | ૩ | ૧૦ |
| રાંદેર ઝોન | ૧ | ૧૩ |
| વરાછા ઝોન-એ | ૨ | ૧૦ |
| વરાછા ઝોન-બી | ૨ | ૨ |
| સેન્ટ્રલ ઝોન | ૧ | ૨ |
| લિંબાયત ઝોન | ૨ | ૨ |
| કુલ | ૧૮ | ૫૪ |

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા ટી.પી.૩(રૂંઢ) ફા.પ્લોટ નં.૧૮વાળી મિલકતમાં મેગા ફુડ મોલ વાળી મિલકતમાં અત્રેથી ટેમ્પરરી સ્ટ્રકચર પરવાનગી અગાઉ આપવામાં આવેલ . ત્યાર બાદ સ્થળે પ્લોટના ૫૦% પ્રમાણે પાર્કીગ સુવિધા ઉપલબ્ધ નહી કરાવતા સદરહું મિલકતની રીન્યુઅલ અરજી ગ્રાહય રાખવામાં આવેલ નહી. તેમજ આજ રોજ સ્થળે સદરહું મેગા ફુડ મોલ ખાતે આવેલ (૧)સરસ સુરતી થાળી (૨) દીવાને ખાસ (૩) ગ્રીલ ઓન ટેબલ (૪) સીઝવાન ટેમ્પલ (૫) થીક બાર (૬) સુરત કેન્ટીન સહિતની ખાણી–પીણીની તમામ રેસ્ટોરંટો તથા કિચન સહિતના આ મેગા ફુડ મોલને અત્રેના અઠવાઝોન ધ્વારા ડે.કમિશનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ સીલ મારી વપરાશ બંધ કરાવવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા રાહત દરે પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે. હાલમાં બી.આર.ટી.એસ. ના કુલ ૧૧ કોરિડોર મળીને આશરે દૈનિક ૧,૦૦,૦૦૦ થી વધુ પેસેન્જરો તેમજ સીટીબસ ના કુલ ૩૫ રૂટ ઉપર આશરે દૈનિક ૧,૦૫,૦૦૦ પેસેન્જરો મળી કુલ ૨,૦૫,૦૦૦ જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

જાહેર પરિવહન સેવાનો શહેરીજનો દ્વારા હાલમાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહેલ છે, જેને ધ્યાનમાં લઈ સુરત મહાનગરપાલિકા દ્વારા નવા બી.આર.ટી.એસ રૂટ નં ૨૨ કોસાડ EWS થી સરથાણા નેચરપાર્ક તા.૦૭/૦૬/૨૦૧૯નાં રોજથી શરૂ કરવામાં આવનાર છે. આ રૂટ કોસાડ EWS થી સરથાણા નેચરપાર્ક વાયા કોસાડ હાઉસીંગ બોર્ડ, કોસાડ ફાયર સ્ટેશન, ઉત્રાણ ROB, કાપોદ્રા ઉત્રાણબ્રીજ, DGVCL કાપોદ્રા, મહારાણા પ્રતાપ ગાર્ડન ચોપાટી થઈ સરથાણા નેચરપાર્ક સુધીના વિસ્તારને આવરી લેવામાં આવશે. આ રૂટ શરૂ કરવાથી કોસાડ આવાસ માં રહેતા રહેવાસીઓ નોકરિયાત તથા ધંધાદારી લોકોને વરાછા વિસ્તારની બસ સેવાની ડાયરેક્ટ કનેક્ટિવિટી મળશે. આ રૂટમાં કુલ ૦૭ બસ મુકવામાં આવનાર છે અને પીકઅવર્સમાં દર દસ (૧૦) મીનીટે બસ સેવા પ્રાપ્ત થશે.

હાલમાં કાર્યરત રૂટ નં. ૧૫૩ જે ગોપી તળાવ થી DGVCL કાપોદ્રા સુધી કાર્યરત છે, આ રૂટ ને તા.૦૩/૦૬/૨૦૧૯થી ઉમરા ગામ થી કાપોદ્રા વાયા અઠવાગેટ, મક્કાઈપુલ, ગોપી તળાવ, ભાગળ, રેલ્વે સ્ટેશન, લંબેહનુમાન રોડ થઇ મમતા પાર્ક સર્કલ સુધી લંબાવવામાં આવેલ છે. આ રૂટ લંબાવવાથી મુખ્યત્વે કાપોદ્રા વરાછા વિસ્તારના રહેવાસીઓને રેલ્વે સ્ટેશન, અઠવાગેટ, ઈચ્છાનાથમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓ તથા ઉમરાગામ નાં રહેવાસીઓને રેલ્વે સ્ટેશન, કાપોદ્રા વરાછા સુધીના વિસ્તારની બસ સેવાની કનેક્ટિવિટી મળશે. આ રૂટમાં કુલ ૧૧ બસ મુકવામાં આવનાર છે અને પીકઅવર્સમાં દર બાર (૧૨) મીનીટે બસ સેવા પ્રાપ્ત થશે.

હાલમાં કાર્યરત રૂટ નં. ૨૧૨ ચોક ટર્મિનલ થી સીતારામ ચોકને તા.૦૭/૦૬/૨૦૧૯ થી વરીયાવ ગામ સુધી લંબાવવામાં આવશે. આ રૂટને લંબાવવાથી વરીયાવગામ નાં રહેવાસીઓને અમરોલી કોસાડ, ગજેરા સર્કલ, કતારગામ દરવાજા અને ચોક ટર્મિનલ સુધી બસ સેવાની કનેક્ટિવિટી મળશે. આ રૂટમાં કુલ ૧૩ બસ મુકવામાં આવનાર છે અને પીકઅવર્સમાં દર દસ (૧૦) મીનીટે બસ સેવા પ્રાપ્ત થશે.

આ રૂટ તા. ૦૭/૦૬/૨૦૧૯નાં રોજથી નવા બી.આર.ટી.એસ રૂટ નં ૨૨ કોસાડ EWS થી સરથાણા નેચરપાર્ક શરૂ કરવામાં આવનાર તેમજ રૂટ નં. ૧૫૩ ઉમરા ગામ થી કાપોદ્રા લંબેહનુમાન રોડ થઇ મમતા પાર્ક સર્કલ સુધી લંબાવવામાં આવેલ છે અને રૂટ નં. ૨૧૨ ચોક ટર્મિનલ થી વરીયાવ ગામ સુધી લંબાવવામાં આવેલ હોય જે જાહેર જનતાને સદરહુ રૂટની બસ સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

-:: પ્રેસનોટ ::-

માન.કમિશનરશ્રીનાં આદેશનુસાર તથા માન.ડેપ્યુટી કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારનાં જે તે ઝોનમાં આવેલ જે તે મિલ્કતોના ટેરેસ લેવલે થયેલ ડોમ પ્રકારના બિનઅધિકૃત બાંધકામ તા.૦૬/૦૬/૨૦૧૯નાં રોજ દુર કરવામાં આવેલ છે. જે અંગેની ઝોન વાઈઝ વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | ઝોન | બિલ્ડીંગ/શેડની સંખ્યા | ડોમ પ્રકારના બાંધકામનું અંદાજીત ક્ષેત્રફળ (ચો.ફુટ) |
|---|---|---|---|
| ૧ | સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન | ૫ | ૧૫,૭૫૦ |
| ૨ | વેસ્ટ (રાંદેર) ઝોન | ૫ | ૯,૭૦૦ |
| 3 | નોર્થ (કતારગામ) ઝોન | ૬ | ૨૮,૬૦૦ |
| ૪ | ઇસ્ટ (વરાછા) ઝોન-એ | ૭ | ૯,૭૦૦ |
| ૫ | ઇસ્ટ (વરાછા) ઝોન-બી | ૭ | ૯,૫૦૦ |
| ૬ | સાઉથ-ઇસ્ટ (લિંબાયત) ઝોન | ૪ | ૪,૪૫૦ |
| ૭ | સાઉથ (ઉધના) ઝોન | ૫ | ૮,૪૫૦ |
| ૮ | સેન્ટ્રલ ઝોન | ૨ | ૧,૭૦૦ |
| | કુલ | ૪૧ | ૮૭,૮૫૦ |

# પ્રેસ નોટ

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ દ્વારા સ્થાપિત AIC SURATi iLAB (સુરત આઈડિયા અને ઈનોવેશન લેબ) અંતર્ગત રાયકા સર્કલ, ઉધના ખાતે આધુનિક સુવિધા ધરાવતા સ્ટાર્ટઅપ અને ઈન્ક્યુબેશન સેન્ટરનું લોકાર્પણ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તા.૩૦–૦૧–૨૦૧૯ ના રોજ કરવામાં આવ્યુ હતું. સદર સેન્ટર કાર્યરત થયેથી વિવિધ ઈવેન્ટ અને વર્કશોપનું આયોજન કરવામાં આવે છે.

AIC SURATi iLAB સેન્ટરમાં તા.૦૬/૦૬/૨૦૧૯ ના રોજ AIC SURATi iLAB સાથે જોડાયેલ પાર્ટનર Spinta Global Accelerator દ્વારા **" Pehla Kadam Kaamyaabi ki aur"** નામની બીજી ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ. આ ઈવેન્ટમાં **"Find the pen blindfolded"** એક્ટીવીટી સેશન કરવામાં આવેલ. સદર ઈવેન્ટમાં સ્ટાર્ટઅપ ગ્રુપ, સ્ટુડન્ટ વિગેરેએ પાર્ટીસીપેન્ટ કરેલ હતું.

"**Pehla Kadam Kaamyaabi ki aur**" ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ નવા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવાનો છે. આ સ્ટાર્ટ અપ માટે સુરતી આઈ લેબ એક મેન્ટર તરીકે માર્ગદર્શક બની રહેશે. આ ઈવેન્ટમાં કુલ ૩૦ જેટલાં પાર્ટીસીપેન્ટએ ભાગ લીધેલો હતો. સદર ઈવેન્ટમાં પાર્ટીસીપેન્ટને સ્ટાર્ટઅપ આગળ લઈ જવા માટે વિવિધ તજજ્ઞો દ્વારા જરૂરી માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

AIC SURATi iLAB સેન્ટરમાં આગામી સમયમાં તા.૧૧/૦૬/૨૦૧૯ ના રોજ "Walk the Talk" અને તા.૧૩/૦૬/૨૦૧૯ ના રોજ "Alibaba and his Treasure" જેવી સ્ટાર્ટઅપને લગતી ઈવેન્ટ અને વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે. ઈવેન્ટને લગતી તમામ માહિતી અમારી વેબસાઈટ **"www.suratiilab.org"** પર મુકવામાં આવેલ છે. સ્ટાર્ટઅપને લગતી ઈવેન્ટ અને વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છતાં તમામને આમંત્રણ આપવામાં આવે છે અને તેઓ ઉપરોકત વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

**<u>સુરત મહાનગરપાલિકા</u>**

**<u>સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન</u>**

**<u>અખબારી યાદી</u>**

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૬/૦૬/૧૯ ના રોજ મે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે ટેરેસ પર પતરાના શેડ દૂર કરવા ઝુંબેશ હાથ ધરી નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૩(રૂંઢ),ફા.પ્લોટ નં.૧૮ વાળી મિલ્કતમાં આવેલ મેગા ફુડ મોલવાળી મિલ્કતમાં અત્રેથી ટેમ્પરરી સ્ટ્રકચર પરવાનગી અગાઉ આપવામાં આવેલ. ત્યારબાદ સ્થળે પ્લોટના ૫૦% પ્રમાણે પાર્કિંગ સુવિધા ઉપલબ્ધ નહી કરાવતા, સદરહુ મિલ્કતની રીન્યુઅલ અરજી ગ્રાહ્ય રાખવામાં આવેલ નહી તેમજ આજરોજ સ્થળે સદરહુ મેગા ફુડ મોલ ખાતે આવેલ (૧) સરસ સુરતી થાળી (૨) દીવાને ખાસ (૩) ગ્રીલ ઓન ટેબલ (૪) સીઝવાન ટેમ્પલ (૫) થીક બાસ (૬) સુરત કેન્ટીન સહિતની ખાણી–પીણીની તમામ રેસ્ટોરન્ટો તથા કિચન સહિતના આ મેગા ફુડ મોલને અત્રેના અઠવા ઝોન દ્વારા ડે.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ સીલ મારી ૨૪૦૦૦.૦૦ ચો.ફુટ કોમર્શીયલ વપરાશ બંધ કરાવવામાં આવેલ'છે.

(૨) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૭(ભટાર–મજુરા),ફા.પ્લોટ નં.૭૨/બી, પ્લોટ નં.૪૨ "રાધાક્રિષ્ના ઈન્ડસ્ટ્રી" વાળી મિલ્કતની અત્રેથી સ્થળ તપાસ કરતા ટેરેસ પર પતરાના શેડનું કવર કરેલ બાંધકામ કરી, ઈન્ડસ્ટ્રીયલ તરીકે વપરાશ કરતા હોવાનું ધ્યાને આવતા, સદરહુ ૧૮૦૦.૦૦ ચો.ફુટનું પતરાના શેડનું બાંધકામ દૂર પતરાના શેડનું બાંધકામ દૂરી, ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૩) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૭(ભટાર–મજુરા),ફા.પ્લોટ નં.૭૨/બી, પ્લોટ નં.૫૭ "મેવાડ મંદિર" વાળી મિલ્કતની અત્રેથી સ્થળ તપાસ કરતા ટેરેસ પર પતરાના શેડનું કવર કરેલ બાંધકામ કરી, ઈન્ડસ્ટ્રીયલ તરીકે વપરાશ કરતા હોવાનું ધ્યાને આવતા, સદરહુ ૨૧૦૦.૦૦ ચો.ફુટનું પતરાના શેડનું બાંધકામ દૂર પતરાના શેડનું બાંધકામ દૂરી, ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૪) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૭(ભટાર–મજુરા),ફા.પ્લોટ નં.૭૨/બી, પ્લોટ નં.૬૧વાળી મિલ્કતની અત્રેથી સ્થળ તપાસ કરતા ટેરેસ પર પતરાના શેડનું કવર કરેલ બાંધકામ કરી, ઈન્ડસ્ટ્રીયલ તરીકે વપરાશ કરતા હોવાનું ધ્યાને આવતા, સદરહુ ૨૩૦૦.૦૦ ચો.ફુટનું પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

(૫) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૭(ભટાર–મજુરા),ફા.પ્લોટ નં.૭૨/બી, પ્લોટ નં.૯૦,૯૧,૯૨ "એચ.એમ.ફર્નિચર" વાળી મિલ્કતની અત્રેથી સ્થળ તપાસ કરતા ટેરેસ પર પતરાના શેડનું કવર કરેલ બાંધકામ કરી, ઈન્ડસ્ટ્રીયલ તરીકે વપરાશ કરતા હોવાનું ધ્યાને આવતા, સદરહુ ૩૬૦૦.૦૦ ચો.ફુટનું પતરાના શેડનું બાંધકામ દૂર પતરાના શેડનું બાંધકામ દૂરી, ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૬) સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૯(રૂંઢ–વેસુ–મગદલ્લા),ફા.પ્લોટ નં.૫૧/૨+ ૫૩ "એઝોલ્ટ" વાળી મિલ્કતની અત્રેથી સ્થળ તપાસ કરતા લો–રાઈઝ કોમર્શીયલ બિલ્ડીંગના ટેરેસ પર પતરાના શેડનું બે વિંગમાં કવર કરેલ બાંધકામ કરી, કોમર્શીયલ તરીકે વપરાશ કરતા હોવાનું ધ્યાને આવતા, સદરહુ ૫૯૫૦.૦૦ ચો.ફુટનું પતરાના શેડનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ડે.કમિશ્નરશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા ટેકનીકલ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

# <u>પ્રેસનોટ</u>
# ઈસ્ટઝોન–એ
# સુરત મહાનગરપાલિકા

ઈસ્ટ ઝોન – એ ખાતે ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત તા.૦૬–૦૬–૧૯ ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ દરમ્યાન મોકડ્રીલ રાખવામાં આવેલ. જેમાં ઈસ્ટઝોન–એ, ખાતેના ભાગ્યોદય વોર્ડ વિસ્તારમાં આવેલ ડોમીનોઝની ગલીમાં ભારે વરસાદને કારણે ભુવો પડી ગયેલ તથા મોદી મહોલ્લો ,એ.કે.રોડ ખાતે ભારે વરસાદને કારણે પાણીનો ભરાવો થવા પામેલ. જેમાં આરોગ્ય વિભાગ દ્વારા તાકીદના ધોરણે આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરી સદર સ્થળે તમામ વરસાદી જાળીયાની સાફ–સફાઈ કરાવી ૨૫૦, કિલો જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ. તથા ૦૪, ટ્રેકટરો રોકી ૦૬ ટન સોલીડ વેસ્ટનો નિકાલ કરવામાં આવેલ. તેમજ સદર સ્થળે અસરગ્રસ્તોને પટેલનગર સ્કૂલ ખાતે સલામત રીતે શીફટ કરવામાં આવેલ છે. જયાં તેઓને જરૂરી ફુડપેકેટ તથા પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ. સદર કામગીરી ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ કરવામાં આવેલ. જેમાં ચીફ એસ.આઈ, ૦૨, એ.આઈ.ઓ–૦૧, એસ.આઈ– ૦૫, એસ.એસ.આઈ– ૦૫, ટ્રેઈની એસ.એસ.આઈ–૦૨, મુકાદમ–૦૨, સફાઈ કામદારો–૭૨, પ્રાયમરી હેલ્થ વર્કરો–૨૪, તેમજ ૦૨, મેડીકલ મોબાઈલ ટીમ દ્વારા આરોગ્યલક્ષી કામગીરી કરવામાં આવેલ.

# સુરત મહાનગરપાલિકા

# વેસ્ટઝોન (રાંદેર)

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના વેસ્ટઝોન (રાંદેર) વિસ્તારમાં તા.૦૬/૦૬/૨૦૧૯ ના રોજ રંગીલા સર્કલ–જીવનયાત્રા સર્કલ ખાતે મોકડ્રીલ કરવામાં આવેલ જેની અખબાર યાદી

આજરોજ વેસ્ટઝોન (રાંદેર) ખાતે સાંજે ૦૩ઃ૫૮ કલાકે ફાયર બ્રિગેડ, અડાજણ ફાયર સ્ટશેનના ફાયર ઓફીસરશ્રી ઈશ્વરભાઈ પટેલના કોલ મળતાં તેઓ નીચાણવાળા વિસ્તારમાં પાણીનો ભરાવો થતાં તેઓ જીવનયાત્રા સર્કલ ઉપર ૦૪:૦૮ ઘટના સ્થળે પહોચી ગયા હતા ત્યાંથી તેઓ પાણી ભરાયેલ સ્થળ ઉપર તાત્કાલિક એક ફાયર ઓફીસર અને ૦૮ ફાયરમેન સાથે ગાડી નં.જીજે–૫જી–૯૩૬૭ હાઈ કેપીસીટી વાળા ડીવોટરીંગ પંપ તેમજ વોટર બ્રાઉઝર સાથે ડીવોટરીંગ પંપ ધ્વારા સ્ટ્રોમ વોટર ડ્રેનેજના આઉટલેટમાં પાણીનો નિકાલ કરવાની કામગીરી કરાવામાં આવેલ તેમજ હાઈસ્પીડ ડીવોટરીંગ પંપ ધ્વારા પાણીનો નિકાલ ઝડપથી થતાં આજુ બાજુના વિસ્તારમાં પાણીનો ભરાવો ઓછો થવા પામેલ તેની સાથે એન્જિ. વિભાગના આસી.ઈજનેર–૨, સુપરવાઈઝર–૧, ટેકનીકલ આસી.–૨, સર્વેયર–૧ અને બેલદારો પાવડા સાથે વિસ્તારમાં કીચડ ખસેડવાની કામગીરી કરવામાં આવેલ તેમજ ત્યાં રહેલા પાણીના ભરાવામાં ડ્રેનેજ વિભાગ ધ્વારા સ્ટ્રોમ વોટરમાં પાણીના ભરાવાને ગલ્પર મશીન ધ્વારા પાણીનો નિકાલ કરવાની કામગીરી ડ્રેનેજ તેમજ સુએઝ જેટીંગ સાથે એસ.આઈ.–૦૧, મ.આ.નિ.–૦૨ વિસ્તારમાં કામગીરી હાથ ધરવામાં આવેલ તેમજ પાણી ઉતરતાં વિસ્તારમાં નાના ખાડા ખાબોચીયામાં મચ્છરની ઉત્પતિ ન થાય તે હેતુ માટે વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા મ.આ.નિ.–૦૨, પ્રા.હે.વર્કર–૦૨ તેમજ બેલદાર–૦૮ ની ટીમ સાથેપાણીના ભરાવામાં જંતુનાશક દવાનો છંટકાવ તેમજ ઈન્ટ્રા–ડોમેસ્ટીક સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ.

પાણી ઉતરતાં કાદવ–કીચડ વાળા વિસ્તારોમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ની ટીમ સાથે ૦૪:૦૪ કલાકે સ્થળ ઉપર મહોંચી ત્યાં આજુ બાજુ ના વિસ્તારોમાં અડાજણ, ગોરાટ તેમજ અડાજણ વોર્ડના બેલદાર સાથેની ટીમ બનાવી સાફ–સફાઈ સાથે રોડ ઉપર બ્રસીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ તેમજ સદર વિસ્તારમાં તળિયા ઝાટક કાદવ–કીચડનો ટ્રેકટરમાં નિકાલ કરવામાં આવેલ સાથે–સાથે પાણી ભરાયેલા વિસ્તારમાં ફુડ પેકેટ તેમજ પાણીના ભરાવા તેમજ કિનારા ઉપર જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ તેમજ સદર કામગીરી નાયબ આરોગ્ય અધિકારીશ્રીની દેખરેખ હેઠળ આજુ બાજુ ના વિસ્તારોની સોસાયટીમાં મેડીકલ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવેલ તેમજ સોસાયટી વિસ્તારોમાં ફીવર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ. ફીવર વાળા દર્દીને સારવાર સ્થળ ઉપર જ આપવામાં આવેલ. આવા નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને ૦૪:૪૫ કલાકે નીચાણવાળા વિસ્તારમાંથી ખસેડી રીલીફ સેન્ટર ખાતે ખસેડવામાં આવેલ.

# સુરત મહાનગરપાલિકા

-:: પ્રેસનોટ ::-

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં ડીમોલીશન તેમજ ગેરકાયદેસર સ્ટ્રક્ચર ઉતારવાની કામગીરી ચાલી રહી છે જેમાં તા.૦૭/૦૬/૨૦૧૯ ના રોજ નીચે જણાવેલ વિવિધ ઝોનની કુલ ૨૩ ટીમો દ્વારા ૫૨ સ્થળો પર કામગીરી કરવામાં આવી રહી છે.

| ઝોન | ટીમની સંખ્યા | સ્થળની સંખ્યા |
|---|---|---|
| અઠવા ઝોન | ૪ | ૫ |
| ઉધના ઝોન | ૩ | ૪ |
| કતારગામ ઝોન | ૩ | ૬ |
| રાંદેર ઝોન | ૪ | ૧૧ |
| વરાછા ઝોન-એ | ૩ | ૧૭ |
| વરાછા ઝોન-બી | ૨ | ૨ |
| સેન્ટ્રલ ઝોન | ૨ | ૩ |
| લિંબાયત ઝોન | ૨ | ૪ |
| કુલ | ૨૩ | ૫૨ |

# <u>પ્રેસનોટ</u>

વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા સંદર્ભે આપત્તિ વ્યવસ્થાપનનાં ભાગરૂપે બચાવ, રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં, કયા પ્રકારની, કેટલા પ્રમાણમાં સેવા / સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તેસુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની બેઠકનું સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૧/૦૬/૨૦૧૯ ને મંગળવારના રોજ સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ કલાક દરમ્યાન ગાંધી સ્મૃતિભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે રાખવામાં આવેલ હતી **<u>પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે સદર મીટીગ મોકુફ / મુલતવી રાખવામાં આવેલ છે.</u>**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૭૨
તા. ૦૭-૦૬-૨૦૧૯

# પ્રેસનોટ

તા.૦૪/૦૬/૨૦૧૯ ના રોજ બપોરે ૧૧:૦૦ કલાકે મા.કમિશનરશ્રીની અધ્યક્ષતામાં હેલ્થ અને ઈજનેરી મીટીંગમાં જણાવ્યા મુજબ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ના ભાગરૂપે મોકડ્રિલ નું આયોજન કરવા સુચના આપેલ જે આજે તા.૦૬/૦૬/૨૦૧૯ના રોજ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનદ્વારા રૂદરપુરા લાપસીવાલાની ચાલ તથા આજુબાજુના વિસ્તારોમાં પ્રિમોન્સુન પ્રીપેર્ડનેસ તૈયારીના ભાગરૂપે ટ્રેન્ચ લાઈન બેસી જવી, ભુવો પડવો,નિચાણવાળા એરીયામાં પાણી ભરાઈ જવુ મેઈન હોલ ખુલ્લા હોય કોઈ વ્યકિતનું અંદર પડી જવુ, સ્ટ્રીટ લાઈટના જંકશન બોક્ષ ખુલ્લો હોય એકસીડન્ટ થાય, લાઈટ પોલ પડી જાય, ભોયરા ખોદતા બાજુની દિવાલ ધસી પડે,માટી ધસી પડવાથી માણસ દટાય જાય, બિસ્માર મિલકતનું પડી જવુ, ઝાડ પડી જવુ, મકાનોમાં પાણી ધુસી જવા, રાહત કેન્દ્રોમાં અસરગ્રસતોને શીફટ કરવા, પુરના પાણી ઉતરી ગયા બાદ સફાઈ કરાવી દવાનો છંટકાવ કરાવવા, ફુડ પેકેટ વિતરણ, લાઈટ પાણીની સુવિધા કરાંવી, પ્રાથમિક સારવાર ટીમ, બિમાર વ્યકિતને એમ્બ્યુલન્સ બોલાવી હોસ્પિટલમાં શીફટ કરવા જેવી રાહત કામગીરીઓ સાંજે ૪:૦૦ કલાકે થી આયોજન કરવામાં આવેલ હતું. જેની ફરીયાદ સેન્ટ્રલ ઝોન ઈમરજન્સી (કંટ્રોલ રૂમ)પર મળતા ઈમરજન્સી સ્ટાફદ્વારા ફરિયાદો ૩:૫૫ મળેલ ફરીયાદો ૩:૫૬ થી સંબંધિતોને મોકલી આપવામાં આવેલ અને જે દરમ્યાન ઝોનના આસી.કમિશનરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, મેડીકલ ઓફિસર(ક્ષેત્રપાળ હેલ્થ સેન્ટર), આકારણી વસુલાત અધિકારીશ્રીઓ, આસી.જતુંનાશક અધિકારી, ડે. ઈજનેર, આસી.ઈજનેર, જુની.ઈજનેર, કલાર્ક કમ કંમ્પાઉન્ડર તેમજ તમામ ટેકનીકલ સ્ટાફ તેમજ વહીવટી સ્ટાફ, ડ્રાઈવર, બેલદાર, સફાઈ કામદાર, વાહનો જેસીબી, ટેન્કર, સુવરજેટીંગ મશીન, રેતીની ગુણો વિગેરે સ્ટાફ સહિત ફરજ બજાવતા કર્મચારી હાજર રહેલા હતા. ઈમરજન્સી સ્ટાફદ્વારા મોકડ્રીલ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક દરમ્યાન સફળતા પૂર્વક પુર્ણ કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૭૩
તા. ૦૭-૦૬-૨૦૧૯

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબનું મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૨૦૧૪/બ/૧,૨૦૧૪/બ/૨, સૈયદવાડા વાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરૂધ્ધ પાંચમાં માળે કરેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા.૦૭/૦૬/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે આશરે ૧૯૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૭૫,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૪, નોંધ નં.૧૭૨૧–૨૨,બેગમપુરા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની મંજુરી લીધા વિના ગેરકાયદેસર બાંધકામ કરતા અત્રેથી તા.૦૭/૦૬/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત ચોથામાં માળે આશરે ૨૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા પાંચમાં માળે ૦૯ કોલમો દુર કરવામાં આવેલ છે તથા ડીમોલીશનની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૭૪
તા.૦૭/૦૬/૨૦૧૯

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)
# અખબાર યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૦૬/૦૬/૨૦૧૯ ના રોજ ૦૪(ચાર) અલગ અલગ લોકેશન જેવા કે આંજણા ગરનાળુ, રૂપનગર ગરનાળુ ઉધનાયાર્ડ, ડો. અબ્દુલ કલામ સ્કુલ પાસે ગોડાદરા તથા ઓમનગરનો મેઈન રોડ ડિંડોલી ખાતે મોકડ્રીલ કરવામાં આવેલ જેની વિગતો નીચે મુજબ છે.

તા.૦૬/૦૬/૨૦૧૯ ના રોજ સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ખાતે સાંજે ૦૩:૪૫ કલાકે થી કંટ્રોલ રૂમમાંથી ઉપરોકત નીચાણવાળા વિસ્તારમાં પાણીનો ભરાવો થયા અંગેની જાણ થતા અત્રે થી સબંધિત કર્મચારી તથા બેલદારો સહિતના સ્ટાફ સાથે ૦૪:૧૦ કલાકે ફરીયાદના સ્થળે પહોંચી ગયા હતા ત્યાંથી તેઓ પાણી ભરાયેલ સ્થળ ઉપર તાત્કાલીક હાઈ કેપીસીટી વાળા ડિવોટરીંગ પંપ તેમજ વોટર બ્રાઉઝર સાથે ડિવોટરીંગ પંપ ધ્વારા સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજના આઉટલેટમાં પાણીનો નિકાલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ તથા સ્ટ્રોર્મ ડ્રેનેજના ઈનલેટ ચેમ્બરો પરનો કચરો દૂર કરવાની, સાફ સફાઈ કરી વરસાદી પાણીનો નિકાલ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ. જેના પરિણામે આજુ બાજુના વિસ્તારમાં પાણીનો ભરાવો દૂર થયેલ તેની સાથે એન્જી. વિભાગના ૦૪–ડેપ્યુટી ઈજનેર, ૦૪–આસી./જુની.ઈજનેર, ૦૩–સુપરવાઈઝર, ૦૩–ટેકનીકલ આસીસ્ટન્ટ અને ૩૨–બેલદારો ની ટીમ બનાવી જરૂરી સાધન સામગ્રી સાથે ઉકત વિસ્તારમાં કીચડ ખસેડવાની કામગીરી કરવામાં આવેલ તેમજ આરોગ્ય વિભાગ ધ્વારા પણ સ્ટ્રોર્મ ડ્રેનેજ લાઈનમાં થયેલ પાણીના ભરાવાને ગલ્પર મશીન, સુઅર જેટીંગ મશીન ધ્વારા નિકાલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ તેમજ આ વિસ્તારમાં નાના ખાડા ખાબોચીયામાં મચ્છર ની ઉત્પતિ ન થાય તે હેતુ માટે આરોગ્ય / વિ.બી.ડી.સી. વિભાગ ધ્વારા મ.આ.નિ./સુપરવાઈઝરી સ્ટાફ–૨૩, પ્રા.હે.વર્કર–૪૪ તેમજ બેલદાર–૩૦ ની ટીમ સાથે પાણીના ભરાવામાં જંતુનાશક દવાનો છંટકાવ, વરસાદી જાળીયા સફાઈ કરવાની તેમજ ઈન્ટ્રા–ડોમેસ્ટીક સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ.

પાણી ઉતરતાં કાદવ–કીચડ વાળા વિસ્તારોમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ની ટીમ સાથે ૦૫:૦૦ કલાકે સ્થળ ઉપર પહોંચી ત્યાં આજુ બાજુના વિસ્તારોમાં વોર્ડના બેલદાર સાથેની ટીમ બનાવી સાફ સફાઈ સાથે રોડ બ્રસીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ તેમજ સદર વિસ્તારમાં તળિયા ઝાટક કાદવ–કીચડનો ટ્રેકટરમાં નિકાલ કરવામાં આવેલ સાથે–સાથે પાણી ભરાયેલા વિસ્તારમાં ફુડ પેકેટ તેમજ પાણીના ભરાવા તેમજ કિનારા ઉપર જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ તેમજ સદર કામગીરી નાયબ આરોગ્ય અધિકારીશ્રીની દેખરેખ હેઠળ આજુ બાજુના વિસ્તારોની સોસાયટીમાં મેડીકલ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવેલ તેમજ સોસાયટી વિસ્તારમાં ફીવર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ. મેડીકલ ટીમ ધ્વારા ૧૨ જેટલા ફીવર વાળા દર્દીને સ્થળ ઉપર જ સારવાર આપવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૭૫
તા.૦૭/૦૬/૨૦૧૯

-:: પ્રેસનોટ ::-

માન.કમિશનરશ્રીનાં આદેશનુસાર તથા માન.ડેપ્યુટી કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારનાં જે તે ઝોનમાં આવેલ જે તે મિલ્કતોના ટેરેસ લેવલે થયેલ ડોમ પ્રકારના બિનઅધિકૃત બાંધકામ તા.૦૭/૦૬/૨૦૧૯નાં રોજ દુર કરવામાં આવેલ છે. જે અંગેની ઝોન વાઈઝ વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | ઝોન | બિલ્ડીંગ/શેડની સંખ્યા | ડોમ પ્રકારના બાંધકામનું અંદાજીત ક્ષેત્રફળ (ચો.ફુટ) |
|---|---|---|---|
| ૧ | સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન | ૫ | ૧૭,૪૦૦ |
| ૨ | વેસ્ટ (રાંદેર) ઝોન | ૧૧ | ૨૫,૧૫૦ |
| ૩ | નોર્થ (કતારગામ) ઝોન | ૭ | ૨૬,૩૦૦ |
| ૪ | ઇસ્ટ (વરાછા) ઝોન-એ | ૮ | ૭,૪૦૨ |
| ૫ | ઇસ્ટ (વરાછા) ઝોન-બી | ૭ | ૭,૯૦૦ |
| ૬ | સાઉથ-ઇસ્ટ (લિંબાયત) ઝોન | ૩ | ૧,૯૪૦ |
| ૭ | સાઉથ (ઉધના) ઝોન | ૩ | ૧૨,૫૦૦ |
| ૮ | સેન્ટ્રલ ઝોન | ૨ | ૨,૨૦૦ |
| | કુલ | ૪૬ | ૧,૦૦,૭૯૨ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.: ૧૭૬
તા.૦૭/૦૬/૨૦૧૯

-:: પ્રેસનોટ ::-

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં ડીમોલીશન તેમજ ગેરકાયદેસર સ્ટ્રક્ચર ઉતારવાની કામગીરી ચાલી રહી છે જેમાં તા.૦૮/૦૬/૨૦૧૯ ના રોજ નીચે જણાવેલ વિવિધ ઝોનની કુલ ૨૦ ટીમો દ્વારા ૪૫ સ્થળો પર કામગીરી કરવામાં આવી રહી છે.

| ઝોન | ટીમની સંખ્યા | સ્થળની સંખ્યા |
|---|---|---|
| અઠવા ઝોન | ૩ | ૪ |
| ઉધના ઝોન | ૩ | ૪ |
| કતારગામ ઝોન | ૩ | ૭ |
| રાંદેર ઝોન | ૪ | ૧૫ |
| વરાછા ઝોન-એ | ૨ | ૮ |
| વરાછા ઝોન-બી | ૨ | ૨ |
| સેન્ટ્રલ ઝોન | ૨ | ૩ |
| લિંબાયત ઝોન | ૧ | ૨ |
| **કુલ** | **૨૦** | **૪૫** |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.: ૧૭૭
તા.૦૮/૦૬/૨૦૧૯

-:: પ્રેસનોટ ::-

માન.કમિશનરશ્રીનાં આદેશનુસાર તથા માન.ડેપ્યુટી કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારનાં જે તે ઝોનમાં આવેલ જે તે મિલ્કતોના ટેરેસ લેવલે થયેલ ડોમ પ્રકારના બિનઅધિકૃત બાંધકામ તા.૦૮/૦૬/૨૦૧૯નાં રોજ દુર કરવામાં આવેલ છે. જે અંગેની ઝોન વાઈઝ વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | ઝોન | બિલ્ડીંગ/શેડની સંખ્યા | ડોમ પ્રકારના બાંધકામનું અંદાજીત ક્ષેત્રફળ (ચો.ફુટ) |
|---|---|---|---|
| ૧ | સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન | ૮ | ૭,૧૪૦ |
| ૨ | વેસ્ટ (રાંદેર) ઝોન | ૧૧ | ૧૨,૬૫૦ |
| ૩ | નોર્થ (કતારગામ) ઝોન | ૫ | ૨૪,૮૦૦ |
| ૪ | ઇસ્ટ (વરાછા) ઝોન-એ | ૬ | ૪,૦૫૦ |
| ૫ | ઇસ્ટ (વરાછા) ઝોન-બી | ૪ | ૫,૦૦૦ |
| ૬ | સાઉથ-ઇસ્ટ (લિંબાયત) ઝોન | ૩ | ૨,૪૮૦ |
| ૭ | સાઉથ (ઉધના) ઝોન | ૪ | ૧૧,૪૦૦ |
| ૮ | સેન્ટ્રલ ઝોન | ૨ | ૨,૫૦૦ |
| | કુલ | ૪૩ | ૭૦,૦૨૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.: ૧૭૮
તા.૦૮/૦૬/૨૦૧૯

# સુરત મહાનગરપાલિકા

-:: પ્રેસનોટ ::-

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં ડીમોલીશન તેમજ ગેરકાયદેસર સ્ટ્રક્ચર ઉતારવાની કામગીરી ચાલી રહી છે જેમાં તા.૧૦/૦૬/૨૦૧૯ ના રોજ નીચે જણાવેલ વિવિધ ઝોનની કુલ ૧૯ ટીમો દ્વારા ૪૩ સ્થળો પર કામગીરી કરવામાં આવી રહી છે.

| ઝોન | ટીમની સંખ્યા | સ્થળની સંખ્યા |
|---|---|---|
| અઠવા ઝોન | ૩ | ૪ |
| ઉધના ઝોન | ૨ | ૪ |
| કતારગામ ઝોન | ૩ | ૧૦ |
| રાંદેર ઝોન | ૪ | ૧૦ |
| વરાછા ઝોન-એ | ૩ | ૬ |
| વરાછા ઝોન-બી | ૨ | ૪ |
| સેન્ટ્રલ ઝોન | ૧ | ૨ |
| લિંબાયત ઝોન | ૧ | ૩ |
| કુલ | ૧૯ | ૪૩ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.: ૧૭૯
તા.૧૦/૦૬/૨૦૧૯

# પ્રેસ નોટ

........................

## માહે મે ૨૦૧૯ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે **૨૦૧૯** દરમ્યાન **૪૫૪૩** ઈન્ડોર તથા **૫૨૦૮૧** આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૨૧૧૪** નાના તથા ૭૩૩ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૩૦૯૬** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૫૫૧** અને જુના **૧૬૯૧** દર્દીઓ સહીત કુલ **૩૨૪૨** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૪૭૭** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૩૬૮** તથા આંખ વિભાગમાં **૨૮૧૫** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૭૮૮૩** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

પ્રતિ,
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં.૧૮૦
તા.૧૦/૦૬/૧૯

# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૩૧૨૪, રાણીતળાવ,ભાગળ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૦/૦૬/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાર્કીંગવાળા ભાગમાં બનાવેલ દુકાનનું શટર દુર કરી આશરે ૫૫૦ ચો.ફુટ પાર્કીંગ ખુલ્લુ કરેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૮૧
તા.૧૦/૦૬/૨૦૧૯

# સુરત મહાનગરપાલિકા

-:: પ્રેસનોટ ::-

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં ડીમોલીશન તેમજ ગેરકાયદેસર સ્ટ્રક્ચર ઉતારવાની કામગીરી ચાલી રહી છે જેમાં તા.૧૧/૦૬/૨૦૧૯ ના રોજ નીચે જણાવેલ વિવિધ ઝોનની કુલ ૧૯ ટીમો દ્વારા ૪૨ સ્થળો પર કામગીરી કરવામાં આવી રહી છે.

| ઝોન | ટીમની સંખ્યા | સ્થળની સંખ્યા |
|---|---|---|
| અઠવા ઝોન | ૩ | ૩ |
| ઉધના ઝોન | ૨ | ૩ |
| કતારગામ ઝોન | ૩ | ૧૦ |
| રાંદેર ઝોન | ૩ | ૬ |
| વરાછા ઝોન-એ | ૩ | ૧૨ |
| વરાછા ઝોન-બી | ૨ | ૨ |
| સેન્ટ્રલ ઝોન | ૧ | ૧ |
| લિંબાયત ઝોન | ૨ | ૫ |
| કુલ | ૧૯ | ૪૨ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.: ૧૮૨
તા.૧૧/૦૬/૨૦૧૯

# જુનો પૂર્વઝોન(વરાછા)–એ ની અખબારી યાદી

તા.૧૧/૦૬/૨૦૧૯

## જુનો પૂર્વ(વરાછા)ઝોન–એ ના ઉમરવાડા વિસ્તારમાં ડીમોલીશન બાબત.

- જુનો પૂર્વ(વરાછા)ઝોન–એ વિસ્તારમાં આવેલ સુરત બારડોલી રોડ ઉપર અવધ ટેક્ષટાઈલ માર્કેટની સામે આવેલ ટી.પી. સ્કીમ નં.૦૮(ઉમરવાડા) નાં ફા.પ્લોટ નં.૪૮ પૈકી વાળી મિલ્કતમાં મિલ્કતદાર / કબ્જેદારશ્રી ધ્વારા કરેલ લોખંડની એંગલ ઉપર પતરાના શેડનું ગેરકાયદેસર બાંધકામ કરી શાકમાર્કેટ ચલાવવાની પ્રવૃતિ કરવામાં આવતી હતી. જેનું આજરોજ અંદાજીત ૫૦૦૦.૦૦ ચો.ફુટ બાંધકામ દુર કરેલ છે. જેથી સુરત–બારડોલી રોડ પરની ટ્રાફીક સમસ્યાનું મહદ અંશે નિવારણ લાવી શકાય.

ઉકત કામગીરી મે.ડે.કમિશ્નરશ્રી(ડેપ્યુટેશન)ની સૂચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૮૩
તા.૧૧/૦૬/૨૦૧૯

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૭, નોંધ નં.૧૭૫૧ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુઘ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૧/૦૬/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમા માળે આશરે ૧૧૦૦ ચો.ફુટ માર્જીનવાળા તથા ઓપન ટેરેસવાળા ભાગમાં આર.સી.સી. સ્લેબ દુર કર્યો. તેમજ ડીમોલીશન પેટે રૂા.૧,૦૦,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૮૪
તા.૧૧/૦૬/૨૦૧૯

-:: પ્રેસનોટ ::-

માન.કમિશનરશ્રીનાં આદેશનુસાર તથા માન.ડેપ્યુટી કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારનાં જે તે ઝોનમાં આવેલ જે તે મિલ્કતોના ટેરેસ લેવલે થયેલ ડોમ પ્રકારના બિનઅધિકૃત બાંધકામ તા.૧૧/૦૬/૨૦૧૯નાં રોજ દુર કરવામાં આવેલ છે. જે અંગેની ઝોન વાઈઝ વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | ઝોન | બિલ્ડીંગ/શેડની સંખ્યા | ડોમ પ્રકારના બાંધકામનું અંદાજીત ક્ષેત્રફળ (ચો.ફુટ) |
|---|---|---|---|
| ૧ | સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન | ૮ | ૬,૩૦૦ |
| ૨ | વેસ્ટ (રાંદેર) ઝોન | ૬ | ૫,૮૦૦ |
| ૩ | નોર્થ (કતારગામ) ઝોન | ૬ | ૨૫,૨૦૦ |
| ૪ | ઇસ્ટ (વરાછા) ઝોન-એ | ૪ | ૧૧,૦૨૦ |
| ૫ | ઇસ્ટ (વરાછા) ઝોન-બી | ૨ | ૩,૫૦૦ |
| ૬ | સાઉથ-ઇસ્ટ (લિંબાયત) ઝોન | ૩ | ૨,૨૦૦ |
| ૭ | સાઉથ (ઉધના) ઝોન | ૩ | ૬,૫૦૦ |
| ૮ | સેન્ટ્રલ ઝોન | ૧ | ૧,૧૦૦ |
| | કુલ | ૩૩ | ૬૧,૬૨૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.: ૯૮૫
તા.૧૧/૦૬/૨૦૧૯

# સુરત મહાનગરપાલિકા

-:: પ્રેસનોટ ::-

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારમાં ડીમોલીશન તેમજ ગેરકાયદેસર સ્ટ્રક્ચર ઉતારવાની કામગીરી ચાલી રહી છે જેમાં તા.૧૨/૦૬/૨૦૧૯ ના રોજ નીચે જણાવેલ વિવિધ ઝોનની કુલ ૧૮ ટીમો દ્વારા ૩૯ સ્થળો પર કામગીરી કરવામાં આવી રહી છે.

| ઝોન | ટીમની સંખ્યા | સ્થળની સંખ્યા |
|---|---|---|
| અઠવા ઝોન | ૨ | ૩ |
| ઉધના ઝોન | ૨ | ૪ |
| કતારગામ ઝોન | ૩ | ૭ |
| રાંદેર ઝોન | ૩ | ૬ |
| વરાછા ઝોન-એ | ૩ | ૧૦ |
| વરાછા ઝોન-બી | ૨ | ૨ |
| સેન્ટ્રલ ઝોન | ૧ | ૧ |
| લિંબાયત ઝોન | ૨ | ૬ |
| કુલ | ૧૮ | ૩૯ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.: ૧૮૬
તા.૧૨/૦૬/૨૦૧૯

# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## **ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૪, નોંધ નં.૩૮૭૮–૭૯ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુઘ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૨/૦૬/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે આશરે ૨૫૦ ચો.ફુટ ચણતર તથા ૦૮ કોલમના સળિયા દુર કર્યા. તેમજ ડીમોલીશન પેટે રૂા.૨૦,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૮૭
તા.૧૨/૦૬/૨૦૧૯

—:: પ્રેસનોટ ::—

**તા.૧૨/૦૬/૨૦૧૯નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગત**

નીચે મુજબનાં વિસ્તારોમાં આજરોજ ઝાડ પડવાનાં કોલ મળતા સુરત ફાયર અને ઈમરજન્સી વિભાગ દ્વારા ઉપલબ્ધ સાધનો ચેઈન શો મશીન જેવા અધ્યતન સાધનનો ઉપયોગ કરી રસ્તામાં પડેલ ઝાડ કાપીને ઝડપથી રસ્તા ખુલ્લા કરવામાં આવેલ છે.

(૧) લીમડા ચોક જે.પી. બીસ્કીટની સામે કેમ્બ્રે કલાસીસ પાસે, રાજમાર્ગ, સુરત ખાતે ઝાડ પડેલ જેમાં ઈજા –જાનહાની થયેલ નથી.

(૨) આસપાસ મંદિર પાસે માન સરોવર સોસા. પાસે, ગોડાદરા ખાતે ઝાડ પડેલ જેમાં ઈજા –જાનહાની થયેલ નથી.

(૩) છગન નરોત્તમની ગલી, કડવા શેરી, ચેવલી ભજીયા ની ગલી, ભાગળ ,સુરત ખાતે ઝાડ પડેલ જેમાં ઈજા –જાનહાની થયેલ નથી.

(૪) કોળી ફળીયા, આકાશ રો –હાઉસ પાસે,પાંડેસરા ગામ, પાંડેસરા, સુરત ખાતે ઝાડ પડેલ જેમાં ઈજા –જાનહાની થયેલ નથી.

(૫) ૨૬ વિમલ નગર સોસાયટી, અજંલી હાઈટ રોડ, શ્રધ્ધા રો – હાઉસની સામે, મીરાબાઈ ગાર્ડની બાજુમાં, જહાગીરપુરા ખાતે ઝાડ પડેલ જેમાં ઈજા જાનહાની થયેલ નથી.

જાહેર જનતાને વિનમ્ર વિનંતી છે કે, રોડ ઉપર પડેલ ઝાડને જાતે હટાવવાનાં પ્રયાસ ન કરે જેનાંથી ઈજા થવાની સંભાવના રહે છે. આવા કેસમાં તાકીદે ફાયર કંટ્રોલરૂમનો સંપર્ક કરવો.

સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ અથવા ગાર્ડન વિભાગનો સંપર્ક કરયેથી તાકીદે આવા ઝાડ હટાવી નિકાલ કરવામાં આવશે

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં.......૧૮૭...**
**તા.૧૨ / ૦૬ / ૨૦૧૯**

-:: પ્રેસનોટ ::-

માન.કમિશનરશ્રીનાં આદેશનુસાર તથા માન.ડેપ્યુટી કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારનાં જે તે ઝોનમાં આવેલ જે તે મિલ્કતોના ટેરેસ લેવલે થયેલ ડોમ પ્રકારના બિનઅધિકૃત બાંધકામ તા.૧૨/૦૬/૨૦૧૯નાં રોજ દુર કરવામાં આવેલ છે. જે અંગેની ઝોન વાઈઝ વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | ઝોન | બિલ્ડીંગ/શેડની સંખ્યા | ડોમ પ્રકારના બાંધકામનું અંદાજીત ક્ષેત્રફળ (ચો.ફુટ) |
|---|---|---|---|
| ૧ | સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન | ૫ | ૪,૬૦૦ |
| ૨ | વેસ્ટ (રાંદેર) ઝોન | ૩ | ૫,૧૦૦ |
| ૩ | નોર્થ (કતારગામ) ઝોન | ૪ | ૧૩,૩૦૦ |
| ૪ | ઇસ્ટ (વરાછા) ઝોન-એ | ૩ | ૨,૨૦૦ |
| ૫ | ઇસ્ટ (વરાછા) ઝોન-બી | ૨ | ૫,૦૦૦ |
| ૬ | સાઉથ-ઇસ્ટ (લિંબાયત) ઝોન | ૫ | ૪,૨૩૦ |
| ૭ | સાઉથ (ઉધના) ઝોન | ૩ | ૧૪,૪૦૦ |
| ૮ | સેન્ટ્રલ ઝોન | ૧ | ૩૦૦ |
| | કુલ | ૨૬ | ૪૯,૧૩૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.: ૧૮૯
તા.૧૨/૦૬/૨૦૧૯

# પ્રેસ નોટ

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ દ્વારા સ્થાપિત AIC SURATi iLAB (સુરત આઈડિયા અને ઈનોવેશન લેબ) અંતર્ગત રાયકા સર્કલ, ઉધના ખાતે આધુનિક સુવિધા ધરાવતા સ્ટાર્ટઅપ અને ઈન્ક્યુબેશન સેન્ટરનું લોકાર્પણ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તા.૩૦–૦૧–૨૦૧૯ ના રોજ કરવામાં આવ્યુ હતું. સદર સેન્ટર કાર્યરત થયેથી વિવિધ ઈવેન્ટ અને વર્કશોપનું આયોજન કરવામાં આવે છે.

AIC SURATi iLAB સેન્ટરમાં તા.૧૩/૦૬/૨૦૧૯ ના રોજ AIC SURATi iLAB સાથે જોડાયેલ પાર્ટનર Spinta Global Accelerator દ્વારા **"Alibaba and his treasure"** નામની ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ. આ ઈવેન્ટમા **"Discover where your treasure is"** એકટીવીટી સેશન કરવામાં આવેલ. સદર ઈવેન્ટમાં સ્ટાર્ટઅપ ગ્રુપ, સ્ટુડન્ટ વિગેરેએ પાર્ટીસીપેન્ટ કરેલ હતું.

**"Alibaba and his treasure"** ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ નવા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવાનો છે. આ સ્ટાર્ટ અપ માટે સુરતી આઈ લેબ એક મેન્ટર તરીકે માર્ગદર્શક બની રહેશે. આ ઈવેન્ટમાં કુલ ૪૦ જેટલાં પાર્ટીસીપેન્ટએ ભાગ લીધો હતો જેમા ૦૩ જેટલા સ્ટાર્ટઅપ ગ્રુપ તેમજ સ્ટુડેન્ટસ્ હતા. સદર ઈવેન્ટમાં પાર્ટીસીપેન્ટને સ્ટાર્ટઅપ આગળ લઈ જવા માટે વિવિધ એક્સપર્ટ દ્વારા જરૂરી માહિતી પુરી પાડવામાં આવેલ હતી. આ ઈવેન્ટમાં ટ્રેઝર હન્ટની રમતમા ઈવેન્ટમા આવેલ લોકોએ ઉત્સાહપૂર્વક પાર્ટીસીપેટ કર્યુ હતુ. કુલ ૪ ટીમ બનાવવામા આવી હતી અને તેમાથી એક ટીમ વિજેતા બની હતી.

AIC SURATi iLAB સેન્ટરમાં આગામી સમયમાં તા.૧૮/૦૬/૨૦૧૯ ના રોજ **"Traits of a successful Leader"** અને તા.૨૦/૦૬/૨૦૧૯ ના રોજ **"What's the Question"** જેવી સ્ટાર્ટઅપને લગતી ઈવેન્ટ અને વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે. ઈવેન્ટને લગતી તમામ માહિતી અમારી વેબસાઈટ **''www.suratiilab.org''** પર મુકવામાં આવેલ છે. સ્ટાર્ટઅપને લગતી ઈવેન્ટ અને વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છતાં તમામને આમંત્રણ આપવામાં આવે છે અને તેઓ ઉપરોક્ત વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૯૦
તા.૧૩/૦૬/૨૦૧૯

## :: પ્રેસનોટ ::

## ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી''

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી'' નિમિત્તે વિવિધ ઝોનમાં યોજાનાર યોગ અંગેની તાલીમ.**

સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં આમેજ કરી પ્રતિવર્ષ ૨૧મી જુનને ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'' તરીકે ઉજવવાનું જાહેર કરાતાં વિશ્વભરમાં ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરમાં પણ વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ ખાતે યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર અને દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે માટે યોજાયેલા આ ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ, શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ, મંડળો, વિવિધ રમત ગમત એસોસિએશનોએ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહરે સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનએ વ્યવસ્થા કરેલ છે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં યોગ પ્રશિક્ષકો દ્વારા યોગના મહત્વ અંગેની માહિતી સાથે નીચે મુજબની તારીખ, સમય અને જણાવેલ સ્થળોએ યોગ પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| ક્રમ | તારીખ | સમય સવારે | ઝોન | યોગ તાલીમનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૧૮/૬/૧૯ | ૮.૦૦ | લિંબાયત | ડૉ.બાબાસાહેબ આંબેડકર હોલ, માનદરવાજા, સુરત. |
| ૨ | ૧૮/૬/૧૯ | ૯.૦૦ | કતારગામ | મલ્ટી પર્પઝ હોલ, પહેલો માળ, સીંગણપોર, વાળીનાથ ચોકથી સીંગણપોર રોડ, પ્રમુખ વિદ્યાલયની બાજુમાં, સીંગણપોર, કતારગામ, સુરત. |
| ૩ | ૧૮/૬/૧૯ | ૭.૦૦ | રાંદેર | દિવાળીબાગ કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવરની સામે, રાંદેર રોડ, સુરત. |
| ૪ | ૧૬/૬/૧૯ | ૭.૦૦ | અઠવા | ઉમરા કોમ્યુનિટી હોલ, એસ.કે.નગરની પાસે નવી પાસપોર્ટ કચેરી નજીક,ઉમરા,સુરત |
| ૫ | ૧૯/૬/૧૯ | ૭.૦૦ | અઠવા | અલથાણ ભટાર કોમ્યુનિટી હોલ, સોહમ સર્કલ પાસે, અલથાણ ગામ, સુરત. |
| ૬ | ૧૮/૬/૧૯ | ૮.૦૦ | વરાછા–એ | ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી કોમ્યુનિટી હોલ, આઈમાતા સર્કલ પાસે, મગોબ, ડુંભાલ, સુરત |
| ૭ | ૧૮/૬/૧૯ | ૮.૦૦ | વરાછા–બી | સરથાણા કોમ્યુનિટી હોલ, શ્રધ્ધા સોસા.ની સામે, નાનાવરાછા, સુરત. |
| ૮ | ૧૯/૬/૧૯ | ૮.૩૦ | ઉધના | ખટોદરા કોમ્યુનિટી હોલ, ખટોદરા, હેલ્થ સેન્ટરની સામે, ખટોદરા, ઉધના, સુરત. |
| ૯ | ૧૮/૬/૧૯ | ૭.૦૦ | સેન્ટ્રલ | રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, ૨/૫૮૯, આશાપુરી માતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત |

૨૧મી જૂન ૨૦૧૯ના રોજ પ્રભાતે ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની માહિતી સાથે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૮૦૦થી વધુ સ્થળોએ યોજાનાર યોગ કાર્યક્રમમાં સવારે ૬.૩૦ કલાકે સૌ નગરજનોએ સ્વૈચ્છિક રીતે પોતાને નજીકના યોગ કાર્યક્રમ સ્થળે પહોંચી નામની નોંધણી કરાવી યોગ કાર્યક્રમમાં જોડાવાનું રહેશે. યોગ પ્રશિક્ષકના નિદર્શન સાથે તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, પાદપશ્ચિમોત્તાનાસન, શશકાસન, ભદ્રાસન, શવાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ સાથે યોગ નિદર્શનો કરાવવામાં આવશે. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભામરી જેવા પ્રાણાયામ બાદ છેલ્લે ધ્યાનની અનુભુતિ સાથે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. તમામ નગરજનોએ રજીસ્ટ્રેશન કરાવી, આપવામાં આવી રહેલી માહિતી સાથે યોગની તાલીમ મેળવી ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'' ઉજવણીમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

સમાચારયાદી નં. ૧૯૧ , તા.૧૫/૦૬/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# **<u>પ્રેસનોટ</u>**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૭, નોંધ નં.૧૨૪૩ પૈકી વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૫/૦૬/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે આશરે ૨૫૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ તથા છઠ્ઠા માળે નંગ–૧૬ કોલમ દુર કર્યા.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૯૨
તા.૧૫/૦૬/૨૦૧૯

## :: પ્રેસનોટ ::

## "વિશ્વ યોગ દિવસ"

## યોગ એ માત્ર અભ્યાસ જ નથી એક જીવનશૈલી પણ છે...

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૯ના રોજ વિવિધ ઝોનમાં "વિશ્વ યોગ દિવસ" ઉજવણી

સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં આમેજ કરી પ્રતિવર્ષ ૨૧મી જુનને "વિશ્વ યોગ દિવસ" તરીકે ઉજવવાનું જાહેર કરાતાં ભારત સરકાર અને રાજય સરકાર દ્વારા ૨૧મી જુન ૨૦૧૯ના રોજ પાંચમાં 'વિશ્વ યોગ દિવસ'ની રાષ્ટ્ર વ્યાપી ઉજવણી થઈ રહી છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૯ના રોજ વિશ્વ યોગ દિવસ ઉજવણી કાર્યક્રમનું આયોજન તમામ ઝોનમાં કરવામાં આવેલ છે. સુરત શહેરમાં પણ વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ ઉપર યોગ નિદર્શન કાર્યક્રમ યોજાશે. ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર અને દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે માટે યોજાયેલા આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહરે સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનએ વ્યવસ્થા કરેલ છે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં આર્ટ ઓફ લિવિંગ સંસ્થા, પતંજલિ યોગ સમિતિ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુમન સ્કુલના, ખાનગી સ્કુલના શિક્ષકો તથા યોગ વિદ્યાના જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેઈનરો દ્વારા યોગના મહત્વ અંગેની માહિતી સાથે તા.૧૬/૦૬/૨૦૧૯ થી તા.૧૮/૦૬/૨૦૧૯ દરમ્યાન ઉમરા કોમ્યુનિટી હોલ–અઠવા ઝોન, રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ–સેન્ટ્રલ ઝોન, ડૉ.બાબા સાહેબ આંબેડકર હોલ–લિંબાયત ઝોન, દિવાળીબાગ કોમ્યુનિટિ હોલ–રાંદેર ઝોન, મલ્ટી પર્પઝ હોલ–કતારગામ ઝોન, ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી કોમ્યુનિટી હોલ–વરાછા–એ ઝોન, સરથાણા કોમ્યુનિટી હોલ–વરાછા–બી ઝોન ખાતે તથા શહેરના વિવિધ વિસ્તારોમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુમન હાઈસ્કુલ અને ખાનગી સ્કુલોના શિક્ષકો, પતંજલિ યોગ સમિતિ, આર્ટ ઓફ લિવિંગ, બ્રહ્માકુમારીઝ તથા યોગ વિદ્યાની જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેઈનરો દ્વારા યોગ પ્રશિક્ષણમાં મોટી સંખ્યામાં યોગ ઉત્સુક નગરજનો તથા વિદ્યાર્થીઓએ યોગની તાલીમ મેળવી હતી. તા.૧૯/૦૬/૨૦૧૯ના રોજ ખટોદરા કોમ્યુનિટી હોલ–ઉધના ઝોન અને અલથાણ ભટાર કોમ્યુનિટી હોલ–અઠવા ઝોન યોગ પ્રશિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં મોટી સંખ્યામાં યોગ ઉત્સુક નગરજનોને તાલીમ મેળવી લેવા અનુરોધ છે.

૨૧મી જૂન ૨૦૧૯ની સુવર્ણમયી પ્રભાતે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૮૦૦થી વધુ સ્થળોએ આર્ટ ઓફ લિવિંગ સંસ્થા અને પતંજલિ યોગ સમિતિના યોગ પ્રશિક્ષકો, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુમન સ્કુલના, ખાનગી સ્કુલના શિક્ષકો તથા યોગ વિદ્યાના જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેઈનરોના નિદર્શન હેઠળ તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, શશકાસન, ભદ્રાસન, શવાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ અને નિદર્શનો સાથે યોગ કરાવવામાં આવશે. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભામરી જેવા પ્રાણાયામ બાદ છેલ્લે ધ્યાનની અનુભૂતિ સાથે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની માહિતી સાથે "વિશ્વ યોગ દિવસ" ઉજવણીમાં સવારે ૬.૩૦ કલાકે નજીકના અનુકૂળ સ્થળે મોટી સંખ્યામાં સહભાગી થવા નગરજનોને સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

યોગ શિબિરાર્થીઓ માટેની સામાન્ય સૂચનાઓ નીચે મુજબ છે.

(૧) દરેક નાગરિકએ ૬' × ૪' જેટલી મોટી શેતરંજી તથા નેપકીન સાથે લાવવા

(૨) નાગરિકોએ સવારે ખાલી પેટે આવવું.
(૩) દરેક નાગરિકે ખુલ્લો સારો પોશાક પહેરવો આવશયક છે. બરમુંડા, ટુંકી ચડ્ડી વિગેરે પ્રતિકુળ વસ્ત્રો પસંદ ન કરાય તે ઈચ્છનીય.
(૪) મહિલાઓએ સલવાર–કુર્તા ડ્રેસ પહેરવો જેથી યોગાભ્યાસ માટે સાનુકૂળતા રહે.
(૫) શકય હોય તો સફેદ વસ્ત્રો પહેરવાં.
(૬) નાગરિકોએ ૬.૩૦ વાગ્યા પહેલા આવી સ્થાન મેળવી લેવું.
(૭) દરેક નાગરિકે પોતાની મર્યાદા મુજબ જ યોગાભ્યાસ કરવો, જરૂર જણાય તો નિર્દેશક અથવા સ્વયંસેવકોનો સંપર્ક કરવો.
સમાચારયાદી નં. ૧૯૩ , તા. /૦૬/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૯ના રોજ યોજાનાર યોગ કાર્યક્રમ અંગેના સ્થળ અંગેની માહિતી

| ક્રમ | ઝોન | સ્થળ | સરનામું |
|---|---|---|---|
| ૧ | ઉધના | ખટોદરા કોમ્યુનિટી હોલ, | ખટોદરા હેલ્થ સેન્ટરની સામે, ખટોદરા, ઉધના,સુરત. |
| ૨ | | હરિનગર કોમ્યુનિટી હોલ, | શકિત ઈન્ડસ્ટ્રીઝની પાછળ, હરિનગર–૩, ઉધના |
| ૩ | | પાંડેસરા કોમ્યુનિટી હોલ, | પાંડેસરા હાઉસીંગ બોર્ડ, પાણીની ટાંકી પાસે, પાંડેસરા. |
| ૪ | | ભેસ્તાન–એચ–૧૫ કોમ્યુનિટી હોલ | ઈ.ડબલ્યુ.આવાસ, ભેસ્તાન ઈકલેરા રોડ, રેલ્વે ફાટકની આગળ, ભેસ્તાન, સુરત. |
| ૫ | | ઉન–ભેસ્તાન (BRTS)કોમ્યુનિટી હોલ | BRTS વર્કશોપની સામે, જીઆવ રોડ, ભેસ્તાન. |
| ૬ | | ભેસ્તાન કોમ્યુનિટી હોલ, | નગર પ્રા.શા. નં.૨૧ ઉના કેમ્પસમાં, શાકભાજી માર્કેટ પાસે, ભેસ્તાન ગામ, સુરત. |
| ૭ | લિંબાયત | ઉમરવાડા કોમ્યુનિટી હોલ | ઈ.ડબલ્યુ.એસ.પાસે, ઉમરવાડા, સુરત. |
| ૮ | | ડૉ.બાબાસાહેબ આંબેડકર હોલ | માનદરવાજા ફાયર સ્ટેશન પાછળ, રીંગરોડ, સુરત. |
| ૯ | | મંગલ પાંડે કોમ્યુનિટી હોલ | નિલમનગર સોસા.પાછળ, ગોડાદરા, સુરત. |
| ૧૦ | | ઈન્ટરસીટી હોલ | ઈન્ટરસીટી કોમ્પ્લેક્ષ્મની બાજુમાં, પુણા કુંભારીયા રોડ, ઓર્ચીડ ટાવર સામે, સુરત. |
| ૧૧ | | ડીંડોલી પાર્ટી પ્લોટ/કોમ્યુનિટી હોલ | ડીંડોલી તળાવ પાસે, ડીંડોલી, સુરત. |
| ૧૨ | | લિંબાયત ઝોન વહીવટી કચેરી | ડુંભાલ ફાયર સ્ટેશન પાસે, વાટીકા ટાઉન શીપ, સુરત. |
| ૧૩ | | પરવત કોમ્યુનિટી હોલ | પરસોતમનગરની સામે, પરવત–ગોડાદરા રોડ, સુરત. |
| ૧૪ | | સુભાષનગર કોમ્યુનિટી હોલ | સુભાષનગર, સંજય નગર સર્કલ પાસે, લિંબાયત, સુરત. |
| ૧૫ | | ભાઠેના કોમ્યુનિટી હોલ | તારા વિદ્યાલયની સામે, ભાઠેના, સુરત. |
| ૧૬ | અઠવા | અલથાણ કોમ્યુનિટી હોલ (ઉપર–નીચે) | અલથાણ હેલ્થ સેન્ટરની બાજુમાં,ભટાર,સુરત |
| ૧૭ | | ઉમરા કોમ્યુનિટી હોલ (ઉપર) | એસ.કે.નગરની પાસે નવી પાસપોર્ટ કચેરી નજીક,ઉમરા |
| ૧૮ | | અલથાણ ભટાર કોમ્યુનિટી હોલ, | સોહમ સર્કલ પાસે અલથાણગામ સુરત. |
| ૧૯ | | સીનીયર સીટીઝન સેન્ટર | રીલાયન્સ ટાવરની પાછળ, ચાંદની ચોક, પીપલોદ. |
| ૨૦ | | આદર્શ ભવન હોલ, | આદર્શ સોસા., ઝોન ઓફીસની બાજુમાં, અઠવાલાઈન્સ |
| ૨૧ | | મહેશ્વરીભવન(નીચેનો હોલ) | સાયન્સ સેન્ટરની બાજુમાં, સીટીલાઈટ,સુરત. |
| ૨૨ | | સંસ્કાર ભવન | દીનાનાથ આવાસની બાજુમાં,પુનમ નગર, ભટાર રોડ |
| ૨૩ | | કાપડીયા હેલ્થ કલબ | વૈષ્ણોદેવી મંદીરની બાજુમાં, ન્યુ ભટાર રોડ |
| ૨૪ | | શ્રી આનંદ નિવાસ સંત્સગ હોલ | શ્રી આનંદપુર સંત્સગ રોડ, આદર્શ સોસાયટી, અઠવાલાઈન્સ. |
| ૨૫ | | ઉભા ભવન | શિવદર્શન એપાર્ટમેન્ટની સામે, ભટાર રોડ, સુરત. |
| ૨૬ | | રાધાકૃષ્ણ મંદિર ટ્રસ્ટ | શકિતનગર સોસા.પંજાબી બાગ, પાર્લે પોઈંટ, અઠવાલાઈન્સ.સુરત. |
| ૨૭ | કતારગામ | મલ્ટી પર્પઝ હોલ–પહેલો માળ | બેંક ઓફ બરોડાની આગળ, પ્રમુખ વિદ્યાલયની બાજુમાં, સીંગણપોર, કતારગામ, સુરત. |
| ૨૮ | | એચ–૫ કોમ્યુનિટી હોલ–કોસાડ | એચ–૫, ઈડબલ્યુએસ આવાસ, ફાયર સ્ટેશન પાછળ, કોસાડ |
| ૨૯ | | ઉત્રાણ કોમ્યુનિટી હોલ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બાજુમાં, ઉત્રાણ. |
| ૩૦ | સેન્ટ્રલ | સગરામપુરા કોમ્યુનિટી હોલ | હાફેઝી મસ્જીદ સામે, સગરામપુરા, સુરત. |
| ૩૧ | | રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ | ૨/૫૮૯, આશાપુરી માતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત. |
| ૩૨ | | સલાબતપુરા મલ્ટીપર્પઝ હોલ | મોરચા શોપીંગ સેન્ટર, બીજો માળ, સલાબતપુરા, સુરત. |
| ૩૩ | | ગલેમંડી (લકકડકોટ) કોમ્યુનિટી હોલ | સુથાર ફળીયા, સીનેમા રોડ, દિલ્હી ગેટ, સુરત. |
| ૩૪ | | ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન) | ચોકબજાર, સુરત |
| ૩૫ | રાંદેર | દિવાળી બાગ કોમ્યુનિટી હોલ / પાર્ટી પ્લોટ | ઋષભ ટાવરની સામે, રાંદેર રોડ, સુરત. |
| ૩૬ | | સીનીયર સીટીઝન હોલ | ઈશિતા પાર્ક, સંઘવી ટાવરની પાછળ, અડાજણ રોડ સુરત. |
| ૩૭ | | સ્કુલ ચિલ્ડ્રન હોલ / પાર્ટી પ્લોટ | ગંગેશ્વર મંદિરની સામે, અડાજણ, સુરત |
| ૩૮ | | પાલ કોમ્યુનિટી હોલ | એલ.પી.સવાણી સ્કૂલ પાસે, સી.એન.જી.પંપની પાછળ, રામેશ્વરમ રેસીડન્સની બાજુમાં, સુરત. |
| ૩૯ | | જહાંગીરપુરા કોમ્યુનિટી હોલ / પાર્ટી પ્લોટ | ડભોલી બ્રીજ પાસે, મેઈન રોડ, જહાંગીરપુરા, સુરત. |

| | | | |
|---|---|---|---|
| ૪૦ | | ન્યુ એલ.પી.સવાણી ઈન્ટરનેશનલ સ્કુલ | ન્યુ એલ.પી.સવાણી ઈન્ટરનેશનલ સ્કુલ, વ્હાઈટ હાઉસ, પાલ, |
| ૪૧ | | ડો. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ, | રૂષભ ટાવર પાસે, રાંદેર માર્ગ, સુરત |
| ૪૨ | વરાછા–એ | કાપોદ્રા મલ્ટી પર્પઝ હોલ | સાગર સોસાયટી સામે, મરઘા કેન્દ્ર પાસે, કાપોદ્રા, સુરત. |
| ૪૩ | | સરદાર પટેલ સ્મૃતિ ભવન | ભાતની વાડી, મેઘાણી બાગની સામે, મીનીબજાર, વરાછા. |
| ૪૪ | | વરાછા ઝોન ઓફિસ–ભોંયતળિયું | સૈફી સોસા.ની બાજુમાં, પંચવટીવાડી સામે, એલએચ રોડ, |
| ૪૫ | | સરદાર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ | ધરમનગર રોડ, વરાછા, સુરત. |
| ૪૬ | | ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી હોલ | આઈમાતા સર્કલ પાસે, મગોબ, ડુંભાલ, સુરત |
| ૪૭ | | કોમ્યુનિટી હોલ વલ્લભાચાર્ય | વલ્લભાચાર્ય રોડ, વરાછા રોડ, સુરત. |
| ૪૮ | | સ્મીમેર હોસ્પિટલ | ડી–બ્લોકની બાજુમાં આવેલ ગાર્ડનમાં, સ્મીમેર હોસ્પિટલ, ઉમરવાડા, સુરત. |
| ૪૯ | વરાછા–બી | નાના વરાછા કોમ્યુનિટી હોલ | નાના વરાછા ગામતળ, નગર પ્રાથમિક શાળા પાસે, સુરત. |
| ૫૦ | | મોટાવરાછા મલ્ટી પર્પઝ હોલ | ફાયર સ્ટેશન પાસે, સુદામા ચોક, મોટાવરાછા, સુરત. |
| ૫૧ | | સરથાણા કોમ્યુનિટી હોલ | શ્રધ્ધા સોસા.ની સામે, નાનાવરાછા, સુરત. |
| ૫૨ | | યોગીચોક કોમ્યુનિટી હોલ | પાણીની ટાંકી પાસે, સાવલીયા ચોક, પુણા, સુરત. |









# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૨, નોંધ નં.૩૪૦૨,૩૪૦૩, બકરા શેરી, સગરામપુરા વાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરૂધ્ધ કરેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા.૧૯/૦૬/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે આશરે ૧૦૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૭૦,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૫, નોંધ નં.૧૭૭૧, તુરાવા મહોલ્લો વાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરૂધ્ધ કરેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા.૧૯/૦૬/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત ચોથામાં માળે આશરે ૯૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૪૦,૦૦૦/– વહીવટી ચાર્જ (ડીમોલીશન પેટે) વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૧૯૪
તા.૧૯/૦૬/૨૦૧૯

## :: પ્રેસનોટ ::

## ''વિશ્વ યોગ દિવસ''

## યોગ એ માત્ર અભ્યાસ જ નથી એક જીવનશૈલી પણ છે...

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૯ના રોજ વિવિધ ઝોનમાં ''વિશ્વ યોગ દિવસ'' ઉજવણી

ભારત સરકાર અને રાજય સરકાર દ્વારા ૨૧મી જુન ૨૦૧૯ના રોજ પાંચમાં 'વિશ્વ યોગ દિવસ'ની રાષ્ટ્ર વ્યાપી ઉજવણી થઈ રહી છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૯ના રોજ વિશ્વ યોગ દિવસ ઉજવણી કાર્યક્રમનું આયોજન તમામ ઝોનમાં કરવામાં આવેલ છે. સુરત શહેરમાં પણ વિવિધ શૈક્ષણિક, સામાજીક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ ઉપર યોગ નિદર્શન કાર્યક્રમ યોજાશે. ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવાના હેતુસર અને દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે માટે યોજાયેલા આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહરે સ્થળોએ નગરજનોને યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનએ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૨૧મી જૂન ૨૦૧૯ની સુવર્ણમયી સવારે ૬.૩૦ થી સવારે ૭.૦૦ કલાક દરમ્યાન માન.વડાપ્રધાનશ્રીના ઉદ્દબોધનનું સુરત શહેરના પ્રાઈમ યોગ સ્થળોએ લાઈવ પ્રસારણની વ્યવસ્થા કરવામાં આવેલ છે. રાજયના વિવિધ જિલ્લાઓમાં આવેલ પ્રવાસન/ યાત્રાધામ/ ઐતિહાસિક સ્થળોએ યોગ કાર્યક્રમના આયોજન સંદર્ભે સુરત મહાનગરપાલિકા દ્વારા ચોકબજાર કિલ્લો, સાયન્સ સેન્ટર, સ્નેહરશ્મિ બોટાનીકલ ગાર્ડન, તાપી રિવરફ્રંટ ખાતે આયોજન કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, ખુલ્લા મેદાનો મળી ૮૦૦થી વધુ સ્થળોએ આર્ટ ઓફ લિવિંગ સંસ્થા અને પતંજલિ યોગ સમિતિના યોગ પ્રશિક્ષકો, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુમન સ્કુલના, ખાનગી સ્કુલના શિક્ષકો તથા યોગ વિદ્યાના જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેઈનરોના નિદર્શન હેઠળ તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, શશકાસન, ભદ્રાસન, શવાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેના ફાયદાઓની સમજ અને નિદર્શનો સાથે યોગ કરાવવામાં આવશે. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભ્રામરી જેવા પ્રાણાયામ બાદ છેલ્લે ધ્યાનની અનુભૂતિ સાથે પાંચમા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની માહિતી સાથે સવારે ૬.૩૦ કલાકે પ્રસારિત થનાર નિયત રાષ્ટ્રીય કાર્યક્રમો સહિત ''વિશ્વ યોગ દિવસ'' ઉજવણીમાં સહભાગી થવા સવારે ૬.૧૦ કલાકે નજીકના અનુકૂળ સ્થળે ઉપસ્થિત રહેવા નગરજનોને સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

યોગ શિબિરાર્થીઓ માટેની સામાન્ય સૂચનાઓ નીચે મુજબ છે.

(૧) દરેક નાગરિકએ ૬' × ૪' જેટલી મોટી શેતરંજી તથા નેપકીન સાથે લાવવા
(૨) નાગરિકોએ સવારે ખાલી પેટે આવવું.

(૩) દરેક નાગરિકે ખુલ્લો સારો પોશાક પહેરવો આવશ્યક છે. બરમુંડા, ટુંકી ચડ્ડી વિગેરે પ્રતિકુળ વસ્ત્રો પસંદ ન કરાય તે ઈચ્છનીય.

(૪) મહિલાઓએ સલવાર–કુર્તા ડ્રેસ પહેરવો જેથી યોગાભ્યાસ માટે સાનુકૂળતા રહે.

(૫) શકય હોય તો સફેદ વસ્ત્રો પહેરવાં.

(૬) નાગરિકોએ સવારે ૬.૧૦ વાગ્યા પહેલા આવી સ્થાન મેળવી લેવું.

(૭) દરેક નાગરિકે પોતાની મર્યાદા મુજબ જ યોગાભ્યાસ કરવો, જરૂર જણાય તો નિર્દેશક અથવા સ્વયંસેવકોનો સંપર્ક કરવો.

...૨



સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૯ના રોજ યોજાનાર યોગ કાર્યક્રમ અંગેના સ્થળ અંગેની માહિતી

| ક્રમ | ઝોન | સ્થળ | સરનામું |
|---|---|---|---|
| ૧ | ઉધના | ખટોદરા કોમ્યુનિટી હોલ, | ખટોદરા હેલ્થ સેન્ટરની સામે, ખટોદરા, ઉધના,સુરત. |
| ૨ | | હરિનગર કોમ્યુનિટી હોલ, | શકિત ઈન્ડસ્ટ્રીઝની પાછળ, હરિનગર–૩, ઉધના |
| ૩ | | પાંડેસરા કોમ્યુનિટી હોલ, | પાંડેસરા હાઉસીંગ બોર્ડ, પાણીની ટાંકી પાસે, પાંડેસરા. |
| ૪ | | ભેસ્તાન–એચ–૧૫ કોમ્યુનિટી હોલ | ઈ.ડબલ્યુ.આવાસ, ભેસ્તાન ઈકલેરા રોડ, રેલ્વે ફાટક, ભેસ્તાન. |
| ૫ | | ઉન–ભેસ્તાન (BRTS)કોમ્યુનિટી હોલ | BRTS વર્કશોપની સામે, જીઆવ રોડ, ભેસ્તાન. |
| ૬ | | ભેસ્તાન કોમ્યુનિટી હોલ, | ન. પ્રા.શા. નં.૨૧ ઉના કેમ્પસમાં, શાકભાજી માર્કેટ, ભેસ્તાનગામ. |
| ૭ | લિંબાયત | ઉમરવાડા કોમ્યુનિટી હોલ | ઈ.ડબલ્યુ.એસ.પાસે, ઉમરવાડા, સુરત. |
| ૮ | | ડૉ.બાબાસાહેબ આંબેડકર હોલ | માનદરવાજા ફાયર સ્ટેશન પાછળ, રીંગરોડ, સુરત. |
| ૯ | | મંગલ પાંડે કોમ્યુનિટી હોલ | નિલમનગર સોસા.પાછળ, ગોડાદરા, સુરત. |
| ૧૦ | | ઈન્ટરસીટી હોલ | ઈન્ટરસીટી કોમ્પ્લેક્ષની બાજુમાં, ઓર્ચીડ ટાવર પુણા કુંભારીયા રોડ. |
| ૧૧ | | ડીંડોલી પાર્ટી પ્લોટ/કોમ્યુનિટી હોલ | ડીંડોલી તળાવ પાસે, ડીંડોલી, સુરત. |
| ૧૨ | | લિંબાયત ઝોન વહીવટી કચેરી | ડુંભાલ ફાયર સ્ટેશન પાસે, વાટીકા ટાઉન શીપ, સુરત. |
| ૧૩ | | પરવત કોમ્યુનિટી હોલ | પરસોતમનગરની સામે, પરવત–ગોડાદરા રોડ, સુરત. |
| ૧૪ | | સુભાષનગર કોમ્યુનિટી હોલ | સુભાષનગર, સંજય નગર સર્કલ પાસે, લિંબાયત, સુરત. |
| ૧૫ | | ભાઠેના કોમ્યુનિટી હોલ | તારા વિદ્યાલયની સામે, ભાઠેના, સુરત. |
| ૧૬ | અઠવા | અલથાણ કોમ્યુનિટી હોલ (ઉપર–નીચે) | અલથાણ હેલ્થ સેન્ટરની બાજુમાં,ભટાર,સુરત |
| ૧૭ | | ઉમરા કોમ્યુનિટી હોલ (ઉપર) | એસ.કે.નગરની પાસે નવી પાસપોર્ટ કચેરી નજીક,ઉમરા |
| ૧૮ | | અલથાણ ભટાર કોમ્યુનિટી હોલ, | સોહમ સર્કલ પાસે અલથાણગામ સુરત. |
| ૧૯ | | સીનીયર સીટીઝન સેન્ટર | રીલાયન્સ ટાવરની પાછળ, ચાંદની ચોક, પીપલોદ. |
| ૨૦ | | સાયન્સ સેન્ટર | સીટી લાઈટ, સુરત. |
| ૨૧ | | આદર્શ ભવન હોલ, | આદર્શ સોસા., ઝોન ઓફીસની બાજુમાં, અઠવાલાઈન્સ |
| ૨૨ | | મહેશ્વરીભવન(નીચેનો હોલ) | સાયન્સ સેન્ટરની બાજુમાં, સીટીલાઈટ,સુરત. |
| ૨૩ | | સંસ્કાર ભવન | દીનાનાથ આવાસની બાજુમાં,પુનમ નગર, ભટાર રોડ |
| ૨૪ | | કાપડીયા હેલ્થ કલબ | વૈષ્ણોદેવી મંદીરની બાજુમાં, ન્યુ ભટાર રોડ |
| ૨૫ | | શ્રી આનંદ નિવાસ સંત્સગ હોલ | શ્રી આનંદપુર સંત્સગ રોડ, આદર્શ સોસાયટી, અઠવાલાઈન્સ. |
| ૨૬ | | ઉભા ભવન | શિવદર્શન એપાર્ટમેન્ટની સામે, ભટાર રોડ, સુરત. |
| ૨૭ | | રાધાકૃષ્ણ મંદિર ટ્રસ્ટ | શકિતનગર સોસા.પંજાબી બાગ, પાર્લે પોઈંટ, અઠવાલાઈન્સ.સુરત. |
| ૨૮ | કતારગામ | મલ્ટી પર્પઝ હોલ–પહેલો માળ | બેંક ઓફ બરોડાની આગળ, સીંગણપોર, કતારગામ, સુરત. |
| ૨૯ | | એચ–૫ કોમ્યુનિટી હોલ–કોસાડ | એચ–૫, ઈડબલ્યુએસ આવાસ, ફાયર સ્ટેશન પાછળ, કોસાડ |
| ૩૦ | | ઉત્રાણ કોમ્યુનિટી હોલ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બાજુમાં, ઉત્રાણ. |
| ૩૧ | સેન્ટ્રલ | સગરામપુરા કોમ્યુનિટી હોલ | હાફેઝી મસ્જીદ સામે, સગરામપુરા, સુરત. |
| ૩૨ | | રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ | ૨/૫૮૯, આશાપુરી માતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત. |
| ૩૩ | | સલાબતપુરા મલ્ટીપર્પઝ હોલ | મોરચા શોપીંગ સેન્ટર, બીજો માળ, સલાબતપુરા, સુરત. |
| ૩૪ | | લકકડકોટ કોમ્યુનિટી હોલ | સુથાર ફળીયા, સીનેમા રોડ, દિલ્હી ગેટ, સુરત. |
| ૩૫ | | ચોકબજાર કિલ્લો | ચોકબજાર, સુરત. |
| ૩૬ | | ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન) | ચોકબજાર, સુરત |
| ૩૭ | રાંદેર | દિવાળી બાગ કોમ્યુનિટી હોલ / પાર્ટી પ્લોટ | ઋષભ ટાવરની સામે, રાંદેર રોડ, સુરત. |
| ૩૮ | | સીનીયર સીટીઝન હોલ | ઈશિતા પાર્ક, સંઘવી ટાવરની પાછળ, અડાજણ રોડ સુરત. |
| ૩૯ | | સ્કુલ ચિલ્ડ્રન હોલ / પાર્ટી પ્લોટ | ગંગેશ્વર મંદિરની સામે, અડાજણ, સુરત |
| ૪૦ | | પાલ કોમ્યુનિટી હોલ | એલ.પી.સવાણી સ્કૂલ પાસે, સી.એન.જી.પંપની પાછળ, પાલ. |
| ૪૧ | | જહાંગીરપુરા કોમ્યુનિટી હોલ / પાર્ટી પ્લોટ | ડભોલી બ્રીજ પાસે, મેઈન રોડ, જહાંગીરપુરા, સુરત. |
| ૪૨ | | સ્નેહરશ્મિ બોટાનીકલ ગાર્ડન | રાંદેર, મોરાભાગળ, સુરત. |

| | | | |
|---|---|---|---|
| ૪૩ | | તાપી રીવરફ્રંટ | અડાજણ, સુરત. |
| ૪૪ | | ન્યુ એલ.પી.સવાણી ઈન્ટરનેશનલ સ્કુલ | ન્યુ એલ.પી.સવાણી ઈન્ટરનેશનલ સ્કુલ, વ્હાઈટ હાઉસ, પાલ, |
| ૪૫ | | ડો. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ, | રૂષભ ટાવર પાસે, રાંદેર રોડ, સુરત |
| ૪૬ | વરાછા–એ | કાપોદ્રા મલ્ટી પર્પઝ હોલ | સાગર સોસાયટી સામે, મરઘા કેન્દ્ર પાસે, કાપોદ્રા, સુરત. |
| ૪૭ | | સરદાર પટેલ સ્મૃતિ ભવન–ભોંયતળિયું | ભાતની વાડી, મેઘાણી બાગની સામે, મીનીબજાર, વરાછા. |
| ૪૮ | | વરાછા ઝોન ઓફિસ–ભોંયતળિયું | સૈફી સોસા.ની બાજુમાં, પંચવટીવાડી સામે, એલએચ રોડ, |
| ૪૯ | | સરદાર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ (ક્રાંતિ મેદાન) | ધરમનગર રોડ, વરાછા, સુરત. |
| ૫૦ | | ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી હોલ | આઈમાતા સર્કલ પાસે, મગોબ, ડુંભાલ, સુરત |
| ૫૧ | | કોમ્યુનિટી હોલ વલ્લભાચાર્ય | વલ્લભાચાર્ય રોડ, વરાછા રોડ, સુરત. |
| ૫૨ | | સ્મીમેર હોસ્પિટલ | ડી–બ્લોકની બાજુના ગાર્ડનમાં, સ્મીમેર હોસ્પિટલ, ઉમરવાડા. |
| ૫૩ | વરાછા–બી | નાના વરાછા કોમ્યુનિટી હોલ | નાના વરાછા ગામતળ, નગર પ્રાથમિક શાળા પાસે, સુરત. |
| ૫૪ | | મોટાવરાછા મલ્ટી પર્પઝ હોલ | ફાયર સ્ટેશન પાસે, સુદામા ચોક, મોટાવરાછા, સુરત. |
| ૫૫ | | સરથાણા કોમ્યુનિટી હોલ | શ્રધ્ધા સોસા.ની સામે, નાનાવરાછા, સુરત. |
| ૫૬ | | યોગીચોક કોમ્યુનિટી હોલ | પાણીની ટાંકી પાસે, સાવલીયા ચોક, પુણા, સુરત. |

**સમાચારયાદી નં.૧૯૬, તા.૧૯/૦૬/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**

# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## **ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૪, નોંધ નં.૧૨૪૦, ઓરેન્જ હાઉસ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા ગેરકાયદેસર બાંધકામ કરેલ પતરાના શેડ અત્રેથી તા.૨૦/૦૬/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત બીજા માળે આશરે ૪૦૦ ચો.ફુટ પતરાનાં શેડ દુર કરી રૂા.૧૫,૦૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલ લીધેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૯૭
તા.૨૦/૦૬/૨૦૧૯

## :: પ્રેસનોટ ::

### "સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૭મી અને પાંચમી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૭મી અને પાંચમી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૪૬ વર્ષથી નાટ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. પ્રતિ વર્ષ યોજાતી આ સ્પર્ધા ચાલુ વર્ષે સુરત મહાનગરપાલિકાની ૪૭મી અને પાંચમી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનું આયોજન આગામી સપ્ટેમ્બર–ઓકટોબર ૨૦૧૯ દરમ્યાન કરવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત ૪૭મી અને પાંચમી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત(ફોન નં.૨૪૨૩૭૫૦ થી ૫૬–EXT : 245) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ પ્રેસનોટ, પ્રવેશ પત્ર, નિયમો અંગેની માહિતી મળી શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે ₹૩,૦૦૦/–ની ડીપોઝીટની રકમ તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી અને સોફ્ટ કોપી (સીડી), પ્રવેશ ફોર્મ સાથે તા.૦૬/૦૭/૨૦૧૯ને શનિવારના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં આપવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

સમાચારયાદી નં.૧૯૯, તા.૨૦/૦૬/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

"વિશ્વ યોગ દિવસ ઉજવણી"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૬/૨૦૧૯ના રોજ પાંચમાં "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણી

યોગ એ માત્ર અભ્યાસ જ નથી એક જીવનશૈલી પણ છે...

ભારતના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અડગ વ્યકિતત્વને વિશ્વની મહોર સમાન વિશ્વ સમુદાયને "વિશ્વ યોગ દિવસ" તરીકે અપનાવવા સંયુકત રાષ્ટ્ર સંઘ સમક્ષ કરેલ અપીલને સંયુકત રાષ્ટ્ર સંઘએ યોગ સુખી જીવન જવવા માટેનું સંપૂર્ણ વિજ્ઞાન તરીકે સ્વીકૃતિ આપી ૨૧ જૂનને "વિશ્વ યોગ દિવસ" તરીકે જાહેર કરતાં સને ૨૦૧૫ના વર્ષથી 'વિશ્વ યોગ દિવસ' ઉજવણી કરવામાં આવી રહી છે. તા.૨૧/૦૬/૨૦૧૯ના રોજ પાંચમાં "વિશ્વ યોગ દિવસ"ની દેશ અને દુનિયામાં દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.

ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ધરોહર સમા યોગને જયારે સમગ્ર વિશ્વએ સ્વીકારી છે ત્યારે ૨૧મી જૂનની સુવર્ણમયી પ્રભાતે રાંચીના પ્રભાત તારા મેદાન ખાતે "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણીનું નેતૃત્વ કરતા માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ઉદબોધનના લાઈવ પ્રસારણમાં પાંચમાં "વિશ્વ યોગ દિવસ"ને "યોગ ફોર હાર્ટ કેર" હૃદયની સંભાળ માટેની થીમ પર ઉજવણી કરવાના સંદેશને જનજન સુધી પહોંચાડવા સંકલ્પબધ્ધ થયા હતા. વ્યકિતના શારીરિક– માનસિક તંદુરસ્તીને ચુસ્ત અને સ્ફૂર્તિ પ્રદાન કરતી યોગ સાધનાથી હૃદયરોગની બિમારીઓ પણ દૂર થાય છે. સમગ્ર દેશ અને વિશ્વ માટે આકર્ષણરૂપ ઉજવણી અને અદભૂત–નયનરમ્ય વાતાવરણમાં ૨૧મી જૂન ૨૦૧૯ના રોજ સવારથી જ સૌ નગરજનો સ્વૈચ્છિક રીતે પોતાને અનુકૂળ અને સફેદ વસ્ત્રોમાં સજજ થઈ પોતાના રહેઠાણ નજીકના યોગ કાર્યક્રમ સ્થળે પહોંચી નામ રજીસ્ટ્રેશન કરાવી, સાથે લાવેલ શેતરંજી, બ્લેન્કેટ, સાદડી કે આસન પાથરી યોગ સાધનામાં સામેલ થયા હતા. યોગ પ્રશિક્ષકના નિદર્શન સાથે સવારે ૭.૦૦ કલાકથી શરૂ થયેલ યોગમાં હળવી કસરતથી શરૂ કરી સૂર્યનમસ્કાર કર્યા હતા. તાડાસન, વૃક્ષાસન, અર્ધ ચક્રાસન, અર્ધ ઉષ્ટ્રાસન, સલભાસન, ભુજંગાસન, ત્રિકોણાસન, પાદપશ્ચિમોત્તાનાસન, સશકાસન, મકરાસન, ભદ્રાસન, પવનમુકતાસન જેવા વિવિધ સરળ આસનોની સાચી રીત અને તેનાથી થતા લાભની માહિતી સાથે યોગાસનો કર્યા હતા. કપાલભાતી, અનુલોમ વિલોમ, ભસ્ત્રિકા અને ભ્રામરી પ્રાણાયામ કરાવી છેલ્લે શવાસન સાથે ધ્યાનની અનુભુતિ કરાવવામાં આવતાં સૌ કોઈ ઊર્જા–શકિતનો એહસાસ કરતા હતા. "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણીએ શારીરિક, માનસિક અને વૈચારીક તંદુરસ્તી પ્રદાન કરતી યોગ વિદ્યાને દૈનિક જીવનમાં સામેલ કરી જીવનને ઉત્તમોત્તમ બનાવવા લોકોએ સંકલ્પ કર્યો હતો.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧મી જૂન ૨૦૧૯ના રોજ ભારતના ઐતિહાસિક પ્રદાન સમા માનવ જીવનમાં યોગના મહત્વ અંગેની સમજ સાથે શહેરના ચોકબજાર કિલ્લો, સાયન્સ સેન્ટર, તાપી રીવર ફ્રંટ, સ્નેહરશ્મિ બોટનીકલ ગાર્ડન જેવા પ્રવાસન / ઐતિહાસિક સ્થળો જેવા આઈકોનીક સ્થળોએ નિયત રાષ્ટ્રીય કાર્યક્રમોના લાઈવ પ્રસારણ સહિત યોગ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સુરત મહાનગરપાલિકાના તમામ કોમ્યુનિટી હોલ, ઓડિટોરીયમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, સરકારી તથા ખાનગી શાળા–કોલેજો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, મંદિરના પટાંગણ, ખાનગી હોલ, ખાનગી સંસ્થા, શાળા–કોલેજોના મેદાનો, સમાજની વાડી, બાગ–બગીચા, પાર્ટીપ્લોટ, સ્વિમીંગ પુલ, સોસાયટી કેમ્પસ અને ટેરેસ, ખુલ્લા મેદાનો મળી ૧૦૧૧ થી વધુ સ્થળોએ યોજાયેલા યોગ કાર્યક્રમમાં પુરૂષો–૩,૮૩,૫૯૩, મહિલાઓ–૨,૩૮,૬૯૪ મળી કુલ–૬,૨૨,૨૮૭ તથા સુરત મહાનગરપાલિકા સંચાલિત ન.પ્રા.શાળા અને સુમન શાળાઓના કુલ–૭૨,૧૧૫થી વધુ વિદ્યાર્થીઓએ વિશ્વ યોગ દિવસે યૌગિક ક્રિયાઓ કરી, યોગના મહાત્મ્યને અપનાવી સ્વીકાર્યુ હતું. સુરત મહાનગરપાલિકાએ યોગ કાર્યક્રમ બાદ પર્યાવરણ જાળવણી જાગૃતિ માટે શિબિરાર્થીઓને નિઃશુલ્ક છોડ–રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

ભારતીય યોગની લોકપ્રિયતા ઉજાગર કરવા તથા દેશભરમાં આ દિવસે યોગ વિદ્યાની સંસ્કૃતિ જનજન જાણે તે હેતુસર યોજાયેલા આ ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે શહેરના ગાર્ડન, વોક–વે, જેવા વિવિધ જાહેર સ્થળોએ નગરજનોને માહિતગાર કરી યોગમાં જોડાવા ઉત્સુક નગરજનોના રજીસ્ટ્રેશન માટે તમામ ઝોનમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. શહેરની વિવિધ યોગ સંસ્થાઓના યોગાભ્યાસુઓએ તરણકુંડ ખાતે પાણીમાં યોગના વિવિધ આસનો, સૂર્યનમસ્કાર સાથે હ્યુમન પિરામીડ બનાવી, રીધમ પર યોગ કરી, તથા શાળાઓના વિદ્યાર્થીઓએ યોગ દર્શાવતી માનવકૃતિઓ બનાવી "સ્વસ્થ ભારત"ના નિમાર્ણ માટે યોગ પર્વમાં સામેલ થવા લોકોને જાગૃત કર્યા હતા. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુમન હાઈસ્કુલ અને ખાનગી સ્કુલોના શિક્ષકો, પતંજલિ યોગ સમિતિ, આર્ટ ઓફ લિવિંગ, બ્રહ્મકુમારીઝ તથા યોગ વિદ્યાની જાણકારી ધરાવતાં વિવિધ સંસ્થાઓના માસ્ટર ટ્રેઈનરો દ્વારા દરેક ઝોનમાં યોગ પ્રશિક્ષણમાં મોટી સંખ્યામાં યોગ ઉત્સુક નગરજનો તથા વિદ્યાર્થીઓએ યોગની તાલીમ મેળવી યોગ નિદર્શનમાં સહભાગી થયા હતા. શહેરના દરેક નગરજનો આ કાર્યક્રમથી માહિતગાર બની યોગ કાર્યક્રમમાં જોડાય તે માટે ૧૪ જગ્યાઓએ હોર્ડિંગ્સ અને ૨૦૦ જેટલી જગ્યાએ બેનરો લગાડવામાં આવ્યા હતા. સુરત મહાનગરપાલિકાએ તમામ નગરજનોને રજીસ્ટ્રેશન કરાવી, આપવામાં આવી રહેલી માહિતી સાથે યોગની તાલીમ લઈ યોગ દિવસ ઉજવણીમાં સહભાગી થવા અપીલ કરતાં સૌ નગરજનો ઉમગભેર સામુહિક યોગ નિદર્શનમાં જોડાયા હતા.

સુરત મહાનગરપાલિકા દ્વારા યોગના તમામ સ્થળોએ સાઉન્ડ સીસ્ટમ, લાઈટ–પંખા, પીવાના પાણી જેવી તમામ આનુષાંગિક સુવિધાઓ, ખાસ મેડીકલ ઓફિસર સાથેની મેડીકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ જનજન સુધી પહોંચે માટે વિવિધ વર્તમાનપત્રોમાં કાર્યક્રમના સ્થળ સાથેની પ્રેસનોટ આપવામાં આવી હતી.

ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં આમેજ આ "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણી પ્રસંગે ડૉ.જગદીશ પટેલ, ધારાસભ્યશ્રીઓ, ડે.મેયરશ્રી નિરવભાઈ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, મ્યુનિ.કમિશનરશ્રી એમ.થેન્નારસન,આઈ.એ.એસ., શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, શહેરના વિવિધ કલબો–મંડળો, સીનીયર સીટીઝન, રમતગમતના એસોસીએશનો, શહેરમાં આવેલી વિવિધ યોગ સંસ્થાઓએ સુરત મહાનગરપાલિકાને સારો સહકાર પૂરો પાડતાં હજારો લોકોએ ઉત્સાહભેર વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લઈ આ યશસ્વી ઘટનાના સાક્ષી બન્યાની ધન્યતા અનુભવતા હતા. ઉપરાંત તંદુરસ્ત આનંદમય જીવન જીવવા યોગનું મહત્વ સ્વીકારી તેને જીવન શૈલીનો એક ભાગ બનાવી અન્ય લોકોને પણ નિરોગી તંદુરસ્ત જીવન જીવવા યોગ માટે પ્રેરિત કરવા તથા શાંતિ, સ્વાસ્થય, સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીના સંકલ્પ સાથે શહેરના હજારો યોગપ્રેમી નગરજનોએ ઉત્સાહભેર સામુહિક યોગાસન, સાધારણ કસરત પ્રાણાયામ જેવી યોગક્રિયામાં જોડાઈને વિશ્વના પાંચમાં 'વિશ્વ યોગ દિવસ'ની સફળ અને ઐતિહાસિક ઉજવણીમાં ગૌરવભેર ભાગ લીધો હતો.


સમાચારયાદી નં.૧૯૯ તા.૨૧/૦૬/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.















# પ્રેસનોટ

## સુરત મહાનગર પાલિકા નાં વેસ્ટઝોન ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે તેમજ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અને જૂન માસ " મેલેરીયા વિરોધી માસ" કાર્યક્રમ અંતર્ગત આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :–

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા વેસ્ટઝોન (રાંદેર)ના ડે.કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અને જૂન માસ "મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત સુરતને મેલેરીયા મુકત કરવા મચ્છર ઉત્પતિ અને મેલેરીયા, ડેંગ્યુ અને ચીકુનગુનિયા રોગ અટકાયત અંગે જાગૃતિ આવે તે માટે વેસ્ટઝોન (રાંદેર) કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ બાંધકામો તેમજ ખુલ્લા પ્લોટોમાં પ્રિમોન્સુનની કામગીરી દરમ્યાન આપવામાં આવેલ નોટીસ આપ્યા બાદ કામગીરી ન કરતાં નીચે જણાવેલ ઈસમો પાસેથી વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે.

અડાજણ યુનિટ વિસ્તારમાં આવેલ બાંધકામમાંથી રૂા.૮૦૦૦/– (ઈસમ–૦૨), અને ખુલ્લા પ્લોટ માંથી રૂા.૧૭૫૦૦/– (ઈસમ–૦૪) વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ. પાલ યુનિટ વિસ્તારમાં બાંધકામમાંથી રૂા.૨૦૦૦/– (ઈસમ–૦૧) અને કોર્મશીયલ ટાઈમ સ્કવેર માંથી રૂા.૫૦૦૦/– તેમજ પરપલ સલૂન માંથી રૂા.૧૦૦૦/– (ઈસમ–૦૨) વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ. પાલનપુર યુનિટ વિસ્તારમાં આવેલ ખુલ્લા પ્લોટમાંથી રૂા.૨૦૦૦/– (ઈસમ–૦૨) વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ. પાલણપોરગામ વિસ્તારમાં આવેલ બાંધકામમાંથી રૂા.૩૦૦૦/– (ઈસમ–૦૧) વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ. તેમજ રાંદેર યુનિટના હદ વિસ્તારમાં આવેલ બાંધકામ માંથી રૂા.૩૦૦૦/– (ઈસમ–૦૧) અને ખુલ્લા પ્લોટ માંથી રૂા.૫૦૦૦/– (ઈસમ–૦૧) વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ. એમ મળી કુલ–૪૭૦૦૦/– (ઈસમ–૧૪) સામે વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ અને જે તે વિસ્તારમાં રહેઠાણોમાં મચ્છરની ઉત્પતિ થઈ શકે તેવી ખામી જણાતાં ઈસમો સામે કુલ–૧૧૪ નોટીસ આપવામાં આવેલ.

વેસ્ટઝોન (રાંદેર) ખાતે આવેલ સોસાયટીના કુલ–૧૨ પ્રમુખશ્રીને મળી મચ્છરજન્ય રોગો વિશે અને તેના જીવનચક્રની IEC ધ્વારા માહિતી આપવામાં આવી. તેમજ વેસ્ટઝોન (રાંદેર) ખાતે આવેલ પાલનપુર વિસ્તારની ન.પ્રા.શાળા નં.૨૧૮ ના વિધાર્થી તેમજ શિક્ષકશ્રીઓ સાથે મળી મેલેરીયા, ડેંગ્યુ અને ચિકનગુયિન રોગો વિશેની જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવેલ. તેમજ પાલનપુર અને પાલણપોરગામ વિસ્તારની ન.પ્રા.શાળા નં.૮૪, ન.પ્રા.શાળા નં.૩૧૮ તેમજ નવસર્જન શાળા ગુજરાતી/હિન્દી માં વિધાર્થી અને શિક્ષકગણને મેલેરીયા, ડેંગ્યુ અને ચિકનગુયિન રોગો વિશે એમ કુલ–૫૧૨ વિધાર્થીઓને લાઈવ ડેમોસ્ટ્રેશન કરી સમજણ આપવામાં આવેલ.

આથી તમામ બાંધકામ, ખાનગી ખુલ્લાં પ્લોટ, બંધઘર, કોર્મશીયલ ધારકોને વિસ્તારમાં જણાવવાનું કે તમારી માલિકી / ભોગવટા / કબ્જા હેઠળ આવેલ મિલકતોમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી ઝોન ખાતેના વી.બી.ડી.સી. વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા જે– તે બાંધકામ, ખાનગી ખુલ્લાં પ્લોટ, બંધઘર, કોર્મશીયલ માં સુરત મહાનગરપાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બદલ વહીવટી વસૂલાત ખર્ચ વસૂલવા ઉપરાંત કબ્જા હેઠળ રાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર સેવા સદન તરફથી
સાદર સમાચાર યાદી નં.૨૦૦
તા. ૨૧/૦૬/૨૦૧૯

# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા રાહત દરે પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે . જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઈ રહેલ છે. હાલમાં બી.આરટી.એસ. ના કુલ ૧૨ રૂટ મળીને આશરે દૈનિક ૧૦૦,૦૦૦ થી વધુ પેસેન્જબરો તેમજ સીટીબસ ના કુલ ૩૫ રૂટ ઉપર આશરે દૈનિક ૧ ,૧૦,૦૦૦ પેસેન્જંરો મળી કુલ ૨ ,૧૦,૦૦૦ જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઈ રહેલ છે

જાહેર પરિવહન સેવાનો શહેરીજનો દ્વારા હાલમાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહેલ છે જેને ધ્યાનમાં લઈ સુરત મહાનગરપાલિકા દ્વારા નવા સીટીબસ રૂટ નં .૨૦૭ મક્કાઈ પુલ થી ગંગાનગર ઉગત તા.૨૪/૦૬/૨૦૧૯ નાં રોજ શરૂ કરવામાં આવેનાર છે . આ રૂટ મક્કાઈ પુલ થી ગંગાનગર ઉગત વાયા અડાજણ પાટીયા, જીલાની કોમ્પ્પલેક્ષ અડાજણ, પીપરડીવાળા શાળા, રામનગર, મોરાભાગળ, સુભાષ ગાર્ડન થઈ ગંગાનગર ઉગત સુધીના વિસ્તારને આવરી લેવામાં આવશે . આ રૂટ શરૂ કરવાથી ગંગાનગર ઉગત માં રહેતા રહેવાસીઓ તેમજ નોકરિયાત તથા ધંધાદારી લોકોને મોરાભાગળ, રામનગર, અને અડાજણ પાટીયા વિસ્તારની બસ સેવાની ડાયરેક્ટ કનેક્ટિવિટી મળશે. આ રૂટમાં કુલ ૬ બસ મુકવામાં આવનાર છે અને પીકઅવર્સમાં દર બાર (૧૨) મીનીટે બસ સેવા પ્રાપ્ત થશે.

તેમજ નવા સીટીબસ રૂટ નં . ૭૦૬ ઈસ્કોન સર્કલ , જહાંગીરપુરા થી VNSG યુનિવર્સીટી તા . ૨૪/૦૬/૨૦૧૯ નાં રોજ શરૂ કરવામાં આવેનાર છે. આ રૂટ ઈસ્કોન સર્કલ, જહાંગીરપુરા થી VNSG યુનિવર્સીટી વાયા મોરાભાગળ, પાલનપુર હાઉસીંગ બોર્ડ, આનંદ મહેલ રોડ, ગુજરાત ગેસ સર્કલ, સરદાર બ્રીજ, અઠવાગેટ, પાર્લેપોઈન્ટ, સીટીલાઈટ રોડ, અનુવર્તદ્વાર થઈVNSG યુનિવર્સીટી સુધીનાવિસ્તારને આવરી લેવામાં આવશે આ રૂટ શરૂ કરવાથી જહાંગીરપુરા, અડાજણ વિસ્તારમાં રહેતા રહેવાસીઓ અઠવાગેટ વિસ્તારમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓ તથા VNSG યુનિવર્સીટીની બસ સેવાની કનેક્ટિવિટી મળશે . આ રૂટમાં કુલ ૧૧ બસ મુકવામાં આવનાર છે અને પીકઅવર્સમાં દર દસ (૧૦) મીનીટે બસ સેવા પ્રાપ્ત થશે

હાલમાં કાર્યરત રૂટ નં . ૨૦૯ જે ચોક ટર્મિનલ થી ડીંડોલી ગામ સુધી કાર્યરત છે , આ રૂટને તા . ૨૪/૦૬/૨૦૧૯ નાં રોજ થી કતારગામ ઈન્ડેસ્ટ્રીયલ થી ડીંડોલી વાયા વેડરોડ, હોડીબંગલા, SMC મેઈન ઓફીસ, ચોક ટર્મિનલ, ન્યુ ખ્વાજાદાના રોડ, નવસારી બજાર, ઉધના દરવાજા, ભાઠેના થઈ ડીંડોલી સુધી લંબાવવામાં આવેલ છે આ રૂટ લંબાવવાથી મુખ્યત્વે કતારગામ ઈન્ડાસ્ટ્રીયલ માં કામ કરતા કારીગરોને ચોક બજાર,ઉધના દરવાજા અને ડીંડોલી સુધીની સેવાની કનેક્ટિવિટી મળશે. આ રૂટમાં કુલ ૧૩ બસ મુકવામાં આવનાર છે અને પીકઅવર્સમાં દર દસ (૧૦) મીનીટે બસ સેવા પ્રાપ્ત થશે

આ રૂટ તા. ૨૪/૦૬/૨૦૧૯ નાં રોજથી નવા સીટીબસ રૂટ નં.૨૦૭ મક્કાઈ પુલ થી ગંગાનગર અને રૂટ નં. ૭૦૬ ઈસ્કોન સર્કલ, જહાંગીરપુરા થી VNSG યુનિવર્સીટી શરૂ કરવામાં આવશે તેમજ રૂટ નં . ૨૦૯ જે ચોક ટર્મિનલ થી ડીંડોલી ગામ સુધી કાર્યરત છે, આ રૂટને કતારગામ ઈન્ડશસ્ટ્રીયલથી ડીંડોલી સુધી લંબાવવામાં આવેલ છે જે જાહેર જનતાને સદરહુ રૂટની બસ સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૦૧
તા. ૨૧/૦૬/૨૦૧૯

202

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૧/૦૬/૧૯ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૬(પીપલોદ)ફા.પ્લોટ નં.૧૩૦ માં આવેલ રાધિકા ટાવરના નામે ઓળખાતી ગ્રા.ફલોર(પાર્કિંગ+દુકાનો)+દસ માળ વાળી મિલ્કતના દરેક માળે બીમ–કોલમ–સ્લેબ, દાદર, બાલ્કની તેમજ છજજા વાળા ભાગમાં  તિરાડ પડી, પ્લાસ્ટર ઉખડી

ગયેલ તેમજ  સળિયાં ખુલ્લાં થઈ કટાઈ ગયેલ અને કોન્ક્રીટ છુટુ પડી ગયેલ તેમજ ઈંટ ચણતરની દિવાલોમાં  તિરાડો પડી ગયેલ. જેથી સદર મિલ્કતનો કોઈ પણ ભાગ પડવાથી ગંભીર અકસ્માત થવાનો સંભવ હોય,જેને કારણે આસપાસનાં ઘરો તેમજ આજુબાજુ વસવાટ કરનાર તથા તે રસ્તે આવતા–જતા લોકોને ગંભીર ઈજા/નુકશાન પહોંચે એવી શકયતાને ધ્યાને લઈ અત્રેથી સદર માલિક/મિલ્કતદારો શ્રીને ધી બી.પી.એમ.સી.એકટ–૧૯૪૯ ની કલમ–૨૬૪ તથા ૨૬૮ હેઠળ મિલ્કત ખાલી કરી ઉતારી પાડવા સહિતની નોટીસ આપવામાં આવેલ.ત્યારબાદ મિલ્કતદારોએ સદર નોટીસનો અમલ ન કરતા અત્રેથી વારંવાર મૌખિક તથા લેખિત પત્રો દ્વારા સદર નોટીસનો અમલ કરવા જાણ કરવામાં આવેલ. તેમ છતાં મિલ્કતદારો દ્વારા સદર નોટીસનો અમલ ન કરતા તેમજ આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઈ જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ આજરોજ તા.૨૧/૦૬/૧૯ થી સદરહુ મિલ્કતમાં સમાવિષ્ટ લોઅર ગ્રાઉન્ડ ફ્લોર તથા અપર ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ ૧૫ દુકાનો તેમજ હાઈરાઈઝ રેસીડેન્સીયલ બિલ્ડીંગમાં આવેલ ૫૪ ફ્લેટના કોમર્શીયલ/રહેણાંક વસવાટ ખાલી કરાવી પાણી તથા ઈલેકટ્રીસીટીના કનેકશનો દૂર કરી સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ડે.કમિશનરશ્રીની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા ટેકનીકલ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ    સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,    સમાચાર યાદી નં.૨૦૨
તા.૨૧/૦૬/૨૦૧૯

203

## :: પ્રેસનોટ ::

### પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત
### " શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"

**વિષય : પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ   લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"**

પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત **"શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"**નું આયોજન તા.૦૩/૦૭/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે "સીંગણપોર તરણકુંડ", મ્યુનિ.કોમ્યુનિટી હોલની પાછળ, ન્યુ ત્રિવેણી સોસાયટીની સામે, સીંગણપોર રોડ, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ બાળતરણ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારના ૯ થી ૧૩ વર્ષની વયના બાળ તરણવીરો(છોકરા–છોકરીઓ) ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, સુરત

**મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી તા.૦૧/૦૭/૨૦૧૯ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો અથવા સ્કુલ બોનાફાઈડ સર્ટીફિકેટ, ડોકટરનું ફીટનેસ સર્ટીફિકેટ તથા વાલીની લેખિત સંમતિ સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ** www.suratmunicipal.gov.in/information/news **પરથી પણ સ્પર્ધાના પ્રવેશ ફોર્મ, નિયમો અંગેની માહિતી મળી શકશે.**

**સમાચાર યાદી નં.૨૦૩, તા.૨૪/૦૬/૨૦૧૯,જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**

204

**:: પ્રેસનોટ ::**

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૧, નોંધ નં.૩૮૯૫/અ+ક, સાગર રેસ્ટોરન્ટ પાસે, ચોકબજાર વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૪/૦૬/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા

માળે આશરે ૭૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ તથા માર્જીનવાળો ભાગ દુર કરી રૂા.૫૦,૦૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલ લીધેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૦૪
તા.૨૪/૦૬/૨૦૧૯

205

# પ્રેસનોટ

**સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગ દ્વારા ઝોન વિસ્તારમાં "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" જેવા મચ્છર જન્ય રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી બાંધકામ ચકાસણી ઝુંબેશમાં ક્ષતિઓ મળી આવતાં ૧૭ જેટલી નોટીસો આપી કુલઃ–૦૯ બાંધકામમાં ૫૫,૪૦૦/–(પંચાવન હજાર હજાર ચારસો રૂપિયા)વસુલ લેવમાં આવેલ વહીવટી ખર્ચ બાબતની અખબારી યાદી :**

હાલમાં ચોમાસાની ૠતુને ધ્યાને રાખી સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન માં વી.બી.ડી.સી વિભાગ ધ્વારા તાઃ–૨૫/૦૬/૧૯ નાં રોજ બાંધકામ ચકાસણી ઝુંબેશ હાથ ધરવામાં આવેલ સદર ઝુંબેશ દરમ્યાન ભરથાણા યુનિટ વિસ્તારમાં આવેલ સંગીની વેદાંતા, ગ્રીન વેલી, કેપીટલ ગ્રીન, સંગીની એરાઈઝ, એલાઈટ, રાજહંસ ગ્રાન્ડેઝા, કેશવ હાઈટસ, અનુગ્રહ એવન્યુ, રાહંસ જીયોની બાંધકામ, અઠવા

વિસ્તારમાં આવેલ પદમાવતી એસોસયેટ, તેમજ ભટાર વિસ્તારમાં આવેલ બાંધકામ, વિગેરે બાંધકામો માથી ક્ષતિઓ મળી આવતાં **કુલઃ–૦૯ જેટલા બાંધકામોમાં કુલઃ–૫૫,૪૦૦/– (પંચાવન હજાર ચાર સો રૂા.) વહીવટી ખર્ચ પેટે** વસુલ લેવામાં આવેલ તેમજ **૧૭ જેટલા બાંધકામોમાં નોટીસ** આપવામાં આવેલ છે..

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ઘરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૨૦૫

તા. ૨૫/૦૬/૨૦૧૯

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૧, નોંધ નં.૮૪/અ,૮૪/બ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૫/૦૬/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત ગ્રા.ફલોર પર બનાવેલ દુકાનોનાં શટર નંગ–૦૩ દુર કરી રૂ.૨૫૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલ લીધેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૦૬
તા.૨૫/૦૬/૨૦૧૯

# <u>પ્રેસ નોટ</u>

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ દ્વારા સ્થાપિત AIC SURATi iLAB (સુરત આઈડિયા અને ઈનોવેશન લેબ) અંતર્ગત રાયકા સર્કલ, ઉધના ખાતે આધુનિક સુવિધા ધરાવતા સ્ટાર્ટઅપ અને ઈન્ક્યુબેશન સેન્ટરનું લોકાર્પણ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તા.૩૦–૦૧–૨૦૧૯ ના રોજ કરવામાં આવ્યુ હતું. સદર સેન્ટર કાર્યરત થયેથી વિવિધ ઈવેન્ટ અને વર્કશોપનું આયોજન કરવામાં આવે છે.

AIC SURATi iLAB સેન્ટરમાં તા.૨૫/૦૬/૨૦૧૯ ના રોજ AIC SURATi iLAB સાથે જોડાયેલ પાર્ટનર Spinta Global Accelerator દ્વારા **"WALK THE TALK"** નામની ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ. આ ઈવેન્ટમાં વકતા તરીકે શ્રી વરૂન કોન્ટ્રાકટર, **DETOX CORPARTION PVT. LTD.** માથી આવ્યા હતા જે દહેજથી ઘોઘા રો–રો ફેરી સર્વિસના કો ફાઉન્ડર છે. તેઓએ જણાવ્યુ હતુ કે રો–રો ફેરીના ઈનોગ્રેશનની જાણ તેમને ૪૮ કલાક પહેલા કરવામા આવી હતી તો તે સમય ગાળાને તેમણે ચેલેન્જ તરીકે ગણીને ઈનોગ્રેશનની પુર્વ તૈયારીઓ સમય સર પુરી કરી હતી. તેઓએ બધાને આ સંદેશ આપ્યો હતો કે જો ધગશ અને ઈચ્છા શકતી હોય તો થોડા સમયમા પણ આપેલુ કામ સારી કવોલીટી સાથે પુરૂ કરી શકાય છે.

**"WALK THE TALK"** ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ નવા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવાનો છે. આ સ્ટાર્ટ અપ માટે સુરતી આઈ લેબ એક મેન્ટર તરીકે માર્ગદર્શક બની રહેશે. આ ઈવેન્ટમાં કુલ ૩૦ જેટલાં પાર્ટીસીપેન્ટએ ભાગ લીધેલો હતો. સદર ઈવેન્ટમાં પાર્ટીસીપેન્ટને સ્ટાર્ટઅપ આગળ લઈ જવા માટે વિવિધ તજજ્ઞો દ્વારા જરૂરી માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

AIC SURATi iLAB સેન્ટરમાં આગામી સમયમાં તા.૨૭/૦૬/૨૦૧૯ ના રોજ "Startup Tambola" વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે. ઈવેન્ટને લગતી તમામ માહિતી અમારી વેબસાઈટ **''www.suratiilab.org''** પર મુકવામાં આવેલ છે. સ્ટાર્ટઅપને લગતી ઈવેન્ટ અને વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છતાં તમામને આમંત્રણ આપવામાં આવે છે અને તેઓ ઉપરોકત વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

સમાચારયાદી નં. ૨૦૮ , તા. ૨૫/૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# પ્રેસ નોટ

## સુરત સ્માર્ટ સીટી–4th Anniversary

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૫ જુન, ૨૦૧૫ ના રોજ સ્માર્ટ સીટી મીશનની યોજના જાહેર કરી ત્યારબાદ આ યોજના અંતર્ગત ભારત દેશના પસંદગી પામેલ કુલ ૧૦૦ શહેરો પૈકી પ્રથમ ચરણના પસંદ કરાયેલ ૨૦ શહેરની યાદીમાં સુરત શહેરનું નામ ચોથા ક્રમે હતુ. સ્માર્ટ સીટીના વિકાસના મુખ્યત્વે કુલ ૪ માળખાકીય સ્તંભ છે. સંસ્થાકીય, ભૌતિક, સામજિક તથા આર્થિક સુવિધાઓ જે શહેરના નાગરિકો સાથેના સંપર્ક/પરામર્શના પાયા પર અવલંબે છે. સ્માર્ટ સીટી મિશન અંતર્ગત આ તમામ નાગરિક સુવિધાઓને અદ્યતન તકનીકી માધ્યમથી સરળ, ઝડપી અને પારદર્શી બનાવીને નાગરિકોનું જીવન ધોરણ ઉચું લાવીને તેમજ સ્માર્ટ સીટીના અમલીકરણથી આવનારી તકોનો લાભ લઈ શહેરની વધુ આર્થિક ઉન્નતિ કરીને નોકરીની નવી તકો ઉભી કરીને શહેરોનો સર્વાંગી વિકાસ સાંધવાની એક પહેલ છે.

આજરોજ સ્માર્ટ સીટી યોજનાની 4th Anniversary અન્વયે શ્રી હરદીપસીંઘ પુરી, રાજય કક્ષાનાં મંત્રી (સ્વતંત્ર હવાલો) , મિનિસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા ભારત સરકારની સ્કીમો જેવી કે PMAY, AMRUT અને SMART CITY MISSION અંગે પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી હતી. સદર કોન્ફરન્સમાં આ સ્કીમોમાં થયેલ કામગીરી વિશે જાણકારી આપવામાં આવી હતી. આ સ્કીમોમાં થયેલ કામગીરી બદલ તમામ સ્ટેટ ગર્વમેન્ટ, મ્યુ.કોર્પોરેશન અને સ્માર્ટ સીટી ને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને આગામી કામગીરીને આગળ ધપાવવા પહેલ કરી, કામગીરીને રેકોર્ડ સમયમાં પૂર્ણ કરવાનું ધ્યેય રાખવા જણાવ્યુ હતું.

તેઓ દ્વારા જે મ્યુ.કોર્પોરેશન દ્વારા બોન્ડ બહાર પાડવામાં આવ્યા છે તેની સરાહના કરવામાં આવી હતી. જેમાં સુરત મહાનગરપાલિકા પણ અગ્રેસર છે.

વધુમાં જણાવવામાં આવ્યુ હતું કે આવાસ યોજનો લાભ લેનાર લાભાર્થીઓએ RERA રજીસ્ટર્ડ પ્રોપર્ટીમાં રજીસ્ટર્ડ કરાવવા અનુરોધ કરેલ છે. જેનાથી લાભાર્થીને ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય. અમૃત યોજના હેઠળ વોટર સપ્લાય, ડ્રેનેજ અને સ્ટોર્મ વોટરનાં મેનેજમેન્ટ દ્વારા દેશભરમાં ૨૨ કરોડ લોકોને ફાયદો થયેલ છે તેમજ દરેક ઘર સુધી પીવાનું પાણી પુરું પાડવા જલ શકિત મંત્રાલયની સ્થાપના કરવામાં આવેલ હોવાનું તેઓશ્રીએ તેમના વ્યકત્વ્યમાં જણાવેલ હતું.

સુરત શહેર માટે સ્માર્ટ સીટી અંતર્ગત એરીયા ડેવલપમેન્ટ, ઈકોનોમીક ડેવલપમેન્ટ, રીનેવેબલ એનર્જી, એનવાઈરનમેન્ટ ડેવલપમેન્ટ, હેરીટેજ રીસ્ટોરેશન, એફોરડેબલ હાઉસીંગ, આઈટી કનેકટીવીટી અને ડિજીટલાઝેશન, નોન–મોટોરાઈઝડ ટ્રાન્સપોર્ટ, સીવરેજ, સોલીડ–વેસ્ટ મેનેજમેન્ટ, સ્ટ્રામ–વોટર મેનેજમેન્ટ, અરબન ટ્રાન્સપોર્ટ, વોટર સપ્લાય સેકટર અંતગર્ત કુલ રૂા.૨૯૬૮.૩૦ કરોડના સબ કમ્પોનન્ટ સહિત ૭૫ પ્રોજેકટનો થનાર છે. જે પૈકી રૂા.૧૦૦૦ કરોડ સ્માર્ટ સીટી મિશન અંતર્ગત શહેર સુરતને મળનાર છે. જે અંતર્ગત રૂા. ૫૦૦ કરોડની કેન્દ્રીય સહાય પૈકી આજદિન સુધી રૂા. ૩૯૨.૦૦ કરોડ અત્રે ફાળવવામાં આવેલ છે. તેમજ PPP ધોરણે અંદાજીત રૂા.૭૪૬.૧૧ કરોડ તેમજ સુરત મહાનગરપાલિકાના સ્વભંડોળ સિવાય, કેન્દ્ર સરકારશ્રી તથા રાજય સરકારશ્રીના વિવિધ સ્કીમો હેઠળના સમન્વયથી થનાર ખર્ચ રૂા.૭૩૧.૭૪ કરોડની રકમનો પણ સમાવેશ થયેલ છે. તથા કેન્દ્ર સરકાર ની AMRUT યોજના અંતર્ગત રૂા. ૧૧૪.૮૧ કરોડના ૩ પ્રોજેકટ તેમજ PMAY યોજના અંતર્ગત રૂા.૨૪૯.૦૫ કરોડના ૮ પ્રોજેકટ થનાર છે. જે કુલ ૫ (પાંચ)વર્ષના સમયગાળામાં અમલીકરણ કરવાનું આયોજન છે.

24x7 water supply scheme under smart city area - 21 Lakhs Ltr ESR & 69 Lakhs Ltr UGSR at Anjana in Limbayat area - જે અંતર્ગત ઓવરહેડ તથા અન્ડરગ્રાઉન્ડ ટાંકીઓનુ કામ પૂર્ણ થયેલ છે.

વધુમાં અંદાજીત રૂા.૧૭૬૭.૯૪ કરોડના કુલ ૨૨ પ્રોજેકટસ્ કાર્યરત/પ્રગતિ હેઠળ છે જેમાં ખાસ કરીને (૧) અતિ આધુનીક Surat IT-MAC (Integrated Transport-Mobility Admin Center) જેવું COMMAND AND CONTROL CENTRE (૨) Non Motorised transport અંતર્ગત Public Bike Sharing (૩) શહેરના ટ્રાફિક સિગ્નલને અતિ આધુનીક બનાવતા Integrated Traffic Control System & Area Surveillance Network નોપ્રોજેકટ (૪) 24x7 water supply scheme under smart city area with Smart water meter પ્રોજેકટ દ્વારા વરાછા અને લિંબાયત વિસ્તારના ABD area ના નાગરિકોને ટુક સમયમાં ૨૪ કલાક પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવનાર છે. (૫) Smart Road અંતર્ગત Anuvrat Dwar canel Road અને Visible Improvement in area (Smart Road) along with Water Recharging through Storm water drainage system (૬) Remodelling & Restructuring of existing creek to create open spaces with smart features પ્રોજકેટ દ્વારા પર્યાવરણને શુધ્ધ કરવા તેમજ નાગરીકોને પરિવહન માટે નવી સુવિધા ઉપલબ્ધ થનાર છે. (૭) ઘરવિહોણા નાગરીકોને મકાનની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે PMAY યોજના અંતર્ગત Affordable Housing અને PPP અંતર્ગત હયાત ટેનામેન્ટનું રિડેવલપમેન્ટ (૮) ભૂગર્ભ જળનો સંચય કરવા માટે French Well જેવા પ્રોજેકટોનો સમાવેશ થાય છે. તેમજ અંદાજીત રૂા.૯૮.૭૩ કરોડના કુલ ૦૩ પ્રોજેકટસ ટેન્ડર સ્કુટિની હેઠળ , અંદાજીત રૂા.૮૨.૩૨ કરોડના કુલ ૦૨ પ્રોજેકટ માટે ટેન્ડર બહાર પાડેલ છે. અંદાજીત રૂા.૧૭.૪૬ કરોડનો ૦૧ પ્રોજેકટસ્ ટેન્ડર લેવલે છે.

સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સુરત સ્માર્ટ સીટી SPV ને ભારત સરકારશ્રી તરફથી ગ્રાંટ પેટે રૂા.૨૯૧.૭૫ કરોડ, ગુજરાત સરકારશ્રી તરફથી રૂા.૧૪૬.૦૦ કરોડ મળેલ છે. ગત નાંણાકીય વર્ષના અંત સુધી અમૃત, PPP, PMAY, સ્વર્ણિમ વિગેરે સહિત કુલ ખર્ચ રૂા.૧૨૫૩.૩૩ કરોડ થયેલ છે. તે અન્ય સ્માર્ટ સીટીથી થયેલ ખર્ચ કરતા સર્વાધિક છે. અને રૂા.૧૦૦૦.૦૦ કરોડથી વધુ ખર્ચ કરનાર સુરત એકમાત્ર સ્માર્ટ સીટી છે. વધુમાં વર્ષ ૨૦૧૯–૨૦ માં સ્માર્ટ સીટી પ્રોજેકટસ અંતર્ગત અંદાજીત કુલ રૂા.૭૫૫.૨૩ કરોડનો નાણાકીય ખર્ચ થનાર છે.

***

Surat Smart City Video: https://www.youtube.com/watch?v=5nXyUKFxHMs








SURAT MUNICIPAL CORPORATION
SMART CITY CENTRE
Smart City
Smart City


ENTRY
અંદર





સમાચારયાદી નં. ૨૦૯ , તા.   /૦૭/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# પ્રેસનોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) ધ્વારા આજરોજ (તા.૨૬/૦૬/૨૦૧૯) શહેરની જુદી –જુદી રસ્તા/રીઝર્વેશન માં નડતરરૂપ ગેરકાયદે વસવાટ કરતાં માલધારીઓને તબેલાની જગ્યાની ફાળવણી કરી સ્થાળાંતર કરવા માટે આયોજન કરેલ ગુજરાત હાઉસિંગ બોર્ડની જગ્યામાં સ્થાનિક માલધારીઓ ધ્વારા આશરે ૨૨(બાવીસ) જેટલા તબેલાં બનાવી ગેરકાયદેસર દબાણ કરેલ હોવાનું ધ્યાને આવતાં સદર તમામ ગેરકાયદેસર તબેલાં તોડી પાડી આશરે ૧૫૦૦૦.૦૦ ચો.મી. જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. સદર જગ્યા ખુલ્લી થતાં સુરત મહાનગર પાલિકા ધ્વારા ફાળવણી કરેલ માલધારીઓનાં તબેલાં ની જગ્યાની ફાળવણી રસ્તો મોકળો થયેલ છે.

વધુમાં નોર્થઝોન(કતારગામ) ધ્વારા ટી.પી.સ્કીમ નં. ૨૬(સિંગણપોર), ફા.પ્લોટ નં. ૯ માં આવેલ સર્જન એવન્યુમાં ઓર્ગેનાઈઝર ધ્વારા મંજુર પ્લાન વિરૂધ્ધ પાર્કિગમાં બનેલ આશરે પાંચ દુકાનનું ૫૦.૦૦ચો.મી. અંશતઃ બાંધકામ ધ્યાને આવતા તેને તાત્કાલિક અસરથી તોડી પાડી પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ છે.

સદર કામગીરી ઝોનલ ચીફ અને કાર્યપાલક ઈજનેરશ્રી નાં સીધા માર્ગદર્શન હેઠળ નોર્થઝોન(કતારગામ), શહેરી વિકાસ સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ ધ્વારા પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૨૧૦
તા. ૨૬–૦૬–૨૦૧૯

# <u>પ્રે સ નો ટ</u>

સવિનય, ડેપ્યુ.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના અને સીધા માર્ગદર્શન હેઠળ તા.૨૬/૦૬/૨૦૧૯ના રોજ સુરત શહેર વિસ્તારમાં આવેલ શાળા / કોલેજોમાં આવેલ કુલ–૩૮ કેન્ટીનોની અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયે લાયસન્સ ન ધરાવતી નીચે જણાવેલ કુલ–૦૬ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે તથા કુલ–૭ સંસ્થાઓમાં આરોગ્યલક્ષી ખામીઓ જણાતાં નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનુ નામ | સરનામુ | વિગત |
|---|---|---|---|
| ૧. | પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ | પુના કેનાલ રોડ, સીમાડા પોલીસ ચેક, સુરત | બંધ કરાવેલ છે. |
| ૨. | ઉધના એકેડમી એજયુકેટીંગ ટ્રસ્ટ | ઉધનામેઈન રોડ, સુરત | બંધ કરાવેલ છે. |
| ૩. | શ્રી ગુરૂકૃપા સ્કુલ | મીરા નગરની પાછળ, ઉધનાગામ, સુરત | બંધ કરાવેલ છે. |
| ૪. | મહાવીર વિધ્યામંદિર | પ્રમુખ પાર્ક સોસાયટી, ભેદવાડ, સુરત. | બંધ કરાવેલ છે. |
| ૫. | ટી એન્ડ ટી વી હાઈસ્કુલ | નાનપુરા, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૬. | સ્મીમેર કોલેજ કેન્ટીન(સ્મીમેર કેમ્પસ) | સહારા દરજાવા, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૭. | સરદાર ભવન (શાળા ભવન) | એસવીએનઆઈટી, ઉમરા, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૮. | મધર ટેરેસા ભવન | એસવીએનઆઈટી, ઉમરા, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૯. | નિધીષા હોસ્પીટાલીટી સર્વિસીસ | વીએનએસજીયુ, યુનિવર્સીટી રોડ, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૦. | શ્રી હરી હોસ્પીટાલીટી સર્વિસીસ | ગજેરા ગ્લોબલ સ્કુલ, પાલ, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૧. | હરી ઓમ કેન્ટીન | રયાન ઈન્ટરનેશનલ સ્કુલ, ગોરાટ, રાંદેર, સુરત | નોટીસ આપેલ છે. |
| ૧૨. | શ્રીમતી વી.ડી.દેસાઈ બાલમંદિર કેન્ટીન | અડાજણ રોડ, સુરત. | બંધ કરાવેલ છે. |
| ૧૩. | સંસ્કાર ભારતી વિધ્યાલય(કેન્ટીન) | પાલનપુર પાટિયા, સુરત. | બંધ કરાવેલ છે. |

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૨૧૧**
**તા. ૨૬–૦૬–૨૦૧૯**

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૧, નોંધ નં.૧૩૭/અ/ર વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૬/૦૬/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત ગ્રા.ફલોરના સ્લેબમાં માર્જીનવાળા ભાગમાં કરેલ બાંધકામમાં આશરે ૧૧૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં શટરીંગ તથા કોલમ નંગ–૦૬ દુર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૧૨
તા.૨૬/૦૬/૨૦૧૯

## –:: પ્રેસનોટ ::–

સુરત ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ ધ્વારા સુરત શહેરમાં આવેલ હોટલ /રેસ્ટોરન્ટમાં જાહેર ને આ અગાઉ ફાયર વિભાગ ધ્વારા સર્વે કરવામાં આવતા અપુરતી ફાયર સેફટી સીસ્ટમ હોય /પુરતા સેફટીનાં સાધનો ઉપલબ્ધ ન હોય જેથી ફાયર સુવિધા કરાવી લેવા નોટીશ આપવામાં આવેલ તેમછતાં હોટલનાં સંચાલકશ્રી ધ્વારા ફાયર સુવિધા ઉભી ન કરાવવામાં આવતા મા. મ્યુ. કમિશ્નરશ્રી અને મા.ડે.મ્યુ. કમિશ્નરશ્રીની સુચના અન્વયે તા.૨૭/૦૬/૨૦૧૯નાં રોજ નીચે મુજબની હોટલ /રેસ્ટોરન્ટને સીલ કરવામાં આવેલ.

- રીત રસ હોટલ, અડાજણ,સુરત
- સીટીઝન હોટલ, ગુલામબાબા મીલ કમ્પાઉન્ડ, રેલ્વે સ્ટેશનની સામે,સુરત
- હોટલ ઓસ્ટ્રીયા, મેઘાણી ટાવર, સિનેમારોડ, દિલ્હીગેટ,સુરત
- સરદારજી કા ઢાબા, જવાહરસીગ, સંતસીગ ખુરાના, ૮૩ –અ/ શોપ નં.૩ સુડા આવાસ, રિલાયન્સ ફ્રેશ પાસે, વેસુ,સુરત
- શ્રી મહાલક્ષ્મી રેસ્ટોરન્સ, ઓટોરામ મોતીલાલ ચોધરી, ૮૩ –અ/ શોપ નં.૧થી ૨, સુડા આવાસ, રિલાયન્સ ફ્રેશ પાસે, વેસુ,સુરત

- આ સિવાય કુલ–૩૭ ઈમારતોને ચેક કરવામાં આવેલ છે જે પૈકી અપુરતી ફાયર સેફટી સીસ્ટમ હોય તેવી તમામ એટલે કે કુલ–૩૭ ઈમારતોને નોટીશ આપવામાં આવેલ છે.
- તા.૨૬/૦૬/૨૦૧૯નાં રોજ રાત્રે ૧૧–૨૫ કલાકે કડોદરા પલસાણા હાઈવે, હરિઓમ હોટલની પાસે, કુલ–૦૪ ટ્રક (જીજે–૧૬ એકસ–૮૦૯૦, ડીએન–૦૯–૯૨૮૬, એમએચ–૪૬–એએ–૪૮૦૧, જીજે–૧૬–એવી–૬૦૫૧) વચ્ચે અકસ્માત થતા ટ્રકમાં –૦૨ માણસો ફસાયેલ હતા તે પૈકી એકને રાહતદારી બહાર કાઢેલ અને એકને ફાયર વિભાગનાં સ્ટાફે બહાર કાઢી ૧૦૮ ધ્વારા હોસ્પિટલમાં રવાના કરેલ.

ઉપરોકત કાર્યવાહી જાહેર સલામતીને ધ્યાને લઈ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...૨૬૩...............
તા.૨૭/૦૬/૨૦૧૯